કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર મ. રાવળ • આદ્યતંત્રી • સ્વ. બચુભાઇ રાવત
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
વર્ષ ૬૪મું • સપ્ટેમ્બર ૧૯૯૧
તંત્રી • ધીરુ પરીખ
સંપાદક • બિહારીલાલ ટાંક




રાત્રિ અને પાતાળ કે પ્રેતલોકના દેવ જગુઆરના વેષમાં એક 'માયા' પુરોહિતની માટીની પ્રતિમા. મોટા ગોળ કાન, તૂટેલા દાંતવાળી મોંફાડ અને ઢાલ આ દેવની લાક્ષણિકતા છે. 'માયા' પુરોહિતો જે દેવનું પ્રતિનિધિત્વ કરતા હોય તે દેવનો વેષ ધારણ કરતા.



કોઇ ભદ્ર 'માયા' પુરુષની માટીની એક રંગીન પ્રતિમા. યુકતાન પાસેના જૈના ટાપુઓમાંની પહાડી કબરોમાંથી આવી હજારો પ્રતિમાઓ મળી આવી છે. આગળ પડતું લાંબું નાક એ 'માયા' લોકોની આગવી લાક્ષણિકતા હતી.

સળંગ
૭૬૪
મો અંક





પંદરસો વર્ષ પૂર્વે મધ્ય અમેરિકામાં 'માયા' નામે એક મહાન સામ્રાજ્ય વિકસ્યું હતું. અમેરિકાની ઇન્ડિયન જાતિઓમાં અહીંના લોકો ખૂબ જ ઊંચી સંસ્કૃતિ ધરાવતા હતા. સ્થાપત્ય અને શોભનભર્યાં માટીકામના તેઓ કુશળ કારીગરો હતા (જુઓ પૂઠા પરની બે કૃતિઓ). મુખ્યત્વે મકાઈની ખેતી અને આસપાસના પ્રદેશો સાથે વેપાર કરતા. કૂતરા રાખતા પણ પશુપાલનનો ખ્યાલ નહોતો. ધાતુના હથિયારો કે એવાં સાધનો બનાવવાનું એમને જ્ઞાન નહોતું, પરંતુ બહારથી આણેલા સોનારૂપાના અલંકારો તેઓ બનાવતાં. એમના ધર્માધિકારીઓને ખગોળ અને ગણિતનું બહુ ઊંડું જ્ઞાન હતું. બહુ ચોક્કસ એવાં પંચાગો એમણે બનાવેલાં અને જ્યોતિષી તરીકે સમગ્ર પ્રજા પર એમનું ઘણું વર્ચસ્વ હતું. પરમેશ્વર ઊંચે આકાશમાં રહે છે તેમ માની આ લોકો પિરામિડ જેવાં ઊંચાં મંદિરો બનાવતા જેની ટોચે તેઓ ધર્મવિધિ કરતા અને માનવ બલિ પણ આપતા. સામાન્ય જનને ત્યાં ઉપર જવાની છૂટ નહોતી. અનેક દેવોને તે માનતા. શૃંગાર તથા સાંકેતિક સંજ્ઞાઓ કોતરેલી એ દેવોની પથ્થરની મોટીમોટી અનેક પ્રતિમાઓ પણ મળી આવી છે. આવી એક પ્રતિમા તથા એમના એક લાક્ષણિક દેવસ્થાનના અવશેષો અહીં દર્શાવ્યા છે.

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૩-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.
- ગ્રાહકે પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર જણાવવાનો આગ્રહ રાખવો.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.', ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

આપે નવા વર્ષનું લવાજમ ભર્યું?

'કુમાર'ના નવા વર્ષનો પ્રથમ અંક ઓગસ્ટ ૧૯૯૧માં પ્રકટ થઈ ગયો છે. આપનું લવાજમ જો જુલાઈના અંક સાથે પુરું થઈ ગયું હોય તો નવા વર્ષનું લવાજમ રૂ. ૭૫-૦૦ તરત જ મોકલી આપશો. પાછલા અંકો સિલકમાં હશે ત્યાં સુધી જ મળી શકશે.

'કુમાર' વર્ષ ચોસઠમું
સપ્ટેમ્બર ૧૯૯૧ . સળંગ અંક ૭૬૪

ચિત્રો
'માયા' સંસ્કૃતિની બે પ્રતીમાઓ — પૂઠું
'માયા' સંસ્કૃતિના બે અવશેષો — મુખચિત્ર

કાવ્યો
ક્યાં છે? ક્યાં છે? (ગોવિન્દભાઈ) ૩૯૧
લાવો કોરું પાનું (દિવેન્દ્ર દવે) ૩૯૧
હાઈકુ (ધનસુખલાલ પારેખ) ૩૯૧
વગર (બાલુભાઈ પટેલ) ૩૯૧
સ્મિત (પીયૂષ પંડ્યા 'જ્યોતિ') ૩૯૧

ચરિત્ર
કિશોરલાલ મશરૂવાળા (કનુભાઈ જાની) ૩૯૨

વાર્તા-લઘુકથા-લઘુનવલ
લાકડી (દુર્ગેશ ઓઝા) ૪૦૫
ખૂટવું (ભગીરથ બ્રહ્મભટ્ટ) ૪૧૦
સંભવામિ યુગેયુગે (રતિલાલ બોરીસાગર) ૪૧૭

લેખો
મરેલા માણસને કોઈની ઈર્ષ્યા થતી નથી (વિનોદ ભટ્ટ) ૩૯૬
મારા બાપાજી (કમલા પરીખ) ૩૯૮
ગણેશ ૪૦૨
સૂર્ય - નવા પરિપ્રેક્ષ્યમાં (છોટુભાઈ સુથાર) ૪૦૬
એસિડિટિ (માધવ ચૌધરી) ૪૦૮
ભૂમધ્યને બે કાંઠે-૨ (પ્રીતિ સેનગુપ્તા) ૪૦૯
અંગ્રેજી સાહિત્યનું આચમન (મધુસૂદન પારેખ) ૪૧૧
મધ્ય અમેરિકાની 'માયા' સંસ્કૃતિ (કિ.કા. શાસ્ત્રી) ૪૧૩

વિભાગો
વાચકો લખે છે... ૩૯૦
કંકાવટી (મહિલા આંદોલનની પુરોધા, જો, કુદીનાની ચટણી) ૪૧૮
અનીનમાં અવગાહન (તમે પોતે, આ માસ, જવાન) ૪૧૯
અડકોદડકો (ટ્વીચકુ-યોસેફ મેકવાન) ૪૨૦
સાહિત્યસંપર્ક (શ્રી ઓકાક, કૅરેક્ટર-દિ. મહેતા, શબ્દાર્થચર્ચા, યો. વ્યાસ, પ્રાપ્ત પ્રકાશનો) ૪૨૧
ટિકિટસંગ્રહ (બોલિવિયા-પરાગ્વેની ટિકિટો) ૪૨૪
માધુકરી (જયમલ્લ પરમાર, ઘદુરની દુનિયા) ૪૨૫
છેલ્લું પાનું ૪૨૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.
વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૨૫૦
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે

પ્રલંબપાદ બુદ્ધ

રાજકુમાર સિદ્ધાર્થ બુદ્ધત્વ પામ્યા અને એ પછી સર્વપ્રથમ તેઓ સારનાથ ગયેલા, જ્યાં તેમણે પાંચ ભિક્ષુઓની સમક્ષ પોતાનો પહેલો ધર્મોપદેશ આપેલો. આ ઘટનાને ધર્મચક્ર પરિવર્તન કહેવાય છે. ભગવાન બુદ્ધના એ ધર્મોપદેશ દરમિયાન તેમણે જે મુદ્રા (સ્થિતિ)માં ઉપદેશ આપેલો તેને 'ધર્મચક્ર મુદ્રા' નામ આપવામાં આવેલ છે. બુદ્ધની આ સ્થિતિની પ્રતિમાઓ પણ મળે છે. આમાંની એક તે પ્રલંબપાદ બુદ્ધ.

પ્રલંબપાદ બુદ્ધનું પ્રતિમાવિધાન આ પ્રમાણે છે : બન્ને હાથ છાતી તરફ પણ ડાબા હાથની હથેલી છાતી તરફ વળેલી ને જમણી સામે રહેલી હોય છે. તો ડાબા હાથની મધ્યમા-કનિષ્ઠિકા (આંગળીઓ) જમણા હાથના અંગૂઠાને સ્પર્શ કરતી હોય છે. ભગવાન બુદ્ધ ધીરગંભીર ધ્યાનસ્થ મુદ્રામાં અને તેમના બન્ને પગ આસનની નીચે લટકતી (પ્રલંબ) મુદ્રા - સ્થિતિમાં હોય છે. સિંહાસન ઉપર ધર્મચક્રમુદ્રામાં પગ લાંબા કરીને બેઠેલી 'મૈત્રેય મૂર્તિ'ને 'પ્રલંબપાદ બુદ્ધ' કહે છે. મહાયાનની કલ્પના પ્રમાણે મૈત્રેય નામના ભાવિ બુદ્ધ (કે જે હાલ બોધિ સત્ત્વની અવસ્થામાં તુષિત નામના સ્વર્ગમાં રહીને તપ કરી રહ્યા છે) શાક્ય મુનિ બુદ્ધ પછી પાંચ હજાર વર્ષે માનુષી બુદ્ધ સ્વરૂપે અવતરશે.



પ્રલંબપાદ બુદ્ધની પ્રતિમાઓ ગુજરાતમાંથી અલ્પ સંખ્યામાં મળે છે. આમાં ઢાંક વળા વગેરે સ્થળેથી આ પ્રકારની પ્રતિમા મળેલી છે.

પ્રલંબપાદ બુદ્ધની પ્રસ્તુત પ્રતિમા લેખકના પાટણવાવ (જિ. રાજકોટ)ના ઓસમ ડુંગરના પ્રવાસ દરમ્યાન ભીમકુંડથી થોડે દૂર પથરાયેલા પથ્થરોના ઢગ વચ્ચેથી હાથ લાગી હતી. ૨૫x૨૫ સે.મી.ની રેતિયા પથ્થરની આ પ્રતિમા મૂળ તો બારણાના ટોડલાના આગળના ભાગ ઉપર કંડારેલી છે; થોડી ખંડિત ને ઘસાઈ ગયેલી હોવા છતાં જોતાં જ તે પ્રલંબપાદ બુદ્ધ હોવાનું સ્પષ્ટ વર્તી શકાય છે. આ રીતે કંડારેલી પ્રલંબપાદ બુદ્ધની પ્રતિમા ગુજરાતમાંથી અન્યત્ર પ્રાપ્ત થયાનું જાણમાં નથી. પાટણવાવ અને તેની આસપાસના વિસ્તારોમાંથી બૌદ્ધ પ્રતિમાઓ મળેલી હોઈ ભૂતકાળમાં આ વિસ્તાર-વિશેષત: પાટણવાવ અને ઓસમ ડુંગર-બૌદ્ધ ધર્મનું મહત્ત્વનું કેન્દ્રવિહાર હોવાની શક્યતા નકારી શકાય નહિ. રાજ્યનું પુરાતત્ત્વખાતું અહીં વધુ સંશોધન કરે તો વિગતે જાણી શકાય.

પ્રસ્તુત પ્રતિમા ઘસાઈ ગયેલી હોઈ ચોક્કસ સમયાંકન થઈ શકે તેમ નથી. છતાં ઈસુની ૫-૬ સદી પછીની હોવાનો સંભવ છે.

- હસમુખ વ્યાસ

ઑગસ્ટ '૯૧ નો અંક મળ્યો. ટાગોર તેમની કવિતાની સાથે 'કુમાર'ના અક્ષરોને 'બંગાળી મરોડ'માં રજૂ કરીને જે તાલ-માધુર્ય નિપજાવ્યું છે, તે સાચે જ પ્રશંસનીય છે. લાગે છે, 'કુમાર' તેના અસલી રંગમાં આવતું જાય છે. આપ સૌને અભિનંદન !

'વાચકો લખે છે' વિભાગમાં 'કુમાર'નો જૂનો ઢાંચો ફેરવવાનું સૂચન તથા 'મોટા ટાઈપ'નું સૂચન છે તેનો જો અમલ કરવામાં આવશે તો માત્ર હું જ નહિ પણ મારા જેવા અસંખ્ય 'કુમારચાહકો' તેનો બદલાયેલો ઢાંચો જોઈ નિરાશ થશે. જે સ્વરૂપે તે ગુજરાતનાં ઘરઘરમાં જાણીતું છે, તેમાં ફેરફાર કરવો એટલે 'કુમાર'નું વિલોપન. પછી તે બીજું માસિક હશે, કુમાર નહીં હોય. આ તો મારી લાગણી છે. ૬૫ વર્ષની મા નાની વહુને ન ગમતી હોય એટલે નવી મા લેવા ન જવાય !

- પ્રતાપસિંહ જાડેજા (રાજકોટ)

'કુમાર'માં ફક્ત ભારતની જ નહીં, પણ બીજા દેશોની પ્રાચીન સંસ્કૃતિ વિશે પણ મહદ્અંશે જાણવા મળે છે, અવનવા વિભાગોમાંથી કંઈક નવીનતા સાથે જાણવા મળે છે.

'કુમાર'માં આપ ટિકિટસંગ્રહના વિભાગોમાં જે ટિકિટોનો ઈતિહાસ અને પરિચય આપો છો તેને બદલે સિક્કાસંગ્રહ વિભાગ શરૂ કરી સિક્કાનો ઈતિહાસ અને પરિચય શરૂ કરો તો ઘણાં વાચકોને ઉપયોગી બને.

-દીપક. વી. વૈશ્નાણી (ઉપલેટા)

કોણ જાણે કેમ, વિનોદ ભટ્ટનાં લખાણો 'કુમાર' કદનાં નથી ! એક જ લેખ બીજી-ત્રીજી વાર વાંચવાથી આ સમજાય છે.

પ્રવાસવર્ણનોમાં મજા આવે જ - આ અંકથી એક વધુ પ્રવાસગાથા શરૂ થવાથી આનંદ થયો.

- રમેશ બી. શાહ (સુરત)

સનતકુમારી મહેતા પારિતોષિક

ગુજરાત સાહિત્ય સભા તરફથી એનાયત કરવામાં આવતું ત્રિવાર્ષિક પારિતોષિક સને. ૧૯૮૬-૮૭ અને ૧૯૮૮નાં ત્રણ વર્ષ માટે સર્જનાત્મક કૃતિ માટે આપવાનું હોઈ આ વર્ષો દરમ્યાન જે જે બહેનોનાં પુસ્તકો પ્રકાશિત થયાં હોય તેમણે નીચેના સરનામે સત્વરે પુસ્તકો મોકલી આપવા વિનંતી.

મંત્રી : ગુજરાત સાહિત્ય સભા
C/o. ગુજરાત રિસર્ચ સોસાયટી
નરસિંહ ભગત છાત્રાલયની પાછળ,
વીમા યોજનાના દવાખાના સામે,
પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭

કુમાર

ક્યાં છે? ક્યાં છે?/ગોવિન્દભાઈ

(મંદાક્રાન્તા - સૉનેટ)

જેણે પેલા વિરહથી તપ્યા યક્ષને ભીંજવીને
સંસારીના મિલન-સુખના બીજ જેવો બનાવ્યો,
જેણે આભે અનુપમ અને માનવીથીય ઝાઝાં
તેજીલાં ને જીવનથી ભર્યાં આભલાંઓ સમજાવ્યાં;
જેણે ઝીણો દૃગથી ન દીસે તો ય વર્તાય એવો
બાંધ્યો સેતુ પ્રિય પુરી સુધી રમ્ય ગોદાવરીથી,
જેણે પેલી સુભગ અલકામાંય ગોરંભ છાઈ
શોભા એની દ્વિગુણિત કરી તેજછાંયે ઝબોળી,
જેણે પેલા 'નગરપતિ'નું હૈયું ભીનું કરીને
ખેંચી લેવા અસહ વચનો પ્રેરણા દીધી હૈયે;
ને એ રીતે વિરહ-મિલને પ્રેમનું કાવ્ય સર્જી
મેઘો દ્વારા સ્થળ-સમયના સારવ્યા ભેદ જેણે -
ક્યાં છે? ક્યાં છે? હૃદય રસનો એ પનોરો અષાઢ?
ઢૂંઢી એને ચહું શમવવા વિપ્રયોગો પ્રગાઢ.

લાવો કોરું પાનું/દિવેન્દ્ર દવે

(ગાન)

લાવો કોરું પાનું
કલકલતી આ કલમ, સામટું ઝનૂન ચડ્યું લખવાનું!
ડાળ મહીંની કુંપળ જેવી ફૂટી લીટી પ્હેલી,
ઝરમરવાની વાત હવે ક્યાં ? આ તો વરસે હેલી!
ભીંનો મલકે, ફળિયું છલકે, છલ્લક છલ્લક ડેલી !
સાત સમંદર રહ્યા ઘૂઘવી - સામે પૂર તરવાનું!
લાવો કોરું પાનું.

આસપાસનું સુંદર જે કૈં અચરજ ભરી વિલોકું,
અક્ષર દેહ અવતરવા ઝંખે, કેમ કરીને રોકું?
આડું-અવળું સ્હેજ ડૂકે તો તુરત જ એને ટોકું !
મરમી જાણે મનભર માણે, કોક લહરનું છાનું!
લાવો કોરું પાનું.

હાઈકુ/ધનસુખલાલ પારેખ

નાનેરી કીકી
અચરજથી જુએ
વિશાળ વિશ્વ.

વગર/બાલુભાઈ પટેલ

(ગઝલ)

કોઈ પણ શસ્ત્રો વગર, સાધન વગર;
સૌને અમૃત જોઈએ મંથન વગર.
લાગણી મિથ્યા છે સંવેદન વગર;
સૂર ક્યાં પ્રગટી શકે સ્પંદન વગર.
મૌનની સરહદને ઓળંગો હવે;
શબ્દને વહેતો કરો બંધન વગર.
સુખની સઘળી શોધ હાંફી જાય છે;
દુઃખ મળી આવે છે સંશોધન વગર.
'બાલુ', જીવન ઝૂઝતા રહેવાનું નામ;
શ્વાસ ફીકા લાગશે ઉલ્ઝન વગર.

સ્મિત/પીયૂષ પંડ્યા 'જ્યોતિ'

(ઝૂલણા)

આભ મારું અચાનક ગયું વિસ્તરી
એક પલકાર પાંપણ તણો
ને ગયાં ક્ષિતિજનાં બારણાં ઊઘડી.
જે પળે ઊંચકાયું ધરાતલ થકી યાન
એ સંગ આકાશગંગા રહી અવતરી
લોહીથી ધબકતી હૃદયગંગા તણા સંગમે.
પળ ચિરંતન બની?
કે અકળ આત્મનું ધન બની?
ધબકતા સૂર ધરણી તણા
નભ અનંતે રહ્યા સહજ સરતા,
ગગન ગુંજારતા
ક્યાં ગયો કાળ ? ક્યાં સ્થળ? ગતિની વળી શી ગતિ?
સ્મિત પરંતુ ઝિલાઈ ગયું ક્યાંક મારું અને
દૂરના કોઈ તારક તણા એક મિચકારમાં
ને વળી એ જ મુજ પંડમાં શું પ્રવેશી ગયું?
બંધ આંખે નહીં
આ ઊઘાડી છતાં સ્વપ્નમાં ઝૂલતી
શબ્દને ઝીલતી
શૂન્ય દૃષ્ટિ મહીં
લીન, લયલીન હું એ જ સૂરે,
લક્ષ નક્ષત્રના ગહન પૂરે.

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સપ્ટેમ્બર ૧૯૯૧ · સળંગ અંક ૭૬૪



કિશોરલાલ મશરૂવાળા

કનુભાઈ જાની

(ગતાંકથી પૂરું)

ગયા આશ્રમમાં ૧૯૧૭ની સાલ. સાથે ગોમતીબહેન અને બાલુભાઈના બે પુત્રો નીલકંઠ અને સુરેન્દ્ર. આરંભે નરહરિભાઈને ત્યાં રહ્યા. ત્યારે સંપ્રદાયના નિયત આચારોનો વળગાડ ખરો; પૂજાપાઠ ખરા; કપાળમાં તિલક અને વચ્ચે પાઈ જેવડો હિંગળોકનો ચાંલ્લો ખરો; જ્ઞાતિભેદ ખરો; એક પંગતે જમણનો બાધ ખરો! પણ ગાંધી-આકર્ષણ પણ ખરું ને જબરું. ત્યારે આચાર્ય હતા પ્રો. સાંકળચંદ શાહ; નીતિનિર્ણયો લેતા કાકા; વિદ્યાર્થી મોટા પાંચ ને બીજા દસ; શિક્ષકો પાંચ. પહેલા એક બંગલામાં શાળા ચાલતી; પછી આશ્રમ સાબરમતી ગયો. તંબૂઓ તણાયા. ઝૂંપડીઓ બંધાઈ. દોઢેક વર્ષ તો એમ ચાલ્યું. એક તંબૂમાં ચાર જણ રહે; એક ખૂણે ગોમતીબહેન રાંધે ને કૂતરાં ખાઈ-બગાડી પણ જાય! કામકાજ બધું હાથે કરવાનું. દમ ચાલુ. મનમાં એમ કે આ આશ્રમશાળાના અનુભવે કરીને આગળ જતાં સ્વામીનારાયણ-આશ્રમશાળા જેવું કાંઈક સ્થાપી શકાશે. પોતે ગણિત, નામું, ગુજરાતી વગેરે વિષયો શિખવે. શિખવવાના મુદ્દા અગાઉથી તૈયાર કરે. નિષ્ઠા, ચીવટ ભારે.

૧૯૧૮ના મે માસમાં સૌ આબુ-પ્રવાસે પગપાળા ગયા ત્યારે, વળતાં, રોજના છ-છ માઈલને હિસાબે કિશોરલાલ ને ગોમતીબહેન પણ પોતાના સામાન સાથે આબુથી સાબરમતી સુધી ચાલ્યાં. શ્રમમાં પણ પ્રેમથી જોડાય-રોજ બે કલાક. કઠણ જમીનમાં ત્રિકમ વડે ચર ખોદે! મનના જબરા મકકમ. એક વાર નાહીને એમને ઘાટ ચડવો ને પ્રભુદાસને ઊતરવો, ત્યાં વચ્ચેથી એકાએક એક સાપ પહેલા પ્રભુદાસ પર કૂદ્યો ને પછી કિશોરલાલ પર. પ્રભુદાસ ચીસ પાડીને છળી ઊઠ્યા; કિશોરલાલ સ્વસ્થ જ રહીને કહે, 'ડરો નહિ, પ્રભુદાસ. એ આપોઆપ ચાલ્યો જશે.' રોલેટ એક્ટ વખતે ગામમાં આગ-રમખાણનું જેવું સાંભળ્યું એવા જ ઓલવવા દોડ્યા. લગભગ બે વરસ એ ત્યાં શાળામાં શિક્ષક તરીકે રહ્યા. પ્રભુદાસભાઈ કહે છે કે ત્યારે એ 'સૌના સ્વજન' બની ગયેલા.

૧૯૧૯ના ઓગસ્ટમાં એ મોટાભાઈ બાલુભાઈને મદદ કરવા મુંબઈ ગયા. ૧૯૨૦ના જુલાઈમાં પાછા આશ્રમમાં આવ્યા. અસહકારનું આંદોલન પ્રગટ્યું. ગુજરાત રાજકીય પરિષદે રાષ્ટ્રિય શિક્ષણનો ઠરાવ કર્યો. એના અમલ માટે એક સમિતિ નિમાઈ. એના મંત્રી તરીકે ઇન્દુલાલની સાથે હતા કિશોરલાલ. સમિતિએ વિદ્યાપીઠની સ્થાપના કરી. કુલપતિપદે નિમાયા ગાંધીજી, આચાર્યપદે ગિદવાણીજી અને મહામાત્રપદે કિશોરલાલ; બીજે જ વરસે, ૧૯૨૧ના જાન્યુઆરીમાં 'નવ મહિનામાં સ્વરાજ્ય', 'સૂતરને તાંતણે સ્વરાજ્ય'વાળો કાર્યક્રમ ગાંધીજીએ મૂક્યો. પરિણામે જે વિદ્યાર્થીઓને એ ઉદ્યોગમાં અને રચનાત્મક કાર્યમાં સઘળો સમય આપવો હોય તેમને માટે અલગ 'સ્વરાજ આશ્રમો' ઊભા થયા.

૧૯૨૧ની એ સાલમાં કિશોરલાલના ચિત્તમાં જબરું એક મંથન ચાલતું હતું. જીવનધ્યેય અસ્પષ્ટ હતું. શ્રદ્ધાઓ તૂટતી હતી. રાષ્ટ્રિય શિક્ષણ અને અસહકારી શિક્ષણ બેના ભેદની જે ચર્ચાઓ ચાલતી તેથી પણ અસંતોષ હતો. એટલે ૧૯૨૧ના જાન્યુઆરીની આખરમાં એ છૂટા થયા. આ પહેલાં ૧૯૨૦માં એમને, આશ્રમમાં કાકાસાહેબ પાસે અવારનવાર આવતા કેદારનાથજીનો પરિચય થયેલો. એમને એ મળ્યા. માર્ચ ૧૯૨૧માં નાથજીને મનથી ગુરુપદે સ્થાપી ચર્ચા આરંભી. 'બાપુ આખા હિંદને સ્વતંત્ર કરે તો હું મારી જાતને સ્વતંત્ર ન કરું?' એ વિચાર તીવ્ર હતો. એ મંથન ધાર્મિક હતું અને એ માટે ઘર છોડી એકાન્તવાસની તાલાવેલી લાગેલી. એમણે સમજાવ્યું કે 'તમારી તાલાવેલી સાચી, પણ જતાં પહેલાં સાધ્ય શું છે, સાધન શાં છે, ક્યાં જવું છે, એ બધાંનો વિચાર કર્યો?' વળી કહ્યું, 'ઈશ્વર, આત્મા, બ્રહ્મ, સાક્ષાત્કાર... આ બધા વિષે કોઈ જ ચોક્કસપણે કાંઈ જ કહેતું નથી! એમ ન થાય ત્યાં સુધી આ બધા ભ્રમો જ રહે. ચિત્તની નિર્મળતાથી સદ્‌ગુણોનો વિકાસ સાધીને કર્તવ્ય કર્મો કરતાં કરતાં, ઉત્સાહ રહે છતાં મન અલિપ્ત રહે એ સ્થિતિ પ્રાપ્ત કરવી એ સાધ્ય'. પણ અનુભવ વિના આ કેમ સમજાય? એટલે એમના એકાન્તવાસના વિચારનો નાથજીએ વિરોધ ન કર્યો.

'દમમાં એકાન્તવાસ કેમ અનુકૂળ પડે?' એ ગાંધીજીની ચિન્તા હતી. આશ્રમની નજીક ક્યાંક ઝૂંપડી બંધાય, એવી એમણે વિનંતી કરી. 'તમે સતત

એમના સંપર્કમાં રહેજો' એવો આગ્રહ એમણે નાથજીને કર્યો. ૧૪-૧૦-'૨૧ને રોજ આશ્રમથી એકાદ માઈલને અંતરે બંધાયેલી ઝૂંપડીમાં મશરૂવાળા રહેવા ગયા, ત્યારે ગાંધીજીએ નાથજીને, પ્રેમવિહ્વળ થઈ આજીજી કરી : 'દિવસમાં એક વાર એમને જોઈ આવવાની મને રજા છે?'

ઝૂંપડીએથી નાથજીને પત્રો લખી એ માર્ગદર્શન મેળવતા. નાથજીએ એમને ધ્યાનમાર્ગ બતાવેલો. આશ્રમમાંથી એક વાર જમવાનો ડબો જતો. આ દરમ્યાન જ ફ્રેન્ચ ગૃહસ્થ પૉલ રિશાર એમને એ ઝૂંપડીએ મળેલા. એકાદ વાર ગાંધીજી પણ જઈ આવતા. પણ ત્યારે અસહકાર આંદોલન ચાલતું હતું. ગાંધીજી પકડાયા. કિશોરલાલે પત્રથી વંદન પાઠવ્યા. હવે આ કુટીથી પણ ક્યાંક દૂર જવાનો નિશ્ચય કર્યો. ગોમતીબહેનને પત્રથી (૨-૫-૧૯૨૨) જણાવ્યું: 'સાથે એક લોટો ને બે પંચિયાં-ગળણું રાખી, પગની મુસાફરીએ નીકળી પડવાનો વિચાર કરું છું... ક્યાં જવું તેનો નિશ્ચય નથી... મારો મોહ ન રાખશો. મને ભૂલી જવા પ્રયત્ન કરશો.' ફાળ પડી. નાથજીને પોતાની જવાબદારી લાગી. લખ્યું, 'જેમ તમે સ્વતંત્ર તેમ હુંયે તમારી પાછળ પાછળ આવવા ઇચ્છું તો તેમ કરવા સ્વતંત્ર છું'. પાછળ-પાછળ ગયા. પગપાળા આબુ પહોંચ્યા. ગાંધીજી ત્યારે જેલમાં. કિશોરલાલભાઈની માનસિક સ્થિતિ ઘણી જ ગંભીર, અત્યન્ત નાજુક. ગૂંચવણોનો પાર નહિ! ભ્રમો પરંપરાથી મૂળ નાખીને ફેલાયા હતા: ઈશ્વર, જન્મ-કર્મ, પુનર્જન્મ, અક્ષરધામ, મોક્ષ... આ બાબતમાં પરસ્પર વિરોધી વચનો ગ્રંથોમાં ને મહાપુરુષોનાં કથનોમાં હતાં. નાથજીએ એક પછી એક ભ્રમ લઈને ચર્ચા માંડી, ને નિરસન કરતા ગયા. ચારેક દિવસ એમ ગયા. એમનું ચિત્ત ભરદરિયે ઝોલાં ખાતું નાવ હતું. એમાં આ દલીલોએ તો, માનેલા આધારોને હઠાવી લેતાં, એમને જાણે સાવ નોધારા કરી મૂક્યા હતા. શ્રદ્ધા પણ તૂટી પડી હતી. વચનોનું પ્રામાણ્ય નહોતું. પણ નાથજી કહેતા તે ગંભીરપણે સાંભળતા.

એમ ચારેક દિવસ ચાલ્યું. [કિશોરલાલના જીવનના આ સૌથી મહત્ત્વના પ્રસંગ વિષે 'શ્રેયાર્થીની સાધના' એ નરહરિભાઈએ લખેલા મશરૂવાળા-ચરિત્રમાં આખું પંદરમું પ્રકરણ 'સાધના' એ નામે (પૃ. ૧૨૬થી ૧૫૩) નાથજીએ પોતે વિગતે લખેલું છે.] નાથજીના શબ્દોમાં :

'એક દિવસ સાંજે...એક ટેકરી પર સામસામે પથ્થર પર બેઠા હતા... વિશ્વ અને આપણી... એકતા વિષે બોલવાનો પ્રસંગ આવ્યો. એ વખતે હું શું બોલેલો તે મને... યાદ નથી. પણ વ્યક્તાવ્યક્તવિચાર... હતો. પરંતુ તે વખતનાં ભાવ, તીવ્રતા અને તન્મયતાનું મને ઠીક સ્મરણ છે. તે વખતે અમારી આસપાસ કોઈ મનુષ્ય નહોતું. અમે બન્ને અને અમારી સામેનાં વૃક્ષ, પથ્થર, ટેકરીઓ, પર્વત એ બધાનું સમગ્ર દર્શન મને કયા રૂપમાં થયું હતું તેનું મને સ્મરણ છે. હું અત્યન્ત ભાવમગ્નતામાં બોલતો. મારો વાક્પ્રવાહ ચાલતો હતો ત્યારે તેમણે અત્યંત કૃતજ્ઞતા અને નમ્રતાયુક્ત ભાવથી પોતાની વ્યાકુળતાનું એકદમ શમન થયાનું મને કહ્યું.' (૧૪૪) 'તેમના એક જ વાક્યથી મારી તન્મયતા તૂટી. મારું બોલવાનું બંધ થયું... બન્નેને લાગ્યું કે બોલવાનું કશું જ બાકી રહ્યું નથી.' (૧૪૪)

એવી નિઃસ્તબ્ધ અવસ્થામાં બન્ને કલાકો સુધી રહ્યા. ૧૨-૫-૧૯૨૨નો એ દિવસ હતો. નાથજી કહે છે એમ અમને 'શુદ્ધ વિવેકદૃષ્ટિ પ્રાપ્ત થઈ'. (૧૪૯) બીજે જ દિવસે એમણે ગોમતીબહેનને લખ્યું : 'હવે કશું જાણવાનું રહ્યું નથી. તમે મને જે મદદ કરી છે, તેની કૃતજ્ઞતા કયા શબ્દોમાં જણાવું?... હવે થોડા દિવસમાં ઊતરી આવીશ.' (૧૪૫) એમને એવી દૃષ્ટિ લાધી હતી જે મળ્યા પછી, એમણે વાપરેલાં બે વાક્યો પ્રત્યે ફરી ધ્યાન દોરાય: 'બોલવાનું કશું જ બાકી રહ્યું નથી'...'હવે કશું જાણવાનું રહ્યું નથી'.


ગાંધીજી સાથે મશરૂવાળા

આ માનસિક ભૂમિકાને સ્થિર કરવા પાંચેક મહિના અભ્યાસમાં ગાળ્યા પછી પાછા ૧૯૨૩ના એપ્રિલથી વિદ્યાપીઠનું મહામંત્રીપદ સંભાળ્યું; નવેમ્બર ૧૯૨૫ સુધી એ કાર્ય કર્યું. અવતારમાળાનાં ચાર અને 'કેળવણીના પાયા', એ પાંચ પુસ્તકો '૨૩થી '૨૫ના ગાળામાં આપ્યાં. આ દરમ્યાન૧૯૨૨ના માર્ચથી ૧૯૨૪ના જાન્યુઆરી સુધી ગાંધીજી જેલમાં હતા. '૨૪ના ઑગસ્ટમાં માંદગીને કારણે છૂટ્યા. વિદ્યાપીઠમાં નિરુત્સાહનું વાતાવરણ હતું. (૧૨૪) ૧૯૨૫માં ધ્રુવસમિતિ નિમાઈ. નિયામક સભા મહાવિદ્યાલયને મહત્ત્વ આપતી હતી; કિશોરલાલ પ્રાથમિક શિક્ષણને. આ સંજોગોમાં એમણે રાજીનામું આપ્યું. કાકાસાહેબને તા. ૨૮-૩-'૨૭ના પત્રમાં એમણે જણાવ્યું : 'વિદ્યાપીઠની શરૂઆતથી તે છોડ્યું ત્યાં સુધી ક્યારેય પણ વિદ્યાપીઠ મારા જીવનનું કાર્ય છે એમ મને એક ક્ષણ પણ લાગ્યું નહોતું.' (૧૫૬) 'બાપુમાં મેં પુનઃ પિતૃપ્રેમની પ્રાપ્તિ અનુભવી અને એ વ્યક્તિગત નિમિત્ત બાપુની શાળામાં જોડાવામાં એક કારણ હતું.' (૧૫૭)

ત્યારે ગોમતીબહેન માંદાં પડ્યાં. બાપુએ ઉપવાસનો ઉપચાર કર્યો. પછી દેવલાલી, મુંબઈ, આકોલા, મુંબઈ એમ ૧૯૨૭ના માર્ચ સુધી ફરવું પડ્યું. નિસર્ગોપચાર પ્રમાણમાં મોંઘો પડે, ને સામાન્યજનને ન પોષાય એવો કિશોરલાલ-ગોમતીબહેનનો મત રહ્યો. '૨૭ના જૂનમાં કિશોરલાલ ને ગોમતીબહેન બન્ને મઢી આશ્રમમાં જઈને રહ્યાં, પણ ગુજરાતમાં રેલસંકટ આવતાં, બન્ને વડોદરા જઈ સરદાર અને ડૉ. સુમન્ત મહેતા સાથે એ કામમાં જોડાઈ ગયાં. છ માસ ત્યાં રહ્યાં. એ દરમ્યાન એક રાત્રે ચોર પેઠો. પકડાયો. ગોમતીબહેને જોયેલો એટલે કોર્ટમાં જુબાની આપવી જ પડે. ચોર દંડાય

એ હિંસા ગણાય! આ તો બન્ને અહિંસક! કરવું શું? એટલે જુબાની તો આપી, સાથોસાથ ચોર પર રહેમ રાખવાની અરજી પણ આપી! મેજિસ્ટ્રેટ કાંઈ આવી અરજી માન્ય રાખે? શિક્ષા થઈ. અને વધુ થાય એ માટે કેસ સેશન્સમાં ગયો. પાછો સમન્સ આવ્યો જુબાની આપવા આવવાનો. શું કરવું? બાપુને પત્ર લખ્યો. બાપુએ સલાહ આપી કે 'જુબાની ન આપવી.' આ અંગેની એક કેફિયત પતિ-પત્નીએ ઘડી કાઢી. સાક્ષી ન આપે તો સજા થાય; એક મિત્રને ચિન્તા થઈ. એ જજને ઓળખે. ફૂંક મારી : 'આ બંને સાચવી લેજો.' કોર્ટમાં બન્ને આવ્યાં. સાચું બોલવાની પ્રતિજ્ઞા લેવામાં ને નામઠામ લખાવવામાં વાંધો ન લાગ્યો. વાંધો જે હતો તે સ્પષ્ટ રીતે જણાવ્યો: 'અમે જુબાની આપવા ઇચ્છતાં નથી.' સરકારી વકીલે પૂછ્યું : 'ભલે. પણ નીચલી કોર્ટની તમારી જુબાની તો આ જ ને?' બન્ને મૂંગાં રહ્યાં! 'ના'-ય કેવી રીતે કહે? સાચું બોલવાની પ્રતિજ્ઞા લીધી હતી! 'હા'-ય કેમ કહેવાય? પણ એ જુબાનીનો એમણે વિરોધ ન કર્યો, એમ અર્થ ઘટાવી ચોરને સજા તો ફટકારાઈ જ! કિશોરલાલે પોતે આ આખા પ્રસંગ પર 'હોલાહોલીનો સત્યાગ્રહ' નામે હળવું પ્રહસન લખ્યું છે.

વડોદરામાં જ માંદગી લાગુ પડેલી, ઉધરસ અને તાવ. મુંબઈ ઉપચાર કરાવ્યો, આકોલા ગયા. કાલાઝ્રનાની ટીકડીઓથી તાવ ઊતર્યો. ઉધરસ-દમ પણ શમ્યાં. એ જ અરસામાં મિત્રથીયે અધિક સ્નેહ દાખવનાર મોટાભાઈ બાલુભાઈનું અવસાન થયું. આ એ જ બાલુભાઈ જેમણે ગાંધીજીને ચરમાં આપ્યાં હતાં; પછી પોતાના બંધુ કિશોરલાલ સોંપ્યા હતા; ખર્ચની જોગવાઈનો આગ્રહ રાખ્યો હતો; પોતાના નાનાભાઈની પુત્રી સુશીલાનાં લગ્ન ગાંધીજીના પુત્ર મણિલાલ જોડે કરી વેવાઈનો નાતો બાંધ્યો હતો; અને પોતાના પુત્ર સુરેન્દ્રનાં લગ્ન બાપુની પૌત્રી બહેન મનુ સાથે બાંધી એ નાતો પાછો દૃઢ કર્યો હતો. આમ, ગાંધી-મશરૂવાળા કુટુમ્બો સંબંધની દૃઢ ગાંઠોથી પણ ગંઠાયેલાં હતાં. જેવા બાલુભાઈ એવા જ એક બીજા મોટાભાઈ હતા નામે નાનાભાઈ. એમનાં પત્ની વિજયાબહેન. આ બધાંએ પોતાના ઘરને 'સજજનોનું અતિથિગૃહ' બનાવી દીધું હતું. સરદાર, નેહરુ, ડો. અનસારી, રાજગોપાલાચારી - બધા ત્યાં આવતા. હવે પેલી છોછ ત્યાં જરાય રહી નહોતી.

'૨૮ના મંદવાડમાંથી ઊઠ્યા પછી '૨૯માં વિલેપારલેની રાષ્ટ્રિય શાળામા કિશોરલાલ જોડાયા. વરસેક ત્યાં રહ્યા. '૨૯માં 'જીવન શોધન' બહાર પડ્યું.



ગજેન્દ્રપ્રસાદ અને વિનોબા સાથે મશરૂવાળા

કેટલાકને મતે એ એમનું શ્રેષ્ઠ ચિન્તનાત્મક પુસ્તક; બીજાને મતે 'સમૂળી ક્રાન્તિ'. એમને મતે સત્ત્વસંશુદ્ધિ એ જીવનધ્યેય. એ માટેના ચાર પુરુષાર્થોમાંનો ચોથો તે મોક્ષ નહિ પણ 'જ્ઞાન'. એ સમાજવિમુખ ન બનાવે, શ્રેયાર્થીને કલ્યાણાર્થી બનાવે. પરંપરાપ્રાપ્ત ઘણી ભ્રમણાઓનું નિરસન એમાં એમણે કર્યું છે. ને છેલ્લે પેલું જાણીતું પ્રબુદ્ધ સંબોધન છે :

'હે વાચકો, હું જે કાંઈ કહું તે પરંપરાગત નથી એટલા માટે જ ખોટું માનશો નહીં. તમારી પરંપરાને ફેરવનારું છે એટલા માટે જ ત્યાજ્ય છે એમ માનશો નહિ. ચિત્ત આકર્ષાય એટલું સુંદર કે સહેલું લાગતું નથી માટે ખોટું માનશો નહીં. તમે લાંબા કાળથી દૃઢપણે પોષેલી શ્રદ્ધાને તે ઉથલાવી નાખનારું છે એટલા જ માટે અવળે માર્ગે દોરનારું છે એમ માનશો નહીં. પણ સાથે જ તમારી પોતાની વિવેકબુદ્ધિથી મારા વિચારો સત્ય અને ઉન્નતિકર લાગે, જીવનવ્યવહારમાં અને પુરુષાર્થમાં ઉત્સાહ પ્રેરનારા, પ્રસન્નતા ઉપજાવનારા અને તમારું તેમ જ સમાજનું શ્રેય વધારનાર લાગે તો તેને સ્વીકારતાં ડરશોય નહીં.' (જી. શો. ૩)

'૩૦નો મીઠાસત્યાગ્રહ આવ્યો. ઝંપલાવ્યું. બે વરસની સખત કેદ મળી. ત્યાં સમાજવાદ-સામ્યવાદનો અભ્યાસ કર્યો. (જેને પરિણામે છેક ૧૯૫૧માં જાતું જાતું 'ગાંધીજી અને સામ્યવાદ' મળ્યું.) મેટરલિંકના 'ધ લાઈફ ઓફ વ્હાઈટ એન્ટ' પરથી 'ઊધઈનું જીવન'. (જે પ્રસિદ્ધ થયું ૧૯૩૫માં). વાઈસરોય જોડેની ગાંધીજીની સંધિને પરિણામે ૮-૩-'૩૧ને રોજ છૂટ્યા. પછી વિલેપારલેની છાવણી માટે છ મહિનાનો ગાંધી વિચારનો અભ્યાસક્રમ બનાવી, વર્ગો ચલાવ્યા. એમાંથી 'ગાંધી-વિચારદોહન' તૈયાર થયું (જે બહાર પડ્યું ૧૯૩૨માં) છે તો કિશોરલાલની ભાષામાં છતાં ગાંધીજીને લખવું પડ્યું: 'મારા વિચારોનો ભાઈ કિશોરલાલનો પરિચય અસાધારણ છે.' ઘણી બાબતમાં ગાંધીથી ભિન્ન મત ધરાવતા કિશોરલાલ છેક સુધી રહ્યા ગાંધીવિચારના શ્રેષ્ઠ ભાષ્યકાર.

વાઈસરૉય લૉર્ડ અરવિનની જગ્યાએ લૉર્ડ વિલિંગ્ડન આવ્યા કે ગાંધી સાથે થયેલી સંધિ પર પાણી ફરી વળ્યાં. ગાંધીજીને ગોળમેજીનો ધક્કો ખઈ ખાલી હાથે પાછા ફરવું પડ્યું : ૪-૧-'૩૨ને રોજ એમને પકડવામાં આવ્યા, કે બીજે જ દિવસે, બીજા નેતાઓની સાથે, કિશોરલાલને પણ પકડવામાં આવ્યા. '૩૦માં સજા થયેલી ત્યારે જેલમાં ખાદીના પોષાક માટે એ ઉપવાસ પર ઊતરેલા અને આખરે જે પોષાક મેળવેલો તે ડેપ્યુટિ જેલરે અલગ રાખી મૂકેલો! એ જ એમને બીજી વાર મળ્યો! (આને જેલરોની ભલાઈ ગણીશું કે કેદીની છાપ કે બન્ને?) જેલમાં એમણે 'ગીતામંથન' લખ્યું. તોલ્સ્તોયના 'ધ લાઈટ શાઈન્સ ઈન ડાર્કનેસ' નામક અધૂરા નાટકનું 'તિમિરમાં પ્રભા' નામે પૂરું રૂપાંતર આપ્યું. '૩૫માં ખલિલ જિબ્રાનના 'ધ પ્રોફેટ'નો અત્યંત ગરિમાભર્યા ગુજરાતી ગદ્યમાં અનુવાદ આપીને એક વિશ્વવિખ્યાત લેખકમાં આપણા સાહિત્યસેવીઓને પણ ત્યારે રસ લેતા કરી મૂક્યા. 'વિદાય વેળાએ' મૂળના ચિન્તનને અને કાવ્યત્વને બન્નેને સહજ-સરળ રીતે મૂકી આપે છે :

'Love one another, but make not a bond of love.'

'તમે પરસ્પર ચાહજો ખરાં, પણ તમારા પ્રેમની બેડી ન બનાવશો.'

એ જ રીતે '૩૨ના જેલવાસ દરમ્યાન મૉર્લિના 'ઑન કૉમ્પ્રોમાઈઝ'નો અનુવાદ કરેલો 'સત્યમય જીવન'; એ પુસ્તકરૂપે ૧૯૩૫માં પ્રસ્થાન કાર્યાલય તરફથી બહાર પડેલો. તે પછી '૩૭માં 'સ્ત્રીપુરુષમર્યાદા' '૩૮ માં શ્રી જેઠાલાલ ગાંધી સાથે લખેલું 'નામાનાં તત્ત્વો' અને '૩૯માં 'આશ્રમનો ઉલ્લુ' એ ઉપનામે

'સર્વોદય'માં હપ્તેહપ્તે લખાયેલું મૂળ હિન્દીમાં 'કૌએકી નજરસે.' (ગુજરાતી 'કાગડાની નજરે')

૧૯૩૪થી ૧૯૪૦નો ગાળો એટલે વર્ધામાં 'ગાંધી સેવાસંઘ'ના પ્રમુખ તરીકેનો સમય. એ પદ માટે ગાંધીજીએ જ સર્વસંમતિથી એમને પસંદ કરેલા. એના છ અધિવેશનોમાંથી પ્રત્યેકમાં પ્રમુખીય માર્ગદર્શન મહત્ત્વનું રહ્યું. પહેલા અધિવેશનમાં રચનાત્મક કાર્યની ચર્ચા થઈ. બીજામાં હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે સઘળા ધર્મોને શુદ્ધ કરવા' પર એમણે ભાર મૂક્યો. ત્રીજા '૩૭ના અધિવેશનમાં સક્રિય રાજકારણમાં ગાંધીવિચારકોએ પડવા સામે એમણે લાલબત્તી ધરી. ધારાસભાપ્રવેશ અંગે મત લેવાતાં એમનો ને જમનાલાલનો બેનો જ વિરોધ હતો! બહુમતી રાજકારણીઓની રહી. ત્યારે એમણે રાજીનામું આપ્યું, પણ ગાંધીજીએ મનાવી લીધા! પછીનાં અધિવેશનોમાં હિન્દુ-મુસ્લિમ દંગા ને ગુંડાગીરીના પ્રશ્નોમાં પણ રાજકારણીઓની સંડોવણી સામે એ સતત બોલ્યા (આપણો આ રોગ આટલો જૂનો છે !) 'દંગો કરવાવાળા બહુ બહુ તો ડબલિયા કેદીઓથી ખરાબ નથી હોતા. એમની પાછળ જેઓ દોરી સંચાર કરનારા હોય છે તેઓ ખરા ગુંડા તો છે.' (૨૦૧) 'જે ગુંડાપણું ભણેલા લોકોમાં પેદા થવા માંડ્યું છે, તે પેલા ધંધાદારી ગુંડાપણા કરતાં વધારે ખરાબ છે.' પેલો ટેવ-લાલચથી કરે છે, આ લોકોનું ગુંડાપણું ઇરાદાપૂર્વક અને દ્વેષમૂલક હોય છે.' (૨૦૨) આંતરિક સ્થિતિ બગડતાં અને ચૂંટણીનું કલુષિત તત્ત્વ પેસતાં, '૪૦માં સંઘનું વિધિવત્ વિસર્જન કરવામાં આવ્યું. દરમ્યાન બીજું વિશ્વયુદ્ધ ૧૯૩૯માં આરંભાઈ ચૂક્યું હતું. '૪૦-'૪૧નાં હુલ્લડોને અંગે મહાદેવભાઈ બહાર રોકાયેલા હોઈ, બાપુના પત્રવ્યવહારનું કામ વર્ધામાં કિશોરલાલભાઈએ સંભાળ્યું. '૪૨ના ઓગસ્ટની ૯મીએ બાપુ પકડાયા. 'હરિજન' પત્રોના સંચાલનની જવાબદારી કિશોરલાલભાઈ પર આવી. જો કે એ બે જ અંકો સંભાળી શક્યા, પછી પકડાયા. એ બે અંકોમાં એમણે 'તારનાં દોરડાં કાપવા, પાટા ઉખેડવા'ના કાર્યક્રમને વેગ મળે એવું લેખન કર્યું ને 'પકડવા આવતા અમલદારને ઘરપ્રવેશનો ગુનો કરનાર' જેવો લેખવા જણાવ્યું. પાછળથી એ ભૂલ સમજાઈ. ગાંધીજીને પણ એ વાત કઠી. નવાઈની વાત એ છે કે આ અંગેનો જવાબ જે દિવસે ગાંધીજીએ જેલમાંથી સરકારને મોકલ્યો, બરાબર તે જ દિવસે નાગપુર સેન્ટ્રલ જેલમાંથી કિશોરલાલે પણ મોકલ્યો!! ને બન્નેની વાત સરખી હતી. એ કાર્યક્રમમાં અહિંસામૂલક કરુણા નહોતી, ધિક્કાર હતો. બન્નેની આ વિષેની વિચારણા કેવી સમાન્તર ચાલતી હતી!

'૪૨ની સેન્ટ્રલ જેલમાં 'ક' વર્ગના રાજદ્વારી કેદીઓને માટે મુલાકાતબંધી અને બીજી અન્યાયી કનડગતો સતત ચાલુ રહેતાં, ૨૩-૯-'૪૨ને રોજ કિશોરલાલે જેલ-સુપરિન્ટેન્ડન્ટને આ જુલમની સામે આમરણ ઉપવાસની જાણ કરી, પોતે જ્યારે એમને બોજારૂપ લાગે ત્યારે 'જરૂરી ઝેર આપી અંત' આણવા ને એની જવાબદારી પોતાની જ ગણવા, પત્ર લખ્યો. એ પત્ર જ બસ થઈ પડ્યો. ફરિયાદ ટળી. '૪૪માં એ જેલમાંથી છૂટ્યા. આ જેલવાસ દરમ્યાન એમણે ને કાકાએ થઈને પેરી બરજેસની 'હૂ વૉક એલોન' નવલકથાનો 'માનવખંડિયેરો' નામે અનુવાદ આપ્યો, (એ ૧૯૪૬માં બહાર પડ્યો.) '૪૪ પછી રમખાણો ફાટી નીકળ્યાં. '૪૬માં ગાંધીજી ઉમાશંકરના શબ્દોમાં 'વાવાઝોડાં વેરની વૃત્તિઓનાં શમાવવા' નોઆખલી નીકળી પડ્યા. ત્યારે પણ 'હરિજન'પત્રોનું સંચાલન એમને શિર આવ્યું. ૧૯૪૫માં 'સમૂળી ક્રાન્તિ' બહાર પડ્યું. એણે જબરો ઊહાપોહ જગાડ્યો. છતાં ૧૯૪૫થી ૧૯૪૮ સુધીમાં પ્રકટ થયેલાં પુસ્તકોમાં સર્વશ્રેષ્ઠ પુસ્તક તરીકેનાં બે પારિતોષિકો પણ મેળવ્યાં. ભારતની સાહિત્યઅકાદમીએ ભારતની બધી ભાષાઓમાંથી અનુવાદ કરાવવા જેવાં દસ ઉત્તમ પુસ્તકો પસંદ કર્યાં તેમાં આ છે. (એમનાં બીજા મહત્ત્વના લેખો સમાવી લેવાય એમ શ્રી નગીનદાસે 'સમૂળી ક્રાન્તિ' અને બીજા લેખોનું સંપાદન કરેલું છે. ત્યાં (પૃ. ૨૯) 'સમૂળી ક્રાન્તિ'ના અનુસંધાનમાં 'ખુલાસો' હોવાનું જણાવતાં (નગીનદાસ, પૃ. ૨૯) કિશોરલાલભાઈના શબ્દો ટાંકે છે. '૩૦મી જાનેવારી ૧૯૪૮ના યાદગાર દિવસે બપોરે એનું છેલ્લું પ્રકરણ પૂરું થયું હતું. તે વખતે મને ક્યાંથી કલ્પના હોય કે ઈતિહાસના કહેવાતા જ્ઞાનથી મંડાતી મોંકાણ વિષે મેં એમાં લખ્યું છે, તેની સાબિતી તે જ દિવસે મળવાની હતી!'

ગાંધીજીના દેહાન્ત પછી તો એમને એકલાને શિરે એ જવાબદારી આવી. સાડાચાર વરસ સુધી એમણે એ નિષ્ઠાપૂર્વક વહન કરી. જ્યાં MKG આવતું ત્યાં એ જ વર્ણો જાણે ક્રમફેરે આવતા KGM. ગાંધી જેવો-જેટલો બહોળો સતત પત્રવ્યવહાર. વધારામાં સરકાર, સાથીઓ, અમલદારો સૌની સામે હવે તો લખવાનું આવતું. સાથીઓને એમણે 'ગાંધી', 'સર્વોદય', 'સત્ય' અને 'અહિંસા'ના વારંવારના અર્થહીન પાદપૂરકો' છોડી, આપસૂઝથી ન્યાયનિષ્ઠા જાળવવા કહ્યું. ને છવટે 'ગાંધીવાદ વિસર્જન' પર લેખ લખ્યો. સરકારી નોકરોને માટે લખ્યું : 'તમારું ખાતું વધુ તોછડું, વધુ સડેલું, ઓછું કુશળ, વધુ ઢીલ કરનારું, પૈસાની અને સગપણની લાગવગ તળે વધુ આવનારું બન્યું છે.' શ્રમ પાર વિનાનો પડતો હતો. તબિયત લથડતી હતી. ગાંધીવિચારમાં ને ગ્રાહકોની સંખ્યામાં ઓટ આવતી હતી. એટલે એમણે પોતાને મુક્ત કરવા જણાવ્યું. નવજીવન ટ્રસ્ટે હરિજન કાર્યાલય વર્ધાથી અમદાવાદ ખસેડવાનો નિર્ણય લીધો. પોતે એ ૬-૯-'૫૨ના અંકમાં જાહેર કર્યો. બીજે જ દિવસે દમનો હુમલો આવ્યો. છતાં ૯-૯-'૫૨ના સાંજના પાંચ સુધી એમણે કામ કર્યું. પોણા છએ દેહ ત્યાગ્યો! હિન્દુ તિથિ મુજબ બીજે જ દિવસે એમની ૬૨મી વરસગાંઠ હતી. છેલ્લા કલાક સુધી કામ કરતા કરતા ગયા. એ જ રાત્રે નિદ્રામાંથી જગાડીને વિનોબાને એ સમાચાર અપાયા ત્યારે કહે : 'પૂર્ણ નિર્વૈર પુરુષનો નમૂનો જો મેં ક્યાંય જોયો હોય તો તે કિશોરલાલભાઈ હતા... આત્મજ્ઞાની... આપણી નજીકની વ્યક્તિઓની મહાનતા આપણને દૂરની વ્યક્તિઓની મહાનતા જેટલી હંમેશા દેખાતી નથી હોતી. કિશોરલાલભાઈ બુદ્ધની કોટિના જ... હતા' ('ભૂમિપુત્ર', સપ્ટે. '૬૩) પંડિત સુખલાલજી 'જીવનશોધન' અને 'સમૂળી ક્રાન્તિ'ના અનુસંધાનમાં કહે છે : 'હું જ્યારે તટસ્થ ભાવે આવાં ચિન્તનપ્રધાન લખાણોની તુલના કરું છું ત્યારે નિ:શંકપણે લાગે છે કે આટલો અને આવો ક્રાન્તિકારી, સચોટ અને મૌલિક વિચાર કરનાર કદાચ ભારતમાં વિરલ જ છે.' ('સંસ્કૃતિ', માર્ચ '૬૧, ૮૭) આપણા જીવનમાં માણસાઈને ફરી સોંપવા એ જીવ્યા. માથું ઊંચુ કર્યું ને લોકો પર એક નજર નાખી, અને ત્યાં સૌ પર એક સ્તબ્ધતા છવાઈ ગઈ; અને પછી ઉદાત્ત અવાજે એ કહે : પ્રેમનો સંકેત આ, અનુસરો!

And he raised his head and looked upon the people,
And there fell a stillness upon them;
And with a great voice he said :
'When love beckons to you, follow him.' □

મરેલા માણસને કોઈની ઈર્ષ્યા થતી નથી

— વિનોદ ભટ્ટ —

એક હતો રાજા. તે વૃદ્ધ અને અશક્ત થતો જતો હતો. આમ તો તેના રાજ્યમાં ખૂબ જ મોટી પ્રજા હતી, પણ તેની પોતાની કહી શકાય એવી પ્રજા કોઈ નહોતી. તે નિ:સંતાન હતો. 'મારા પછી કોણ?' એ ચિંતા રાજાને કોરી ખાતી હતી. આટલું મોટું રાજ્ય કોણ ભોગવશે?

લાં...બા વિચારને અંતે તેણે એક નિર્ણય લીધો. પોતાના મુગટમાંથી એક પીંછું ખેંચીને રાજાએ પ્રધાનના હાથમાં મૂકતાં કહ્યું : 'તમે રાજ્યમાં ઢંઢેરો પિટાવો કે આવતીકાલે સવારે મારા મહેલની બારીમાંથી આ પીંછું રસ્તા પર નાખવામાં આવશે. જે કોઈ પ્રજાજનના માથા પર પીંછું પડશે તેને મારું આખેઆખું રાજપાટ આપી દેવામાં આવશે.'

બીજા દિવસે વહેલી સવારે રાજાએ પીંછું રસ્તા પર વહેતું મૂક્યું ને પીંછું લઈ આવનારની વાટ જોતો હિંડોળા પર તે પ્રધાનની સાથે બેઠો. એક કલાક...બે કલાક... અઢી કલાક પસાર થઈ ગયા, પીંછું લઈને કોઈ ઉપર આવ્યું નહીં. મહેલની નીચે કોલાહલ સંભળાતો હતો. પ્રજાએ હુલ્લડ તો નથી કર્યું ને! એ વિચારે રાજા ને પ્રધાન ઝરૂખામાં દોડી ગયા. રસ્તા પર જબરજસ્ત ટોળું હતું. પીંછું હવામાં અધ્ધર ઊડતું હતું - લટકતું હતું. લોકો ફૂંક મારીને તેને અધ્ધર ઉડાડતા હતા - 'મારા માથા પર ના પડે તો કંઈ નહીં, પણ તે બીજાના માથા પર તો ન જ પડવું જોઈએ' એ ભાવથી લોકો પીંછાને હવામાં અધ્ધર રાખતા હતા.

આ ઈર્ષ્યા એ આમ તો બિલકુલ કુદરતી લાગણી છે. મનોવિજ્ઞાનીઓ પણ કહે છે કે આ અસૂયાભાવ એ શરમાવા કે છુપાવવા જેવી વસ્તુ નથી, તે પૉઝિટિવ છે, સારો છે ને પ્રગતિ માટે બહુ જરૂરી છે. કોઈ માણસને અન્ય માણસોની ક્યારેય ઈર્ષ્યા ના થતી હોય તેને મનોચિકિત્સકો નૉર્મલ માણસ ગણવા તૈયાર થતા નથી. ઈર્ષ્યા એ એવી લાગણી છે જે માણસને જીવતો રાખે છે. મરેલા માણસને કોઈની ઈર્ષ્યા થતી નથી.

હા, ઈર્ષ્યાથી એક માણસ બીજા માણસને ક્યારેક મારી નાખતો હોય છે. પેલી રૂપસુંદરીની વાત તો તમે જાણતા જ હશો. તેનું નામ વિનસ હતું. તેના સૌંદર્યથી પ્રકૃતિ પણ પ્રભાવિત થઈ જતી. તેણે એક ઠૂંઠા વૃક્ષ સામે જોયું તો એ વૃક્ષ નવપલ્લવિત થઈ ગયું. પાનખર વસંતમાં પલટાઈ ગઈ. તેણે એક પથ્થર સામે જોયું તો પથ્થર દેવ થઈ ગયો, લોકો તેની પૂજા કરવા લાગ્યા. ફરતી ફરતી તેની નજર એક યુવાન પર પડી. બીજા યુવાને તરત જ તે યુવાનના પેટમાં છરો ભોંકી દીધો... સાગરને વૃક્ષની ઈર્ષ્યા થતી નથી, કાંટાને ફૂલની ઈર્ષ્યા થતી હોય છે. આ પૃથ્વી પર એવો કોઈ માણસ નહીં હોય જે કોઈ એકાદ બાબતમાંય બીજા બધાની ઈર્ષ્યાને પાત્ર ન હોય.

ઈર્ષ્યાનું કોઈ શાસ્ત્ર નથી. માણસને કોની ઈર્ષ્યા થશે ને કયારે ઈર્ષ્યા થશે એ પારખવું દુષ્કર છે. જે સૌથી નજીક હોય તેની ક્યારેક વધુ ઈર્ષ્યા થતી હોય છે. આઈરિશ નાટ્યકાર સેમ્યુઅલ બેકેટ તેની જૂની સખી સુઝ્રનાને પરણ્યો. પણ પછી બેકેટની ખ્યાતિ વધતી ગઈ તેમ તેમ તેની પત્ની સુઝ્રના ઈર્ષ્યાથી બળવા લાગી. પતિની ચોમેર ફેલાતી કીર્તિ તેને દઝાડવા માંડી. ૧૯૬૯ની કોઈ એક સવારે ફોનની ઘંટડી વાગી. સુઝ્રનાએ ફોન ઉપાડ્યો. વાત કરી. થોડીવાર માટે સ્તબ્ધ થઈ ઊભી રહી ગઈ. ફોનનું રીસિવર મૂકી તે બેકેટ તરફ જોઈ રડી પડતાં બબડી : 'Quel Catastrophe!' (કેવી અણધારી વિનાશક આપત્તિ!) ફોન પર સુઝ્રનાને સમાચાર આપવામાં આવ્યા હતા કે બેકેટને સાહિત્ય માટેનું નોબેલ-પ્રાઈઝ આપવાનું નક્કી થયું છે.

જીવતાંની જ નહીં, કેટલીકવાર તો મરેલાંનીયે ઈર્ષ્યા કરવામાં આવે છે. ફ્રેન્ચ અભિનેતા ગુઈત્રી પાંચ વખત પરણ્યો હતો. તેની પાંચમી પત્ની પેલાની અગાઉની ચાર સ્ત્રીઓની ઈર્ષ્યાથી નિસાસા નાખતી કંઈક ને કંઈક ટકોર કર્યા કરતી. એક દિવસ ગુઈત્રીએ તેને આશ્વાસન આપતાં કહેવું પડ્યું : 'એક વાત સમજી લે હની, અગાઉની ચાર સ્ત્રીઓ, મારી પત્ની હતી, તું મારી વિધવા હોઈશ...'

એક ડેનિશ કહેવત છે કે 'If envy were fever, all the world would be ill'. (ઈર્ષ્યા જો તાવ હોત તો આખું જગત માંદું હોત.) આનો અર્થ એ થયો કે ઈશ્વરની જેમ ઈર્ષ્યા પણ સર્વત્ર છે. આપણા બધામાં ઑથેલોનો પેલો ઇયાગો વત્તે-ઓછે અંશે બેઠેલો છે. આમ તો સાહસિક માણસોની કોઈને ઈર્ષ્યા ન થાય, ચન્દ્ર પર ચરણ માંડનાર આર્મસ્ટ્રોંગની ઈર્ષ્યા આપણને ન થાય, પણ એથી ય વધુ સાહસવીર એવા કોલમ્બસની યે ઈર્ષ્યા કરનારા એ સમયમાં હતા. તેણે અમેરિકા શોધ્યું એની કદરરૂપે સ્પેનના રાજાએ તેનું બહુમાન કર્યું. ટેબલ પર બેસીને બધા જમતા હતાં. એક પરદેશીની સફળતાને મળી રહેલા સન્માનથી ઈર્ષ્યા પામેલ એક દરબારીએ બધાની વચ્ચે જરા તોછડાઈથી કોલમ્બસને પૂછ્યું કે તમે શું એમ માનો છો કે તમે અમેરિકા ના શોધ્યું હોત તો બીજો કોઈ તે શોધી જ શક્યો ન હોત? આ સવાલનો સીધો જવાબ આપવાને બદલે કોલમ્બસે ડિશમાંથી એક ઈંડું ઊપાડીને બધાને પૂછ્યું કે, તમારામાંથી કોણ આ ઈંડાને ટેબલ પર ઊભું રાખી શકે છે? કેટલાકે પ્રયત્ન કર્યો, પણ કોઈ ફાવ્યું નહીં. પછી કોલમ્બસે ઈંડાને એવી રીતે તોડ્યું કે, તેનો એક ભાગ થોડો સપાટ થયો. એ ભાગ જમીન પર ગોઠવીને તેણે ઈંડું ટેબલ પર ઊભું રાખ્યું. કશું જ બોલ્યા વગર પેલા દરબારીને સાનમાં સમજાવી દીધું કે આ રીતે હવે ઈંડાને ટેબલ પર કોઈ પણ માણસ ઊભું રાખી શકશે.

આપણે જેમને મહાન કે મોટા માણસ માનતા હોઈએ છીએ એવા લોકોમાં ઈર્ષ્યાનું તત્ત્વ પણ એટલું જ મોટું હોય છે. જ્યાં પોલ સાર્ત્રને નોબેલ પ્રાઈઝ ૧૯૬૪માં આપવાની જાહેરાત થઈ ત્યારે તેમણે એ ઇનામ ઠુકરાવી દેતાં કહેલું કે મારે મન તો બટાકાની ગુણ અને નોબેલ પ્રાઈઝ બંને સરખાં

છે. આ ઇનામ પાછું કાઢવાનું એક કારણ ઈર્ષ્યા પણ હતી એમ કહેવાય છે. નોબેલ પ્રાઈઝ આલ્બેર કામૂને ૧૯૬૦માં મળી ગયું એટલે ખિજાઈને 'મારા પહેલાં કામૂને કેમ આપ્યું?' - એવા બહાના હેઠળ સાર્ત્રએ ઇનામની ભર્ત્સના કરી દીધી હતી, નોબેલ પ્રાઈઝને સાવ ક્ષુલ્લક બનાવી દીધું હતું. કવિ કાલિદાસ અને શેક્સ્પીઅરની તેમના સમકાલીનો દ્વારા ભરપૂર ઈર્ષ્યા કરવામાં આવી હતી. સર્વાન્ટીસના સમકાલીન નાટ્યકાર લોપે - દ - વેગાએ 'ડોન કિહોટે'ની સફળતાથી અકળાઈને દ્વેષભાવથી કહ્યું હતું કે 'ડોન કિહોટે'ની પ્રશંસા માત્ર બેવકૂફ માણસ જ કરી શકે. એટલો એનો પ્હાડ કે તેણે એમ ના કહ્યું કે આ નવલકથા માત્ર બેવકૂફ માણસો જ વાંચશે.

અને બર્નાર્ડ શૉ જેવા પ્રતિભાશાળી નાટ્યકાર શેક્સ્પીઅર માટે કહેતો કે એ મારા કરતાં વહેલો જન્મ્યો એટલે ખૂબ નામ ને દામ કમાયો, બાકી તો મારાથી તે ક્યાંય પાછળ હોત. શામળે માત્ર દ્વેષભાવથી પ્રેમાનંદ માટે આ જોડકણું કર્યાનું મનાય છે : 'કહ્યું કથે તે શાનો કવિ, શીખી વાત તે શાની નવી?' મહાત્માનું બિરુદ પામેલ સાહિત્યકાર તોલ્સ્તોયમાં પણ વિદ્વેષ બહુ હતો ને એ કારણે તેમને શેક્સ્પીઅર સમેત ઘણા લેખકો ગમતા નહીં.

કવિ રૉબર્ટ ફ્રોસ્ટે તો કબૂલ કર્યું છે કે યેટ્સ, એલિયટ અને એઝરા પાઉણ્ડ જેવા કેટલાક કવિઓની તેમને ઈર્ષ્યા થતી. એઝરા પાઉણ્ડને મળેલ સફળતાથી તે બહુ ધૂંધવાતા. પાઉણ્ડ લોકોની આંખમાં જડાયેલા રહેતા એટલે ફ્રોસ્ટને તે આંખના કણાની જેમ ખૂંચતા. આ કારણે એટર્ની જનરલ તથા અન્ય અધિકારીઓને પાઉણ્ડની વિરુદ્ધ ફરિયાદો કરીને સેન્ટ ઈલિઝાબેથમાંથી પાઉણ્ડને કઢાવીને કોડીના કરી નાખ્યાનો સંતોષ અનુભવ્યો. નોબેલ પ્રાઈઝ જાહેર થવાનું હતું ત્યારે એ પોતાને જ મળશે એવી આશા સાથે ફ્રોસ્ટ આખી રાત ફોન પાસે બેસી રહ્યા હતા ને સવારે છ વાગે તેમને ફોન પર ખબર મળ્યા કે આ ઇનામ બીજાને મળી રહ્યું છે ત્યારે ઈર્ષ્યા ને ખીજથી રડી પડતાં તેમણે રીસિવર એટલા જોરથી પટકેલું કે તેના ટુકડા થઈ ગયેલા.

કવિ સુન્દરમ્‌ને જ્ઞાનપીઠ એવોર્ડ મળવાનો હતો, પણ તેમના પ્રતિસ્પર્ધી કવિને લાગ્યું કે આ ઇનામ સુંદરમ્‌ને મળશે તો તે પોતાનાથી મોટા કવિ બની જશે એટલે સુન્દરમ્‌ના બદલે પન્નાલાલ પટેલને આ પુરસ્કાર અપાવ્યો હોવાની ચર્ચા, એ ત્રણેયની ગેરહાજરી છતાં સાહિત્યવર્તુળમાં આજેય ચાલે છે.

માત્ર સાહિત્યમાં જ કેમ, કલાનાં અન્ય ક્ષેત્રોમાં પણ અદેખાઈનું આ ધોરણ ટકી રહ્યું છે. જેના ગળામાં ઈશ્વરનો વાસ છે એવી આપણને શ્રદ્ધા છે એ સ્વરસામ્રાજ્ઞી લતા મંગેશકર માટે તેની સમકાલીન ગાયિકાઓ મુબારક બેગમ અને વાણી જયરામ એવો ઉઘાડો આક્ષેપ કરે છે કે કેવળ ઈર્ષ્યાને લીધે લતાએ અમને આગળ આવવા દીધી નથી. 'દેવદાસ' ફિલ્મમાં પોતાનું ગીત ઝંખવાઈ ન જાય એ વાસ્તે લતાએ મારું ગીત 'વો ન આયેંગે પલટકર' કપાવી નાખ્યું એવું મુબારક બેગમે એક ઇન્ટર વ્યૂમાં ખૂલેઆમ જણાવ્યું છે. પ્લેબેક સિંગર વાણી જયરામ અને લતાની સ્પર્ધા એ સમયમાં ફિલ્મ જગતમાં જાણીતી હતી. વાણી જયરામના કહેવા પ્રમાણે એક વાર ગાયક ભૂપેન્દર લતાજી સાથે પ્લેનમાં જતો હતો. વાણી પણ એ પ્લેનમાં હતી. પોતે વાણીને બોલાવશે તો લતા નારાજ થઈ જશે એ ભયે ભૂપેન્દરે વાણી સામે જોયું સુધ્ધાં નહીં - બંને સારા મિત્રો હોવા છતાં.

આપણને થાય કે આ બધા સૂરના રાજા - મહારાજા કહેવાય. રાજા ભોજે શા માટે ગાંગા તેલીની ઈર્ષ્યા કરવી જોઈએ! પણ આ અદેખાઈ-ઈર્ષ્યા કદાચ અસલામતીમાંથી જન્મતી હશે!

કેટલીકવાર તો માણસને ખબર પણ નથી પડતી કે તેનામાં ઈર્ષ્યા પડેલી છે. આ જ સંદર્ભમાં અંગ્રેજ અભિનેતા ગીલગડ 'ઓથેલો'ની ચર્ચા કરતાં કહેતો હતો : 'આ ઈર્ષ્યા કઈ બલા છે એની મને જાણ નથી.' પછી સ્હેજ અટકીને તે બોલ્યો : 'હા, ખબર પડી ગઈ. ઑલિવરે હેમ્લેટની ભૂમિકા અદ્‌ભુત રીતે ભજવી બતાવી ત્યારે હું રડી પડેલો...'

જો કે દરેક સફળ માણસની આપણને ઈર્ષ્યા નથી થતી. ટાટા કે બીરલા યા આઈન્સ્ટાઈન કે જે. કૃષ્ણમૂર્તિની ઈર્ષ્યા મને કોઈ દિવસ નથી થતી. ગમે તેવા માણસો ભારતના વડાપ્રધાન થઈ જતા હોવા છતાં વડાપ્રધાનની અદેખાઈ કરવાને બદલે તેમની દયા ખાવી પડે એવા ખરાબ દિવસો તેમને માટે ચાલી રહ્યા છે. કહેવાય આખા દેશનો વડો, પણ જે પ્રજાએ તેને ચૂંટ્યો છે એ જ પ્રજાથી બ્હીને, બખ્તર પહેરીને તેને ફરવું પડે છે. અંગરક્ષકોની મદદ વગર પ્રજાની વચ્ચે મુક્તપણે તે ફરી શકતો નથી. પ્રાણીબાગ કે સરકસના પાંજરામાં પુરાએલ સિંહ કરતાં તેની સ્થિતિ લગીરે સારી નથી. વડાપ્રધાનનું આ સ્થાન મેળવવા એકબીજાના ટાંટિયા ખેંચનાર માણસો મને હમેશાં ટ્રેજિકૉમિક લાગ્યા છે.

કોઈ આપણી દયા ખાય એ કરતાં આપણી ઈર્ષ્યા કરે એ વધુ સુખદ પરિસ્થિતિ છે - ફળોથી લચેલા વૃક્ષ પર જ લોકો પથ્થરો ફેંકતા હોય છે. પેન્સિલ કરતાં રબરનો ઉપયોગ કરનારાઓની સંખ્યા વધુ મોટી હોય છે. એક માણસ પેન્સિલ વડે લીટી દોરતો હોય ત્યારે તે લીટી ભૂંસવા માટે ઘણા લોકો રબર સાથે ત્યાં ધસી જતા હોય છે. આમ તો કોઈ લીટીની પાસે મોટી લીટી દોરવાથી જ તે આપોઆપ નાની થઈ જાય છે, પણ બધામાં મોટી લાંબી લીટી દોરવાની તેવડ નહીં હોવાથી તે મોટી લીટીને કાપવામાં પોતાની તમામ શક્તિઓ કામે લગાડતા હોય છે. પંડિત જવાહરલાલ નેહરુ અને સરદાર વલ્લભભાઈ પટેલ બંને સમાન્તર રેખાઓ જેવા હતા. પોતપોતાની રીતે બંને કામ કરતા હતા, પણ નેહરુને સરદારમાં પોતાનો હરીફ દેખાયો. સરદારની તેમને ઈર્ષ્યા થવા લાગી. સરદાર જીવ્યા ત્યાં સુધી જ નહીં, અવસાન પામ્યા પછીય નેહરુમાં સરદાર માટેનો વિદ્વેષ ટકી રહ્યો હતો. સરદારની સ્મશાનયાત્રામાં ભાગ લેવાની રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની અદમ્ય ઇચ્છા હતી, પણ નેહરુએ તેમને મુંબઈ જવા દીધા નહોતા ને રાષ્ટ્રપતિ રડી પડ્યા હતા. સરદાર વલ્લભભાઈની સમાધિ માટે જગ્યા પણ ફાળવવા દેવામાં નહોતી આવી ને તેમની ટપાલ ટિકિટ પણ બહાર ના પડે એવી વ્યવસ્થા નેહરુએ કરી હોવાનું મનાય છે. આ બધાની પાછળ ભાવના માત્ર એટલી જ કે સરદાર તેમનાથી મોટા ના થઈ જવા જોઈએ.

આ બધું હોવા છતાં જે માણસ ગરીબ હોય તેની ગરીબીની કોઈ ઈર્ષ્યા નથી કરતું. પ્રમાણિક માણસની પ્રામાણિકતાની કોઈને અદેખાઈ નથી આવતી કે મહેનતકશ ઇન્સાનનો કોઈને દ્વેષ નથી થતો. પણ કોઈ આળસુ માણસ બગાસું ખાય ને તેના મોંમાં પતાસું પડે તો તેની ઈર્ષ્યા ડાયાબીટીસના દરદીને પણ થવાની જ ! □

મારા બાપાજી

કમલા પરીખ

ભૂતકાળની ભૂમિમાંથી એક એક પડ ઊંચકાતું જાય છે અને પ્રકટે છે એક ભવ્ય આકૃતિ. એ છે મારા બાપાજી, મારા પિતાજી. સાડા પાંચ ફુટથી પણ વધુ ઊંચાઈ, સપ્રમાણ શરીર, ભવ્ય ચહેરો, સુઘડ, વ્યવસ્થિત પોશાક- અને મારી આંખો આ આકૃતિ પર જડાઈ અને હરખાઈ ઊઠે છે. મન કૂદકે અને ભૂસકે ભૂતકાળની પેલી ભુલાઈ ગયેલી દુનિયામાં દોડવા લાગે છે.

કેવા હતા એ દિવસો? બાપાજીની ઓળખાણ તો છેક બચપણમાં થયેલી હશે. પણ તેનો બહુ ખ્યાલ નથી. પણ અમદાવાદમાં પીપરડીની પોળમાં અગાશીમાં છાપરા પર ઉનાળામાં રાત્રે સૂતેલા બાપાજીના શબ્દો યાદ આવે છે. તેઓ કહેતા કે જે તેમના પગ સરસ દબાવે તેને સોનાના દાગીના ભરેલો ડબ્બો મળે. અને અમે બહેનો પગ દબાવવાની હોડમાં લાગી જતી. અમે ચાર બહેનો અને બે ભાઈ. આમ બાપાજીના છ સંતાનો હયાત હતાં. બાળપણમાં તો એમનો બહુ સંપર્ક રહેતો નહીં, કારણ તેમને પોતાને એક મિલ હતી જેનું નામ ફાઈન મિલ્સ હતું. તેઓ તેમાં વ્યસ્ત રહેતા, પણ મિલ ફડચામાં ગયા પછી થોડો સંપર્ક સધાતો. બાકીનું બાળપણ ખેલકૂદ અને તોફાનમસ્તીમાં વીત્યું.

બાપાજીએ બાળપણમાં માતાની હુંફાળી ગોદ ગુમાવેલી. તેમના પિતા એટલે કે મારા દાદાજી જેઓ ઈશ્વરભાઈ ભગતના નામે ઓળખાતા તેમણે બે દીકરા અને બે દીકરીઓને એકલે હાથે ઉછેર્યાં અને મા અને બાપની બેવડી ફરજ નીભાવી સંતાનોને સંસ્કારી બનાવેલાં. બાપાજીની હિંમતને દાદ દેવી પડે. મિલ ચાલી ગઈ તેથી થોડી નિરાશાએ તેમને ઘેરી લીધા, પણ હિંમતે સાથે ના છોડ્યો.

તે જમાનાના શેઠિયાઓની પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. શેઠશ્રી મંગળદાસ ગીરધરદાસ પારેખે બાપાજીને ખૂબ સધિયારો આપેલો અને કહેલું કે 'જી. આઈ. પી.', જરા પણ ગભરાઈને હિંમત હારશો નહીં.' બાપાજીનું નામ ગોરધનભાઈ ઈશ્વરભાઈ પટેલ હતું પણ તેઓ તેમના નામના આદ્યાક્ષરો પ્રમાણે જી. આઈ. પી.ના હુલામણા નામે ઓળખાતા. પછી તો અમદાવાદની મિલોના શેઠિયાઓએ તેમનો હાથ પકડી લીધેલો અને તેમને મિલ ઓનર્સ એસોસિએશનના સેક્રેટરી પદે નિયુક્ત કર્યા. તેમની નિષ્ઠા, નિયમિતતા, વફાદારી અને પ્રામાણિકતાનો આ કેવો સરસ બદલો મળ્યો હતો. પ્રામાણિકતા તો તેમણે પૂરેપૂરી પચાવેલી. નવી નોકરીમાં નિયુક્ત થયા ત્યાં ઉપરના પૈસા મળે એવી શક્યતાઓ હતી. ઑફિસના એક કારકુને મારાં બાને વાત કરેલી કે આવતી લક્ષ્મીને બાપાજી ઠુકરાવે છે અને બાએ જ્યારે લક્ષ્મી સ્વીકારવા બાપાજીને સમજાવવા માંડ્યા ત્યારે એમણે જે જવાબ આપેલો તેના પર તો અત્યારે પણ હું ફિદા થઈ જાઉં છું. તેમણે કહેલું કે 'અણહકના પૈસા હું લઉં, ભોગવટો કુટુંબ કરે અને પરમેશ્વરના દરબારમાં જવાબ આપતાં મારે નત મસ્તકે લજ્જિત થવું પડે તેવું કામ કરવા હું બિલકુલ તૈયાર નથી.'

એક પ્રસંગ મારી હાજરીમાં બનેલો તે મને બરાબર યાદ છે. પેટલાદની રાજરત્ન મિલમાં હોટેલ કરવા માટે બે હરીફો હતા. તેમાંનો એક હરીફ એક રાત્રે અમે અગાશીમાં બેઠેલા ત્યારે આવ્યો અને હોટેલનો ઇજારો તેને મળે તેવી વિનંતી કરી થેલીમાંથી ચાંદીનો ટી સેટ કાઢી બાપાજીના પગ પાસે મૂક્યો. પૂછપરછ કરતાં તેમણે જ્યારે જાણ્યું કે આ તો એક પ્રકારની લાંચ છે કે તરત જ તેને ધમકાવી, 'Get out' એટલા જોરથી બોલેલા કે એ જોશીલો પ્રામાણિક અવાજ આજેય મારા કાનમાં ગાજે છે.

એમના સદ્‌ગુણો શેઠશ્રી પ્રાણસુખભાઈ મફતલાલ ગગલભાઈએ પારખી લીધા અને નડિયાદની ધ ન્યૂ શૉરોક મિલ્સના મેનેજરપદે તેમને લઈ ગયા. નડિયાદનો વૈભવ કાંઈ જેવો તેવો નહોતો. બે બંગલા, એક વિક્ટોરિયા ગાડી, ઘોડો, બે ભૈયા, ત્રણ નોકરો, એક મોટર, રસોઈયો- આ બધા વૈભવ વચ્ચે પણ બાપાજી નિરાભિમાની બનીને રહેતા હતા. કોઈને હલકા કે નીચા ગણવાની તેમનામાં વૃત્તિ જ નહોતી. અમારી પોતાની પણ એક વિક્ટોરિયા તથા ઘેરા બદામી રંગનો ઘોડો અને ગાડી હાંકનાર મહમદમિયાં હતો. આ બધી સામગ્રી અમે નડિયાદ લઈ ગયેલા ત્યારે શેઠે મહમદમિયાંનો પગાર મિલ આપશે તેમ બાપાજીને કહેલું પણ બાપાજીએ નમ્રતાથી તેનો અસ્વીકાર કરી જણાવેલું કે એ બાબત તેમની વ્યક્તિગત બાબત છે તેથી મહમદમિયાંને પગાર પોતે જ આપશે. બાપાજી તો કોઈક જુદી જ માટીના હતા. દાદાજીના સંસ્કારો તો વારસામાં મળેલા પણ તેમાં ઉમેરો થયેલો. તેમના સદ્‌ગુરુ શ્રીમન્ નૃસિંહાચાર્યજીના શિષ્યનો સમૂહ અત્યંત બુદ્ધિશાળી, ઇમાનદાર અને વિદ્વાન વર્ગ હતો. એમાં હતા શ્રી છોટાલાલ માસ્તર (જેઓ વિશ્વવંદ્યના નામે ઓળખાતા), શ્રી નર્મદાશંકર મહેતા, શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજી, શ્રી હરિલાલ કણિયા, શ્રી ચુનીલાલ ઓઝા, શ્રી કેશવલાલ શાહ, શ્રી નગીનદાસ સંઘવી વગેરે. આ ગુરુજીની અસર તેમના રોજબરોજના જીવનમાં પણ સ્પષ્ટ પણે દેખાતી. સવારે છ વાગે ઊઠવું, વર્તમાનપત્રો વાંચવાં, શરીરે તેલ માલિસ કરવું અને બે કલાક પૂજા કરવા બેસવું. પૂજામાં બેસવા માટે કોતરણીવાળું સીસમનું સિંહાસન હોય, સોનાના સૂર્યયંત્ર પર મંત્રોચ્ચાર સાથે આચમનીમાં ભરેલાં જળથી અભિષેક થતો હોય, ઘીનો નાનકડો દીપ પ્રકટેલો હોય અને વાતાવરણ ભક્તિમય બની ગયેલું હોય. ત્યારબાદ પદ્માસનવાળી પ્રાણાયમ. થાય અને છેલ્લે આકાશસ્થિત સૂર્યને જળથી અંજલિ અર્પિત થઈ નમસ્કાર

થાય. આ નિયમ છેક સુધી ચાલેલો. સાંજે પણ અડધો કલાક પૂજામાં બેસીને અનુષ્ઠાન થાય. જ્ઞાતિએ પટેલ, પણ જનોઈ પહેરતા. તેમની જનોઈ જોઈને તો અમે મોઢામાં આંગળા નાંખી દેતાં. રોજ નહાતી વખતે સાબુથી જનોઈ સ્વચ્છ કરી સફેદ બનાવે. તેમનો ન્હાવાનો સાબુ, ટૂથપેસ્ટ બધું જ અલગ રાખે. ગંદકી તો એમને જરા પણ પસંદ નહીં. ગમે ત્યાં થૂંકવું તેને તો તે અસભ્યતા ગણતા. તેમનું ધોતિયું સ્વચ્છ, બગલાની પાંખ જેવું સફેદ હોય. પોશાકમાં તેમને ધોતિયું, પહેરણ, લાંબો કોટ અને ટોપી પહેરતાં મેં જોયેલા. તે પહેલાં પાટલૂન, ખમીસ અને જાકીટ પહેરતા તેના ફોટા જોયેલા. દરેક પોશાકમાં તે ગૌરવવંતા લાગતા. ઉઘાડા શરીરે તો કદાપિ બેસે નહીં. અસહ્ય ગરમી હોય તો પણ શરીર પર મલમલનું પારસીશાઈ પહેરણ પહેરેલું હોય. ઉઘાડા બેસવું એ એમને મન જંગાલિયત હતી.

નાની ઉંમરમાં શ્રેયસ્સાધક મંડળના કોઈ કામે તેઓને પરદેશનો પ્રવાસ ખેડવો પડેલો. મારા દાદાજીએ તે સમયે તેમની પાસે માંસાહાર તથા દારૂ નહીં પીવાની પ્રતિજ્ઞા લેવડાવેલી, જે એમણે સંપૂર્ણપણે પાળેલી. તે વખતે પરદેશમાં હાલના જેવી શાકાહારી હોટેલોની સગવડ નહોતી તેથી તેમણે બટાટા પર સારો એવો હાથ અજમાવેલો. પરિણામે લગભગ ત્રીસેક વર્ષની ઉંમરમાં મધુપ્રમેહના શિકાર બનેલા. જે છેક મૃત્યુપર્યંત સાથીદાર રહેલો. પણ તેઓ જબરા સંયમી હતા હોં. મધુપ્રમેહ બાદ ખાવાપીવામાં તેમના જેવો સંયમ ભાગ્યે જ કોઈ પાળી શકતું હોય. બીલકુલ મોળી ચ્હા, કંદમૂળ બકાત, ગળપણને વિદાય, કોળિયો ભાત અને ત્રણ રોટલી. સાંજે ઘણુંખરું બાજરીના રોટલા સાથે દૂધ લેતા. તેઓ માનતા કે બસ ખાવું એ જ જીવનનું ધ્યેય નથી. વધારે ખાવાથી જીવન ટકે છે તે માન્યતાને તેઓ રદિયો આપતા. અને તે એમણે ૯૨ વર્ષ જીવી પુરવાર પણ કરી આપ્યું. જીવવા માટે ખાવાનું છે, ખાવા માટે જીવવાનું નથી એ એમનો અમોઘ જીવનમંત્ર હતો. આપણી થાળીમાં ગમે તેટલાં મિષ્ટાન પીરસેલાં હોય પણ તેઓ કદી લલચાય નહીં. પોતાનો ખોરાક આનંદથી કોઈ પણ જાતની ફરિયાદ વગર જમે. તે ખોરાકપ્રિય નહીં પણ પુસ્તકપ્રિય હતા. અમારા ગામ સોજિત્રામાં સૌપ્રથમ બી. એ. થનાર તેઓ હતા. ત્યારે ગામલોકોએ તેમને સન્માનેલા. આ ભણતરે તેમને પુસ્તકઘેલા બનાવેલા. કોઈ સારા પુસ્તકની જાહેરાત પેપરમાં વાંચે કે તરત જ પછી ભલેને પરદેશનું પુસ્તક હોય પણ તે મંગાવવાનો ઓર્ડર મૂકી દે. બાર મોટા કબાટનું એક પુસ્તકાલય તેમણે વસાવેલું અને જાહેર પુસ્તકાલયની જેમ જ તેની ગોઠવણી અને વ્યવસ્થા તથા નોંધ હોય. ક્યાંય કશી ભૂલ ના હોય. તેમના પુસ્તકાલયમાં કબીરવાણી હોય તો સાથે સાથે યોગિનીકુમારી પણ હોય, અખેગીતા હોય તો વળી ત્રિભુવનવિજયી ખડ્ગ પણ હોય, ભામિનીભૂષણે ય હોય અને કુમારના અંકોની ફાઈલો પણ હોય. કલ્યાણ, ગીતાધર્મ, વૈદિક પુસ્તકો, માનસશાસ્ત્ર અને ટેક્ષટાઈલ તથા સાહિત્યનાં પુસ્તકો પણ હોય. સરસ્વતીચંદ્રની સાથે ટેનીસનનું ઇન મેમોરિઅમ પણ હોય. આ બધાં પુસ્તકો વાંચી બાજુમાં તેઓની નોંધ પણ લખેલી જોવા મળે. કેટલીકવાર કાવ્યો પણ લખતા. સંગીતના પણ ભારે રસિયા.

તેમનો વહીવટ બેનમૂન હતો. નડિયાદ મિલમાં રોજ દરેક ખાતામાં ફરે અને ઘણીવાર રાત્રે પણ અચાનક ખાતાં તપાસવા નીકળી પડે. જ્યાં ચોરી-ચપાટી ચાલતી હોય ત્યાં પકડી સખ્તાઈથી કામ લે. એક પ્રસંગ બનેલો મને હજુ બરાબર યાદ છે. શેઠશ્રી મફતલાલના પૌત્ર જેઓ તે સમયે વીસબાવીસ વર્ષના હશે તેઓ નડિયાદ આવતા અને મિલનો વહીવટ તપાસતા. એક વખત એક જોબરને તેમણે છૂટો કરવાનું નક્કી કર્યું. બાપાજીએ તત્કાલ એ પગલું જોખમભર્યું છે એમ કહી તેમને વીનવ્યા, પણ શેઠ ના માન્યા અને જોબરને સાંજે છ વાગે બીજી પાળીમાં છૂટો કરી દીધો અને પોતે અમદાવાદ ચાલી ગયા. હવે ખરી તકલીફનો સામનો તો બાપાજીને કરવાનો આવ્યો. વહીવટીય કાર્યદક્ષતા દાખવવાનો પ્રસંગ આવી પડ્યો હતો. કારણ કારીગરો મિલમાં સાંચા બંધ કરી હડતાલ પર ઊતરી ગયા હતા અને સાંચા પાસે જ બેસી ગયા હતા. બાપાજીની અગ્નિપરીક્ષાની એ વેળા હતી. અમારા બધાંના જીવ પડીકે બંધાયા હતા. જો કોઈ કારીગર રૂના ઢગલામાં એક દીવાસળી ચાંપી દે તો પરિણામ ભયંકર હતું પણ બાપાજી એટલે હિંમતનું બીજું નામ. સવારે ત્રણ વાગે બીજી પાળી બંધ થાય ત્યાં સુધી મિલમાં તેઓ ચોમેર ફરતા રહ્યા એટલું જ નહીં પણ કારીગરો માટે હોટેલો ખોલાવી નાસ્તો, ચ્હા વગેરેની સગવડ કરી. તેમને પત્તાં પણ મંગાવી આપી રમવા આપ્યાં. સહુની સાથે મિત્રતાથી વર્ત્યા. ત્રણ વાગે મિલની વિસલ વાગી અને બધા કારીગરો ધીમે ધીમે વિદાય થયા કે તરત જ મિલના મુખ્ય ઝાંપા ઉપર 'Lock Out' નું પાટિયું લટકાવી દીધું. સમગ્ર પરિસ્થિતિ તેમણે પોતાના હાથમાં લઈ લીધી. પૂરા એકવીસ દિવસ 'Lock Out' રહ્યો અને જ્યારે કારીગરો મિલ ચાલુ કરવાની વિનંતી સાથે આવ્યા ત્યારે બાહોશીથી નાના શેઠની પ્રતિષ્ઠાને ક્યાંય ઝાંખમ ન લાગે તેવી રીતે શરત મૂકી કે શેઠે જે જોબરને રજા આપી છે તેને ફરીથી કામ પર લેવાશે નહીં અને તો જ મિલ ચાલુ થઈ શકશે. મજૂરોએ તેની સ્વીકૃતિ આપી. આમ છતાં તેમને મજૂરો પ્રત્યે અપાર સહાનુભૂતિ હતી. મજૂરોના કલ્યાણ માટે હંમેશા તે તત્પર રહેતા. અમદાવાદના એક મિલમાલિકના બંગલાને એલિસબ્રીજમાં મજૂરોએ મોંઘવારી માગવા ઘેરી લીધેલો. એમનો ફોન નડિયાદ બાપાજી પર આવ્યો કે તેમનું કુટુંબ આફતમાં હોવાથી બાપાજીએ ત્વરાથી અમદાવાદ પહોંચવું. જ્યારે તેઓ અમદાવાદ પહોંચ્યાં ત્યારે બંગલો ઘેરાઈ ગયો હતો. પણ મજૂરોએ એમને જોયા કે બધાના ચહેરા પર આનંદની લહેર છવાઈ ગઈ. બાપાજીએ મોંઘવારી નક્કી કરી આપી અને શાંતિભર્યું સમાધાન થયું. મજૂરોના સંદર્ભમાં તેમને પૂ. ગાંધીજીને પણ ઘણીવાર મળવાનું થયું હતું.

બાપાજી ખૂબ સ્વમાની હતા. શેઠશ્રી મફતલાલને ખબર પડી કે બાપાજીને નાના શેઠ સાથે બહુ ગોઠતું નથી. તરત જ તેમણે બાપાજીને મુંબઈની સ્ટાન્ડર્ડ મિલ્સના મેનેજરનો હોદ્દો સંભાળવા મુંબઈ બોલાવ્યા. નડિયાદ મિલને અલવિદા કરી તેઓ મુંબઈ જવા નીકળ્યા ત્યારનું દૃશ્ય હૃદયદ્રાવક બની ગયું હતું. પ્રથમ બાપાજી એકલા જ જવાના હતા. અમે બધાં સ્ટેશને તેમને મૂકવા ગયાં પણ આશ્ચર્યચકિત થઈ ગયાં. સ્ટેશનનું સમગ્ર પ્લેટફોર્મ કીડિયારાની જેમ ઊભરાતું હતું. ગામના લોકો, મજૂરો અને

બીજા ઘણા વિદાય આપવા આવેલા. ગાડી આવતાં જ મજૂરોએ તેમના ડબ્બાને ફૂલોથી શણગારી દીધો. બાપાજી તો ફૂલોના હારથી લગભગ ઢંકાઈ ગયા હતા. સ્ટેશન પર ગાડીને પણ થોડો સમય વધારે થોભાવવી પડેલી. ગાડી ઊપડતાં અશ્રુભરી આંખોથી અલવિદા કરતા મારા બાપાજીની એ મૂર્તિ અદૃશ્ય થઈ ત્યાં સુધી અમે જોતાં જ રહ્યાં અને ત્યારે તેમણે મજૂરોના પ્રાપ્ત કરેલા પ્રેમની પ્રતીતિ અમને સહુને થઈ. સ્ટાન્ડર્ડ મિલ્સમાં પણ શ્રી મફતલાલના અવસાન બાદ મન માન્યું નહીં તેથી મિલની ચર્ચગેટ પર આવેલી ઑફિસમાં તેમણે હોદ્દો સંભાળ્યો. પરંતુ નાના શેઠે એક દિવસ બાપાજી મોડા આવી ઘેર વહેલા પાછા જાય છે તેવો પ્રશ્ન ઉઠાવ્યો. ખીસામાં રાખેલી ડાયરી તેમણે તરત જ શેઠને બતાવી જેમાં તેમનો દરરોજનો આવવા અને જવાનો સમય નોંધેલો હતો. તરત જ તેમણે રાજીનામાનો પત્ર શેઠના હાથમાં ધરી દીધો. મારાં બાએ આ જાણીને ખૂબ દુઃખ થયું. હજી બે દીકરી પરણાવવાની બાકી હતી અને પૈસાની પણ જરૂર હતી. પરંતુ બાપાજી એટલે સ્વમાનનો કટકો. તેમની પ્રામાણિકતા અને નિષ્ઠાને કોઈ પડકારી શકે તેમ નહોતું, અને જો કોઈ પડકારે તો તે સાંખી શકે તેમ નહોતા. ત્યારબાદ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ તેમને મુંબઈમાં જ સ્ટેટિસ્ટિકલ મૅનેજર તરીકે લઈ ગયા, પણ ત્યાંય પેલી પ્રામાણિકતા બાધક સાબિત થઈ અને છ મહિનામાં ઘરે પાછા ફર્યા. પછીથી તો ચક્ર ચાલ્યું. સોજિત્રા અમારા વતનમાં અમે મારી બહેનનાં લગ્ન માટે ગયેલાં ત્યાં પેટલાદ રાજરત્ન મિલ્સના માલિક બાપાજીને આવીને પેટલાદમાં મૅનેજરપદે લઈ ગયા. ત્યાં પણ મોટા શેઠના મૃત્યુ બાદ બરાબર ફાવ્યું નહીં અને છેલ્લે શેઠશ્રી રમણલાલ લલ્લુભાઈ અમદાવાદની વિક્રમ મિલમાં તેમને લઈ આવ્યા. અહીં પણ એ જ ઈતિહાસ દોહરાયો એટલે નોકરી છોડી દીધી. હવે આંખે મોતિયા આવતા હોવાથી કાનપુરની એક મિલ તથા કલકત્તાની મિલ એમ બે મિલોની આવતી ઑફરોને તેમણે નકારી.

ચરોતરનાં છ ગામના પટેલની જ્ઞાતિમાં છોકરીઓને શિક્ષણ આપવાની બાબતમાં માબાપ પાછી પાની કરતાં, પણ બાપાજીએ અમને ચારેય બહેનોને શિક્ષણ આપવામાં સ્હેજે કચાશ રાખેલી નહીં. અમને નડિયાદમાં સહશિક્ષણની સરકારી શાળામાં ભણવા મૂકેલાં. ઘેર પણ બે શિક્ષકો ભણાવવા રાખેલા. દીકરા-દીકરીનો ભેદ ક્યારેય રાખેલો નહીં. મારી નાની બહેનને સોજિત્રામાં ટાયફોઈડ થયેલો ત્યારે પેટલાદથી બરફ અને આણંદથી મોસંબી મંગાવવાની તેમણે જ વ્યવસ્થા કરેલી. દરરોજ ડૉક્ટર વિઝિટ પર આવે. ગામના લોકો તો અચંબો પામેલા કે નાતમાં છોકરીની આટલી બધી સારવાર હોય? મારું ભણતર તો નડિયાદથી મુંબઈ ગયાં ત્યારે બાના આગ્રહથી અટકી ગયેલું, મેં ૧૯૫૭માં ફરીથી શરૂ કર્યું. અમે નડિયાદમાં ભણતાં ત્યારે અમારા પ્રગતિપત્રકની બરાબર ચકાસણી કર્યા બાદ જ બાપાજી તેમાં સહી કરે. અમે જ્યારે તોફાન કરતાં પકડાઈ જઈએ ત્યારે શિક્ષા પણ અજબગજબની મળતી. બાપાજી પોતે બપોરે ગાદી પર સૂઈ જાય અને માથા આગળ મારે બેસવાનું. હાથમાં આપે સરસ્વતીચંદ્ર કે ભામિનીભૂષણ અને શિક્ષારૂપે આ પુસ્તકોમાંથી નિશાની કરેલા ફકરાઓનું અંગ્રેજીમાં ભાષાંતર કરાવે. કોકવાર ભારે તોફાન કર્યું હોય તો કાન તમતમી જાય તેવા લાલચોળ ગાલ પણ કરી દે. મારી સ્કૂલમાં એક વાર વાર્ષિક પ્રોગ્રામમાં હું પૂજારણનું નૃત્ય કરવાની હતી તે માહિતી બાપાજીને મળી. નડિયાદ છ ગામમાંનું ચરોતરના પટેલનું એક સારું ગામ ગણાય અને ત્યાં પટેલની દીકરી એકલી સ્ટેજ પર નૃત્ય કરે તો હોહા મચી જાય. બસ, બાપજીનું ફરમાન છૂટ્યું કે જો, હું એકલી સ્ટેજ પર નૃત્ય કરીશ તો પ્રથમ હરોળમાં બેઠલા તેઓ હાથ પકડી તે જ ઘડીયે ઘેર લઈ જશે. હવે બોલો, મારે શું કરવું? નાછૂટકે શાળાના શિક્ષકોને સ્ટેજની બે બાજુએ પાંચ પાંચ છોકરીઓને એક જ પોઝમાં ઊભી રાખવી પડી. પડદો ઊંચકાયો પણ વાઘ જેવા બાપાજીને પ્રથમ હરોળમાં બેઠલા જોઈને મારો પગ પણ ઊંચો ના થાય ત્યાં હાથની મુદ્રા કે મુખના હાવભાવ તો પ્રકટે જ ક્યાંથી? મારું પ્રથમ ઇનામ મેં ગુમાવ્યું અને ત્રીજું આશ્વાસન ઇનામ મેળવી સંતોષ પામી. બાપાજીને સંગીત, નૃત્ય, ચિત્ર બધી જ કલામાં રસ હતો, પણ પેલી પટેલ જ્ઞાતિ આડે આવતી.

એમનું આત્મબળ પણ અવર્ણનીય. મારાં મોટાબહેનનો હાડકાના ટીબીને લીધે પગ કાપી નાંખેલો, મારાં ફોઈને કંઠમાળની ગાંઠોનું ઑપરેશન કરેલું અને વી. એસ. હૉસ્પિટલમાં મારાં બાને ગળાની અંદર દેખાય તેવા ભાગમાં કેન્સરનું નિદાન થયું. ડૉ. મોતીભાઈ પટેલ મૂંઝાયા, કારણ તે બાપાજીના પરમ મિત્ર હતા. ત્રણ દર્દીઓને જી. આઈ. પી. શી રીતે સંભાળશે તેની ડૉક્ટરને ભારે વિમાસણ હતી. બાનું ઑપરેશન થયું. ત્રણેય દર્દીઓને બાપાજીએ કાળજીપૂર્વક સંભાળ્યા. ત્યારબાદ બા ઘણું સરસ સ્વાસ્થ્યપૂર્ણ જીવન જીવી ગયેલાં. તેવો બીજો દાખલો પણ યાદ આવે છે. વર્ષો પૂર્વે ઇન્ફ્લ્યુએન્ઝાના રોગે અમદાવાદને ભરડામાં લીધેલું. ટપોટપ માણસો મરતાં હતાં. બાપાજી પણ આ રોગમાં ઝડપાયા. ડૉક્ટર મણિલાલ ભગતે મારાં બાને બાપાજીના રોગની ગંભીરતા બાજુના ઓરડામાં લઈ જઈ સમજાવી. બાપાજી તે જાણી ગયા અને ડૉક્ટરને બોલાવી તેમણે કહ્યું કે હજુ તેમને મરવાનાં બહુ વર્ષો બાકી છે. હજુ દુનિયામાં તેમને ઘણા કામો કરવાનાં છે. ડૉક્ટર દર્દીની આ હિંમત જોઈને આશ્ચર્ય પામી ગયા અને એથી વધુ આશ્ચર્ય તો અમને બધાંને ત્યારે થયું કે ડૉક્ટર મણિભાઈ બાપાજીના અવસાનનાં ઘણાં વર્ષો પૂર્વે અવસાન પામી ગયા.

જન્મે તેઓ પટેલ હતા, પણ તેમનો માંહ્યલો તો સુધારક થવા મથતો. અમારી જ્ઞાતિનો તેમને બિલકુલ અનુભવ નહીં. બે ભાઈ અને બે બહેનોને દહેજ લીધા વગર પરણાવેલાં, પણ મારા તથા મારી નાની બહેનનાં લગ્નમાં તેમને પરાણે દહેજ આપવું પડેલું, જે તેમને ખૂબ ખૂંચેલું. મારી બા રિવાજોમાં ચુસ્ત. વળી, છ ગામના પટેલ અને ચાર-ચાર દીકરીઓ - આ બધી તેમની મૂંઝવણ હતી. મેં તેમને બે વખત રડતા જોયેલા. મારી ઉંમર વીસ વર્ષની થયેલી. તે સમયે આટલી ઉંમરની કુંવારી છોકરી સાપનો ભારો ગણાતી. મારી બાના કકળાટથી વાજ આવી જઈ મેં પ્રથમ વખત તેમને રડતા જોયા ત્યારે હું હેબતાઈ ગયેલી. બીજો પ્રસંગ મારા પ્રથમ લગ્ન વખતે શ્વસુરગૃહે વિદાયનો હતો. પૂજાની ઓરડીમાં તેઓ પદ્માસન વાળી પૂજા કરતા હતા. કન્યાના પોશાકમાં સજજ હું વિદાય લેવા તેમના ચરણોમાં નમી. તેમણે મને જોઈ ઊભા થઈ હૃદય સાથે ચાંપી બોલ્યા, 'આજે હું દીકરી નહીં પણ મારો

દીકરો સાસરે વળાવું છું. મને તારી બહુ હૂંફ હતી.' અને તેમની આંખોનો પેલો નાયગરા મારા શરીરને ભીંજવતો રહ્યો. મારી આંખોએ પણ માઝા મૂકી દીધી. આ પ્રસંગને તો હું જિંદગીભર ભૂલી શકીશ નહીં. મારા એ પ્રથમ લગ્નમાં હું સુખી નહોતી તે તેઓ થોડા સમયમાં જ જાણી ગયા હતા. મને ધૈર્ય અને હિંમત આપતા તેમના પત્રો મળતા, પણ બહુ લાંબુ ચાલ્યું નહીં અને હું પિયરના એ માળામાં પાછી ફરી. મેં ભણવાનું નક્કી કર્યું. કુટુંબીજનોને તે મંજૂર નહોતું. પરિસ્થિતિ થાળે પડવાની તરફેણમાં બધાં હતાં, પણ હું ક્રાંતિકારી બની હતી. મેં ખાનગી વર્ગ ભરી એસ. એસ. સી.ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી. એસ. એલ. ડી. કોલેજમાં એમ. એ. સુધી અભ્યાસ કરી તે જ કોલેજમાં પ્રાધ્યાપિકા તરીકે પચીસ વર્ષ સુધી સેવાઓ આપી.

નોકરી સ્વીકાર્યા પછીનો તબક્કો મારે માટે કારુણ્યથી ભરપૂર બની ગયો. પ્રથમ લગ્નથી છૂટાછેડા મળતાં મેં બીજા લગ્ન કર્યાં. જે મારા બાપાજીએ મંજૂર ન રાખ્યાં. હજુ પણ મારું મન કહે છે કે મારાં કુટુંબીજનો જડ ન થયાં હોત તો બાપાજી સહર્ષ મારા બીજા લગ્નનો સ્વીકાર કરત. બીજા લગ્ન પછી મારા મોટા બનેવી બાપાજી પાસે લઈને મને ગયા. પૂજાના રૂમમાં તેમને સિંહાસન પર બેસાડી, હાથમાં ફૂલ આપી મારા નત મસ્તક પર વરસાવવા તેમણે બાપાજીને વિનંતી કરી. વ્યથિત હૃદયે, ઉત્સાહરહિત તે વિનંતીને અનુસર્યા, પરંતુ પેલો પ્રથમ લગ્નની વિદાયવેળાનો નાયગરાનો પ્રવાહ સાવ સુક્કો ભઠ્ઠ થઈ ગયો હતો. જો કે મારી આંખો તો વરસતી જ હતી. બસ, એ અમારો લગભગ છેલ્લો મેળાપ. મારી બાનું અવસાન થયું તે સમાચાર વર્તમાનપત્રોમાં વાંચી હું બાપાજીને જોવાની લાલચથી પિયર પહોંચી. બાપાજી પલંગમાં બેઠા હતા. લેંઘો અને ઝબ્બો પહેર્યા હતાં. મેં પ્રથમ વખત જ તેમને આ પોશાકમાં જોયા અને વર્ષો પૂર્વેની મૂર્તિ નજર સમક્ષ ખડી થઈ ગઈ. ક્યાં ગયો પેલો ધોતિયું, કોટ અને ટોપીનો પોશાક? ક્યાં ગયા મારા દોરદમામવાળા પેલા સિંહ સમાન બાપાજી? ક્યાં અલોપ થઈ ગઈ પેલી ગજબની પ્રતિભા? બારશાખ પકડી હું ઊભી રહી ગઈ. પાંપણોએ પરાણે આંસુનો ભાર ઝીલી રાખ્યો હતો. ત્યાં તો તેઓ બોલ્યાં, 'મારા સાથીદાર મને એકલો મૂકીને જતાં રહ્યાં.' અને ડૂવો ભરીને હું રોઈ પડી. થયું કે બાપાજીના ખોળામાં મસ્તક મૂકી વર્ષોથી થીજી ગયેલી મારી સુતાસ્નેહની આંસુભરી સરવાણીથી તેમનો ખોળો ભીંજવી દઉં, તેમના કરકમલનો સ્પર્શ પામું; પણ ત્યાં તો કુટુંબીજનો આવી પહોંચ્યાં, અને બાપાજીને સુવાડી દીધા. ભારે હૈયે, અધૂરા અરમાનો લઈને હું પાછી ફરી. ત્યારબાદ મેળાપ સુલભ ના થયો. તેમનો મૃત્યુસંદેશો મળતાં ગુલાબનાં પુષ્પો લઈ હું પહોંચી. તેમના મૃતદેહને ઓરડામાં સુવાડ્યો હતો. તેમના ચરણોમાં પુષ્પો અર્પિત કરી આસુંના ખોબે ખોબે તેમના ચરણો ધોયા. પેલી તે દિવસે અધૂરી રહેલી ઇચ્છા ત્યારે પૂરી તો થઈ પણ તે જોનાર મારા બાપાજી નહોતા. મારે તો તેમનો આશિષ વરસાવતો કર મારે શિરે ફરતો અનુભવવો હતો, મારી પીઠ પસવારતું તેમનું અસ્તિત્વ અનુભવવું હતું. પણ હવે તો એમાંનું કશું જ નહોતું. માત્ર તેમનું નિષ્પ્રાણ ખોળિયું પડ્યું હતું. રડતાં રડતાં હું મનમાં બોલી, 'બાપાજી, મેં કોઈ એવો તે કયો ભયંકર ગુનો કર્યો હતો કે છેક સુધી તમે મારી સાથે ના બોલ્યા?' સાંભળો છોને, બાપાજી? તમારા ચરણોમાં આ અશ્રુભરી અંજલિ અર્પું છું. તે તો સ્વીકારશો ને? ના નહીં પાડોને?' બસ, એ એમનું છેલ્લું દર્શન હતું. મૃતાવસ્થામાં પણ તેઓ ગૌરવશાળી લાગતા હતા.

આજે ઘણાં વર્ષો પછી થયું કે બાપાજીએ તો અમને સંતોનોને ઘણું બધું આપ્યું છે. એમનામાં રહેલાં સત્ય, નિષ્ઠા, પ્રામાણિકતા, ભક્તિ, લગન, ખંત, ચીવટ- આ બધા સદ્‌ગુણો અમારાં લોહીમાં વણાયેલા છે તે બાપાજીની જ કૃપા છે ને? એમના જ સંસ્કારો હતા ને? એમને કેમ ભુલાય? આજે જે કાંઈ છું તે, બાપાજી, તમારા પ્રતાપે છું. સુખદુઃખ જીરવતાં તમે શીખવ્યું. તમે રાખેલા અબોલામાંથી હું માફ કરતાં શીખી. પ્રાણ જાય પણ વચન ન જાય તેવી ટેક જાળવવાનું પણ શિક્ષણ મેં તમારી પાસેથી મેળવ્યું. તમારા જીવનમાંથી હું કેટલું પામી છું? તમારી આંખોના મોતિયા ઉતરાવ્યા ત્યારે ખડે પગે તમારી સેવા કરવાનો લ્હાવો મને મળ્યો હતો. હજુ પણ મારું મન સાક્ષી પૂરે છે કે કુટંબે અભિમન્યુના ચક્રવા જેવા ઊભા કરેલા ચક્રમાં તમે ફસાયા ના હોત તો આપણી આટલી લાંબી કિટ્ટા ન ચાલી હોત. બાપજી, તમે તો છેલ્લા શ્વાસ સુધી મારી સાથે ના બોલ્યા, પણ હું તો તમારી સાથે ક્યારેય અબોલા રાખી શકી નથી. મારા મનમાં તમારી સાથે મેં કેટલીયે વાર વાતો કરી છે. અરે, આ લેખ લખતાં પહેલાં આપણે કેટલી બધી વાર મળ્યાં! હું લખતાં લખતાં રડતી અને તમે મારે માથે હાથ ફેરવી અદૃશ્યપણે શું મારાં આંસુ નથી લૂછતા રહ્યા? તમે તો સત્યના ચાહક હતા. સાચું બોલજો, તમે મારાથી ક્યારેય અળગા થયા છો ખરા? તમને યાદ કરી આજે હું ધન્ય થઈ ગઈ કે મારા બાપાજીના અબોલા આ લેખદ્વારા મેં તોડાવ્યાં. સ્વપ્નમાં હવે જ્યારે આવો ત્યારે બોલશો ખરા ને? □

અનુસંધાન] 'માયા' સંસ્કૃતિ [પૃ.૪૧૬ પરથી

લોકોએ પણ આ ઉદ્યોગમાં ઉત્તમ સિદ્ધિ મેળવી હતી. માટીકામની ત્રણ શૈલીઓ જાણવામાં આવી છે. આરંભનો સમય શિષ્ટ સમય અને શષ્ટ પછીનો સમય. આરંભના સમયનાં વાસણ સાદા આકારનાં અને એક જ રંગનાં. ભોજન-સામગ્રી બનાવવાને માટે જોડાના આકારનાં અને પાણી માટેનાં ચંબુ જેવા આકારનાં. વાસણોની નીચે આધારને માટે નાનાનાના ત્રણ પાયા પણ બનાવવામાં આવતા. સમગ્ર માયા-પ્રદેશમાં આ પ્રકાર સામાન્ય હતો. શિષ્ટ સમયમાં વાસણોની બહારની સપાટી ઉપરના ચિત્રકામમાં અનેક રંગોનો ઉપયોગ કરવામાં આવતો હતો અને સાદાઈને સ્થાને એના આકારોમાં પણ વિવિધતા આવતી રહી હતી. આશ્ચર્ય તો એ વાતનું છે કે 'માયા' કુંભારોએ વાસણ બનાવવામાં ચાકડાનો ઉપયોગ કર્યો જ નહોતો. એ લોકો માટીના લોંદાને ટપલાથી ટીપી ટીપી હાથથી જ આકાર આપતા હતા. અનેક રંગોથી ચિત્રિત વાસણ ઉચ્ચ બુદ્ધિશક્તિવાળા કુંભારો જ બનાવતા હતા. જો એવું ન હોય તો આવાં વાસણ અસ્તિત્વમાં જ ન આવ્યાં હોત - શિષ્ટોત્તરકાલમાં આ વિદ્યાનો સારો એવો વિકાસ થયો હતો અને વેરાક્રુઝમાં આવેલા 'તોલ્તેક' લોકોના સંપર્કથી વાસણ વગેરે માટીના અનેક પદાર્થોમાં ઉચ્ચ પ્રકારનું સૌંદર્ય મૂર્ત કરવામાં આવ્યું હતું. (ક્રમશઃ)



શ્રી જયંત સિધ્ધપુરાનાં ગણેશચિત્રો

મથાળે ડાબી બાજુથી અનુક્રમે : મંજિરા વગાડતા ગણેશ, નૃત્ય કરતા ગણેશ, વીણાવાદક ગણેશ, તબલાં વગાડતા ગણેશ, ઢોલક વગાડતા ગણેશ અને શરણાઈવાદક ગણેશ. અલબત્ત, ગણેશનાં આ સ્વરૂપો શાસ્ત્રોકત નથી જ, અહીં તો ચિત્રકારે મનની મોજથી પ્રેરાઈને તેનાં વિવિધ સ્વરૂપો કલ્પીને જાણે ગણેશની આરાધના કરી છે.

ગણેશ

વિદ્યારમ્ભે વિવાહે ચ પ્રવેશે નિર્ગમે તથા ।
સંગ્રામે સંકટે ચૈવ વિઘ્નસ્તસ્ય ન જાયતે ॥

આમ, વિદ્યારંભ, વિવાહ (અને અન્ય સંસ્કાર), પ્રવેશ, યાત્રા, સંગ્રામ કે સંકટકાળે વિઘ્નહર્તા જે ગણેશનું સ્મરણ-પૂજન કરી આપણે આશ્વસ્થ થઈએ છીએ તે ગજાનન ગણપતિ શૈવ પરિવારના એક મુખ્ય દેવતા ગણાય છે. પ્રાચીન પ્રતિમાઓના આધારે લાગે છે કે ઇસ્વીસનના ચોથા સૈકા પછી ભારતમાં તેની પૂજાનો પ્રસાર થયો હશે. ગુજરાતમાં તેનો પ્રચાર પાંચમાં-છઠ્ઠા સૈકામાં થયો હોવાનો અંદાજ છે. પુરાતત્ત્વવિદોના મત પ્રમાણે ઇસ્વીસનના છઠ્ઠા સૈકાનું મનાતું સૌરાષ્ટ્રનું ગોપનું મંદિર ગુજરાતમાં સૌથી પ્રાચીન મંદિર છે, અને ત્યાં પણ ગણેશની પ્રતિમા છે. ધુમલીના સૈન્ધવોના સમયમાં ગાણપત્ય સંપ્રદાય ઠીકઠીક પ્રચારમાં હશે તેમ ત્યાંના ગણપતિના સ્વતંત્ર મંદિર પરથી મનાય છે.







આરાધ્ય દેવનું વિવિધ રૂપે સ્મરણ કરવું એ પણ એક પ્રકારે ઉપાસના જ છે ને ? ચિત્રકાર સિદ્ધપુરાએ ચિત્રના રૂપમાં એ સ્મરણ કર્યું છે. એમણે કલ્પેલાં ગણેશનાં ત્રણ વધુ સ્વરૂપો : બાલસ્વરૂપ ગણેશ, વ્યાસજીના લહિયા ગણેશ અને મુખકારક ગણેશ. (આ છેલ્લું ચિત્ર 'તાતા' ના સૌજન્યથી પ્રાપ્ત થયું છે.) ગણેશના ચિત્રાંકનોનું આ વૈવિધ્ય સિદ્ધપુરાનાં પ્રિય વિષય રહ્યાં છે.

ઘણા સંશોધકો માને છે કે ગણપતિ એ મૂળ તો આર્યેતર દેવતા છે. આર્યોથી ભિન્ન એવા કેટલાક લોકગણ હાથીની પૂજા કરતા હતા તેમાંથી કાળાંતરે ગણપતિ-પૂજાનો વિકાસ થયો. હાથીને પૂજતા લોકગણે પોતાના ગ્રામદેવતા તરીકે તેમના સ્વરૂપને ગજાનનનું રૂપ આપ્યું હશે, પણ એ સંશોધનોમાં ઊંડા ન ઊતરતાં જોઈએ તો છેક વેદકાળથી તેનો મહિમા જોવા મળે છે. વિષ્ણુ અને શિવ તથા તેમની શક્તિઓ પછી સૌથી વધુ પુજાતા દેવ ગણેશ છે. બુદ્ધિ સામર્થ્ય અને શાણપણના એ દેવ આજના યુગમાં ત્વરિત સિદ્ધિ આપનાર ગણાય છે. નેપાળથી માંડી કન્યાકુમારી અને એક કાળે તો છેક ચીન-જાપાન, જાવા, બાલી, બોર્નિયો, અને તુર્કસ્તાન તથા દૂર પશ્ચિમે છેક મેક્સિકો ઇત્યાદિ દેશો સુધી ગણપતિનું પ્રચલન જોવા મળ્યું છે. ભારત બહાર પૂર્વના દેશોમાં ગણેશનો મહિમા મુખ્યત્વે બૌદ્ધ ધર્મ દ્વારા પ્રસર્યાનું મનાય છે. ત્યાં ગણેશની અનેક મૂર્તિઓ મળી આવી છે. તે ઉપરાંત ગણેશની કેટલીક ભિન્ન અને વિચિત્ર મૂર્તિઓ પણ મળી છે. તિબેટ અને તુર્કસ્તાનમાં પણ ગણેશ જોવા મળ્યા છે. જ્યાં તેનું સ્થાપન પ્રવેશદ્વાર ઉપર રક્ષક તરીકેનું હોય છે. ભૃકુટિ, તારા, પર્ણેશ્વરી, અપરાજિત્ત અને મહાકાલની બૌદ્ધ પ્રતિમાઓમાં આ દેવોના ચરણ પાસે ગણેશ દર્શાવેલા જોવા મળ્યા છે. વૈદિક ધર્મ ઉપર બૌદ્ધ ધર્મનો વિજય સૂચવવાનો તેનો હેતુ જણાય છે. આનો એક અર્થ એ પણ થાય કે શરૂશરૂમાં બૌદ્ધ આચાર્યો ગણેશને હિંદુઓના દેવતા ગણતા હતા. પણ એ જ બૌદ્ધ ધર્મના મહાયાન પંથમાં 'ગણપતિહૃદય' મંત્ર દ્વારા ગણેશની ઉપાસના પણ થતી હતી.

ચીની વિદ્વાન યાત્રીઓ પણ નાલંદામાં અભ્યાસ કરી સ્વદેશ પાછા ફરતાં બૌદ્ધ ધર્મની ભારતીય સંસ્કૃતિ અને ગણેશને પણ પોતાની સાથે લઈ ગયા. ચીન અને જાપાનમાં તેને 'કાંગી-તેન' કહે છે. એમણે ગણેશરૂપમાં ગજમુખધારી સ્ત્રી-પુરુષને દૃઢ આલિંગનમાં કલ્પેલાં છે. આ સ્વરૂપનો અર્થ ગણેશ અને તેની શક્તિ પ્રતિ સંકેત કરે છે. તંત્રશાસ્ત્રમાં વર્ણન કરેલા ગણેશનું આ એક સ્વરૂપ છે. વામમાર્ગીઓની આ કલ્પના છે. તંત્રશાસ્ત્રમાં પણ ગણેશનું મોટું માહાત્મ્ય રહ્યું છે. તેમાં ગણેશની સાથે તેની તીવ્રા, જ્વાલિની, નંદા, ભોગદા ઇત્યાદિ શક્તિઓ પણ પુજાય છે. તંત્રોમાં ગણપતિના અનેક સ્વરૂપો ગણી તેના ધ્યાનનો મહિમા કહ્યો છે. શારદાતિલક નામના એક ગ્રંથમાં એક જ મહાગણપતિની ૪૪૦ જેટલી ધ્યાનમૂર્તિઓનું વર્ણન છે. મહાગણાધિપતિ, કુમારગણપતિ, હેરંબસુત, નવનીત ગણપતિ, સ્વર્ણગણપતિ, સંતાનગણપતિ, સ્વર્ગગણપતિ, ઉર્ધ્વગણપતિ, હરિદ્રા ગણપતિ, ઉચ્છિષ્ટ ગણપતિ, લક્ષ્મી ગણપતિ, પિંગલ ગણપતિ ઇત્યાદિ તેનાં નામ છે. વામમાર્ગીઓ શક્તિ સહિત ગણેશમૂર્તિનાં ધ્યાનપૂજન કરતા. આમાંની મોટાભાગની મૂર્તિઓ નગ્ન સ્વરૂપે બનાવાતી. જો કે તાંત્રિક વામમાર્ગનું ચલણ હવે તો નામ:શેષ થઈ ગયું છે. એ જ રીતે ગાણપત્ય સંપ્રદાયનું ચલણ પણ હવે નહિવત્ જ રહ્યું હશે.

ગણેશની ઉત્પત્તિની યે અનેક કથાઓ પ્રચલિત અને જાણીતી છે, જેમાંથી તેમના ગજમુખ અને એકદંત હોવાના ખુલાસા મળે છે. પણ ગણેશપુરાણમાં તેમના વિષે જે વિસ્તૃત વિગતો આપી છે તે પરથી ગણપતિના આજ સુધીમાં ત્રણ અવતાર થયા મનાય છે. પ્રથમ અવતાર કૃતયુગમાં કશ્યપ-પત્ની અદિતિને પેટે મહોત્કટ વિનાયક રૂપે થયેલો, જેમાં તેમણે પૃથ્વીને પીડતા દેવાંતક અને નરાંતક નામના રાક્ષસોનો નાશ કર્યો હતો. બીજો અવતાર ત્રેતાયુગમાં શિવપાર્વતીને ત્યાં ગણેશ રૂપે થયો. જેમાં તેમણે સિંધુદૈત્યનો નાશ કરી લોકોને યાતનાઓમાંથી મુક્ત કરેલા, અને ત્રીજો દ્વાપર યુગમાં ભગવાન શંકરને ત્યાં જ લઈને એમણે સિંદુરાસુરનો વધ કર્યો તથા વરેણ્ય નામના પોતાના ભક્તને 'ગણેશ ગીતા' રૂપે શાશ્વત તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરેલો. આમ, પ્રજાને પીડતા રાક્ષસોથી પૃથ્વીને બચાવી હોવાથી તે વિઘ્નહર્તા તરીકે લોકપ્રિય થયા હોય તેમ માની શકાય. કલિયુગમાં ધૂમ્રકેતુ કે ધૂમ્રવર્ણ નામે ગણેશનો ચોથો અવતાર મ્લેચ્છોનો નાશ કરશે તેમ ભવિષ્યપુરાણમાં કહ્યું છે.

ઘણા તત્ત્વચિંતકો ગણપતિ વિષે તાત્ત્વિક વિચાર કરતાં ગણપતિ એટલે 'ગણેશ' નહિ, પણ 'ગુણેશ' હોવા જોઈએ તેમ માને છે. ગુણેશ એટલલે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોના સ્વામી. બીજી માન્યતા એમ પણ છે કે એ ૐકાર રૂપ હોઈ તેમની ઉપાસના એટલે પ્રત્યક્ષ પરબ્રહ્મની જ ઉપાસના. ૐ કારમાં હાથીની સૂંઢ જેવો આકાર તો છે જ. તેના માથા પરનો અર્ધચન્દ્રાકાર પણ ગણપતિના દાંત જેવો લાગે છે. આવા ૐ સ્વરૂપ જ્ઞાન વિજ્ઞાનમય ગણપતિનું વાહન ઉંદર ગણાય છે. આ ઉંદર એટલે કાળ. જેમ ઉંદર દરેક વસ્તુને કોરી નાખીને નાશ કરે છે તેમ કાળ પણ હમેશાં સૃષ્ટિના પદાર્થોનો નાશ કરે છે. એ કાળને જીતીને તેને જ પોતાનું વાહન બનાવનાર ગણપતિ પરમેશ્વરનું જ રૂપ છે તેમ તાત્ત્વિકો માને છે.

ગણપતિપૂજા પ્રત્યેક ચતુર્થીને દિવસે થાય છે એનો અર્થ એ કે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાંથી ઉન્નત થઈ ચોથી તુર્યાવસ્થા પ્રાપ્ત કરવાથી જ માનવ પૂર્ણાવસ્થાએ પહોંચે છે અને ત્યાં જ પરબ્રહ્મ સ્વરૂપ પરમેશ્વર એટલે કે શ્રીગણેશ વાસ કરે છે. ચતુર્થીને દિવસે ચંદ્રદર્શન ન કરવા પાછળ એ રહસ્ય છે કે મનના દેવતા ચન્દ્ર ગણાય છે, અને જો તુર્યાવસ્થા પામવા માટે જ્ઞાનની આરાધના કરવી હોય તો મન ઉપર કાબૂ મેળવવો જોઈએ. આમ, ચંદ્રદર્શન ન કરવું એટલે મન ઉપર કાબૂ મેળવવો અને મનને એકાગ્ર કરવું એવો અર્થ છે.

ગણપતિ એ શિવપાર્વતીના જ્યેષ્ઠ પુત્ર છે અને તેમનો જન્મ ગણેશ ચતુર્થી એટલે કે ભાદરવા સુદ ચોથને દિવસે બપોરે થયેલો એમ મનાય છે. દક્ષિણ ભારતમાં ગણેશચતુર્થીનો ઘણો મહિમા છે. સૌરાષ્ટ્રમાં વૈશાખ સુદ ચોથ ગણેશચોથ તરીકે ઉજવાય છે. આમ તો દરેક મહિનાની શુકલ પક્ષની ચતુર્થી વિનાયક-ચોથ અને કૃષ્ણપક્ષની ચતુર્થી સંકષ્ટ-ચતુર્થી મનાય છે. ગણેશચોથના દિવસે ગણપતિની મૂર્તિ કે તેના ચિત્રની નવવિધા ભક્તિથી પૂજા કરીને તેમને પ્રિય એવા દુર્વા તથા શમીનાં પાન ચડાવી મોદકનું નૈવેદ્ય ધરાવાય છે. વળી, તે દિવસે બાજરીના લોટની કુલેર બનાવી ઉંદરને ખવડાવવાનો પણ રિવાજ છે. મહારાષ્ટ્રમાં તો ગણેશચતુર્થીનો બહુ મોટો મહિમા છે. પેશ્વાઓના એ કુળદેવના મનાતા. આથી મહારાષ્ટ્રમાં તો ૫, ૭, ૧૦ કે ૧૧ દિવસ સુધી ઘરમાં ગણેશસ્થાપન કરી ધામધૂમપૂર્વક તેનું પૂજન થાય છે. લોકમાન્ય ટિળકે લોકોમાં ઐક્ય અને સ્વાતંત્ર્યની ભાવના દૃઢ કરવા તથા લોકજાગૃતિ આણવા આ તહેવારને વ્યાપક અને સાર્વજનિક સ્વરૂપ આપ્યા પછી તો હવે આ તહેવારનું માહાત્મ્ય સવિશેષ પ્રસર્યું છે. ગણેશ-સ્થાપનાના આ દિવસો દરમિયાન હવે તો મહારાષ્ટ્ર ઉપરાંત ગુજરાતમાં પણ મહોલ્લા અગર લત્તાના ગણપતિની કોઈ જાહેર સ્થાનમાં જુદી સ્થાપના કરી તેની સવારસાંજ પૂજા કરવામાં આવે છે. તદ્ઉપરાંત, ત્યાં વ્યાખ્યાન, કીર્તન, ઈત્યાદિ લોકશિક્ષણાત્મક કાર્યક્રમો યોજાય છે. પરંતુ આજકાલ તો ગણેશોત્સવની ઉજવણીમાં એ ભાવના ભુલાઈ જઈને મોટે ભાગે ચડસાચડસીભરી ધામધૂમ અને કેવળ સસ્તા મનોરંજક કાર્યક્રમો તરફનો ઝોક વિશેષ જોવા મળે છે.

છતાં અનેક સ્વરૂપધારી અને વ્યાપક પ્રસિદ્ધિ પામેલા ગણપતિનો વિઘ્નહર્તા અને સિદ્ધિદાતા દેવ તરીકે આજે પણ ઘણો મહિમા રહ્યો છે. સ્વાભાવિક છે કે આવા દૈવત પ્રતિનો અહોભાવ અનેક રીતે અનેકના હૃદયમાં અવનવી પ્રેરણા પણ પ્રકટાવે. ઘૂંટણિયે ચાલતા બાલ સ્વરૂપથી માંડી નૃત્યરત ગણેશ, પંચાનન ને દ્વિભુજ, ચતુર્ભુજ કે દશભુજ ગણેશ, સિંહ, મયૂર, ઉંદર અને અશ્વના વાહનવાળા અને નારીરૂપ સુદ્ધાંમાં જોવા મળતી તેની પ્રતિમાઓ કલાકારોમાં અંતઃસ્ફુરણા અનુસાર ન્યૂનતમ છાયા ધારણ કરીને સંજ્ઞારૂપ બની રહે. અંતઃસ્ફુરણાના બળમાંથી સ્ફુટ થતાં આ પ્રતિબિંબો પ્રચલિત ધારણા મુજબ સુંદર ન પણ લાગે છતાં એ તૃપ્તિ અને આનંદ તો આપે. અહીં આવી અંતરની પ્રેરણાથી પ્રેરાઈને ભાઈ જયંત સિદ્ધપુરાએ કરેલાં કેટલાંક ગણેશચિત્રો આપ્યાં છે, જેમાં મુખ્યત્વે વિવિધ વાદ્યો વગાડતા ગણેશ છે. ગણેશનું ચિત્રાલેખન એ એમનો એક પ્રિય વિષય રહ્યો છે. ગણેશનાં એમણે આવાં અનેક ચિત્રો બનાવ્યાં છે અને તેમાં ચિત્રસર્જનની જુદીજુદી ટેક્નિકો પણ અજમાવી છે. પોતાનાં ગણેશચિત્રોનાં એમણે એકાધિક પ્રદર્શનો પણ કર્યાં હતાં, જેણે વિષય તથા તેના આકાર વૈવિધ્યને કારણે સારું ધ્યાન આકર્ષિત કર્યું હતું. □

૧૦ વિદ્યાર્થીઓને રાહત દરે 'કુમાર'

શાળા-કોલેજના ૧૦ વિદ્યાર્થીઓને માત્ર રૂ. ૫૦માં એક વર્ષ 'કુમાર' મળી રહે તે માટે સૂરતના શ્રી રમેશ બી. શાહ તરફથી અમને સહાય મળી છે તે પ્રમાણે ૧૫મી ઑક્ટોબર ૧૯૯૧ સુધીમાં જે વિદ્યાર્થીઓ પોતાની સંસ્થાના આચાર્યના પ્રમાણપત્ર સાથે પોતાનું નામ-સરનામું મોકલી આપશે તેમાંથી પ્રથમ દસને આ યોજનામાં સામેલ કરાશે. એ દસ વિદ્યાર્થીઓએ 'કુમાર'ના હાલના રૂ. ૭૫=૦૦ ને બદલે રૂ. ૫૦=૦૦ લવાજમ ભરવાનું રહેશે.

*

એક વર્ષ 'કુમાર' ભેટ મેળવો

જે કોઈ વ્યક્તિગત રીતે 'કુમાર'ના દસ ગ્રાહકો બનાવી લવાજમ મોકલી આપશે
તેમને એક વર્ષ માટે 'કુમાર' ભેટ મોકલાશે. આપ આ યોજનાનો સત્વરે લાભ લેશો.

*

લાકડી

દુર્ગેશ ઓઝા

બસ ધીમે ધીમે ગતિ પકડી રહી હતી. હજી હમણાં જ તે મુખ્ય શહેરથી ઊપડી હતી. ત્યાં જ ચાલતી બસે એક વૃદ્ધ માણસે કંઈક શોધવા માંડ્યું. હા, એ હતા હસમુખબાપા. તે ઊભા થયા ને સીટની ઉપર નીચે એમ ચોતરફ નજર દોડાવવા લાગ્યા. બસમાં બેઠેલા મુસાફરોને મન આ કૌતુક બની ગયું.

'બાપા, શું શોધો છો ?'

જવાબ મળ્યો કે લાકડી શોધું છું. તે જરા રઘવાયા થઈ ગયા. આખી બસ જોઈ લીધી, પણ લાકડી ન મળી. પછી એમને યાદ આવ્યું કે હા, કદાચ ધક્કામુક્કીમાં, બસમાં ચડતી વખતે જ, એ મુખ્ય સ્ટેશન પર પડી ગઈ લાગે છે.

બધાંને અચરજ તો ત્યારે થયું કે જ્યારે તેમણે બીજું સ્ટેશન આવતા ફોન કરી લાકડીનો પત્તો મેળવવાનું નક્કી કર્યું. કહ્યું :

'જરા, ફોન કરી આવું ને કહી દઉં કે જેને એ લાકડી મળે તે સ્ટેશનના ઉપરીને સોંપી દે, જેથી મને મળી જાય.'

અને બધાં હસવા લાગ્યાં. એક જણ કહે, 'બાપા અહીંથી ફોન કરવાના કેટલા રૂપિયા થાય, ખબર છે ? વીસ રૂપિયા થાશે ને તમારી લાકડી તો માત્ર ૧૨.૧૫ રૂપિયાની હશે. રહેવા દો.' પણ બાપા માન્યા નહિ ને બોલવા માંડ્યા: 'મારી લાકડી...'

અને બધાંને થયું કે બાપાને આટલી ઉંમર થઈ પણ લાકડી જેવી વસ્તુમાં માયા રહી ગઈ. એક જણે મશ્કરીમાં કહ્યું, 'બાપાનું ચસકી ગયું લાગે છે. અને પછી તો...

'બાપા કંજૂસ લાગે છે'

'ના, ના ; તો તો ફોન થોડો કરે ?'

'જાદુઈ લાકડી લાગે છે. બાપા, લાકડી સોનાની તો નથી ને ? કે અલાઉદ્દીનની લાકડી તો નથી ને ?

'કાંઈક હશે જરૂર, નહિતર બાપા તમે આમ ન કરો !' આમ, સહુ બાપાની મશ્કરી કરવા લાગ્યા અને ફોન કરીને હસમુખબાપા પાછા બસમાં બેઠા ત્યારે બધા એમની સામે જોઈને પૂછવા માંડ્યા : 'કાં બાપા ? લાકડી મળી જાસે ને ? તમે પણ ખરા, હોં ! બાપા, તમારા જેવા બુદ્ધિશાળી કોઈ નહિ હો.'

આમ, મશ્કરી ચાલુ રહી ને ત્યાં તો બસ પણ ચાલુ થઈ.

અને અચાનક બસમાં કંઈક ખોટકો આવ્યો ને બસ ઊભી રાખવી પડી. ડ્રાઈવરે જણાવ્યું : 'બે કલાક લાગશે. તમે બધા પેલા મોટા ઝાડ પાસે આરામ કરો, કારણ કે આ બાજુ હમણાં તો કોઈ બીજી બસ નહિ આવે.'

અને બધાંની મજા મારી ગઈ. પણ બધાંને થયું કે ચાલો બાપાને પૂછીએ ને મજા કરીએ. બધા પૂછવા લાગ્યાં. 'બાપા, સાચું બોલો; એ લાકડીમાં શું હતું ?

અને અત્યાર સુધી ચૂપ રહેલા હસમુખબાપાથી હવે ન રહેવાયું. તેમણે કહ્યું : 'તમારે સાંભળવું જ છે ને કે આવી સામાન્ય લાકડીનો શું કામ મને આટલો મોહ છે ?'

"સાઠ વર્ષ પૂરાં થયાં એટલે ઘરનાં બધાંએ નક્કી કર્યું કે તેના માનમાં આપણે ઉજવણી કરીએ. મેં ના પાડી પણ કોઈ માન્યું નહિ ને સમારંભ જેવું ગોઠવાયું. ઘણાને આમંત્ર્ય. ઘણી ભેટ મળી, પણ એક સાધારણ કુટુંબના પણ મારા ખૂબ જ વહાલા મિત્રે મને એ લાકડી આપી કે જેને માટે હું ફોન કરવા ગયેલો. કેવી સુંદર ભેટ ! આ ઉંમરે આનાથી વધુ યોગ્ય ભેટ બીજી કઈ હોઈ શકે ?

"તે મને કહે 'હું વધુ કંઈ નથી આપી શકતો. આજના રોજમાંથી જે પૈસા મળ્યા તેમાંથી આ લાકડી ખરીદી છે.' ત્યારે મને આ ભેટ સૌથી ઉત્તમ લાગી. આ લાકડીએ મને એકવાર પર્વત પરથી ગબડતા બચાવ્યો છે. ને મારું જીવન બચાવ્યું છે. તમે બધાં મારી મશ્કરી કરતા હતા ને કે લાકડીમાં સોનું લાગે છે. હા, તેમાં છે જ,પણ એ લાગણીનું, પ્રેમનું સોનું છે, જે કદિ ખોવાતું નથી. મારો મિત્ર મારે ત્યાં આવે ને હું એને એમ કહું કે તેં આપેલી લાકડી તો ખોવાઈ ગઈ ત્યારે એને કેટલું દુ:ખ થાય અને મને પણ કેટલી લાજ આવે.'

"જે ભેટ માત્ર આપવા ખાતર ન અપાઈ હોય પણ સાચા હૃદયથી અપાઈ હોય તે માટે હું એક નાનકડો, ફોન કરવાના ખર્ચનો પણ હિસાબ કરું તો નગુણાં જ કહેવાઉંને ?"

...અને થોડીવાર ચૂપકીદી છવાઈ ગઈ. થોડીવાર પહેલાં જે મુસાફરો મશ્કરી કરી રહ્યા હતા તેમનાં મસ્તક શરમથી અને પસ્તાવાથી ઝૂકી ગયાં. હસમુખબાપાની બધાએ માફી માંગી, જે લાકડીને લીધે પોતે મશ્કરીનું પાત્ર બન્યા એ જ લાગણીની લાકડીએ તેમને મહાનતાનું પાત્ર અપાવ્યું.

અને હવે...બસનો ખોટકો દૂર થઈ ગયો હતો અને મુસાફરોનો પણ. બે માણસ બસમાં ચડાવવા હસમુખબાપાનો હાથ પકડી તેમને લાવી હસ્યા હતા. હા... પેલી ખોવાયેલી લાકડી જડી ગઈ હતી ? □

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ - 'સંસ્કાર' પરિવાર પારિતોષિક • ૧૯૯૧ના વર્ષ દરમિયાન પ્રકટ થયેલ મૌલિક વાર્તા, ચરિત્રો, કાવ્યો અને અન્ય લેખો પૈકી શ્રેષ્ઠ ઠરનાર પ્રત્યેક કૃતિને રૂ. ૧૨૫=૦૦નું ઉપર નિર્દેશેલું પારિતોષિક અપાશે. સહુને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે.

સૂર્ય — નવા પરિપેક્ષ્યમાં

છોટુભાઈ સુથાર

'આદિત્યાનામ્ અહં સૂર્યઃ' ના નૂતનત્વની વાત કરવી છે.

સૂર્ય સાથે આપણે કશી લેવા દેવા છે ખરી? જાણકાર કહેશે, 'સૂર્યના કારણે પૃથ્વી પર દિવસરાત થાય છે તેમજ વળી ઋતુઓ પણ બદલાય છે. સૂર્યનાં તેજ અને ગરમીના કારણે પૃથ્વી પર જીવન લહેરાય છે.'

પાજ્ઞ કહેશે, 'સૂર્ય અત્યંત મોટો વાયવીય અવકાશી પિંડ છે. એના પેટાળમાં હાઈડ્રોજનનું હીલિયમમાં રૂપાંતર થવાની પ્રક્રિયામાં અત્યંત ઊર્જા ઉત્પન્ન થાય છે, જેનો બહુ થોડો અંશ સૂર્યની સપાટીએ પહોંચી અવકાશમાં પ્રસરે છે.'

આપણે જિજ્ઞાસા દાખવીશું, 'પ્રાચીનો સૂર્યને શુધ્દ શ્વેત જ્યોતિ માનતા હતા એમાં કશું તથ્ય ખરું?'

પંડિતો કહેશે, 'હા'. તેઓ સૂર્યને નિષ્કલંક માનતા હતા. સૂર્ય પર કલંક હોવાની જાણ પ્રાચીનોને ન હતી.

સૂર્યકલંકનાં નિરીક્ષણો તેમજ તેમનાં અભ્યાસાત્મક તારણોએ સૂર્ય વિષે ઘણી માહિતી ઉપલબ્ધ કરાવી છે. એ માહિતીના આધારે એમ કહી શકાય કે સૂર્યને સીધોસૂતરો અવકાશી જ્યોતિ માનવામાં આવતો હતો તે વાત હવે પલટાઈ ગઈ છે.

સૂર્ય પોતાની ધરી પર ફરે છે એ સમજાયું કલંકોના કારણે, જ્યારે કલંકો અસ્તિત્વમાં આવવાનું સમજાયું સૂર્યના ચુંબકીય ક્ષેત્રને કારણે.

ઉપર્યુક્ત બાબતોની અહીં ચર્ચા કરીશું.

સૂર્ય ધરીભ્રમણ કરે છે પણ એ વાયુનો પિંડ હોવાને કારણે એના બધા ભાગ એકસરખી રીતે ભ્રમણ કરતા નથી. સૂર્યનું છેક બહારનું આવરણ ૨૫ દિવસમાં ધરી ફરતો એક આંટો મારે છે, જ્યારે એની નીચેના સમગ્ર હિસ્સાને એક આંટો મારવામાં ૨૭ દિવસ લાગે છે. અને આમ સૂર્યના તે ભાગ પર સૂર્યનો બહારનો ભાગ થોડો થોડો આગળ સરકતો રહે છે. સૂર્યના બહારવાળા સમગ્ર આવરણનું ધરીભ્રમણ એકસરખું નથી. વિષુવવૃત્તીય પ્રદેશથી દૂર જતાં તે વધવા લાગે છે અને સૂર્યના ધ્રુવપ્રદેશો સુધી પહોંચતાં તે લગભગ ૩૫ દિવસનું થઈ જાય છે. આમ, સૂર્યના ધ્રુવીય પ્રદેશોના હિસાબે એનો મધ્યભાગ વધુ ઝડપથી ભ્રમણ કરે છે.

સૂર્યના ઉપર્યુક્ત ભાગોનાં અલગ અલગ ધરીભ્રમણ સૂર્યના અદ્‌ભુત ડાયનેમોને ચલાવવાનું બળ પુરું પાડે છે. આ ડાયનેમો એટલે સૂર્યમાં કલંક તેમજ દોલાર્ચિ (Flare)* ઉત્પન્ન કરનારી કુદરતી જોગવાઈ. પૃથ્વી પર, આપણે ડાયનેમો યા જનરેટરના ઉપયોગ દ્વારા વિદ્યુતપ્રવાહ વહાવીએ છીએ, જે ચુંબકીય બળરેખાઓ દ્વારા ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન કરે છે. સૂર્યના ગોળાનો બહારનો ભાગ સંનયની (Convective) આવરણ છે. આ આવરણમાં નીચેના ગરમ વાયુઓ ઉપરની તરફ અને ઉપરના ઠંડા પડેલા વાયુઓ નીચેની તરફ ગતિ કરે છે. આ સંનયી આવરણીમાં (યા તેની નીચેના સૂર્યભાગમાં કે જે ૨૭ દિવસમાં ધરીભ્રમણ કરે છે ત્યાં) સૂર્યનો ઉક્ત ડાયનેમો કાર્યરત છે.

સૂર્યની વાયુસંપત્તિ હાઈડ્રોજન અને હીલિયમ છે. સૂર્યના જુદાજુદા ભાગ જુદીજુદી ગતિએ ધરીભ્રમણ કરે છે, એ કારણે તેમના વાયુઓનાં એક-બીજા સાથે આંતરિક મિલન તેમજ સંઘર્ષ થયાં કરે છે, અને તે કારણે ચુંબકીય બળરેખાઓ ઉત્પન્ન થાય છે. ખગોળવિદોનું માનવું છે કે આ બળરેખાઓ ગરગડી પર આપણે દોરી વીંટાળીએ છીએ તેની પેઠે વીંટળાવી શરૂ થઈ વીંટળાતી જ રહે છે. આ રીતે ૧૧ વર્ષ સુધી વીંટળાતી રહી પ્રબળ બનતી જાય છે. એટલું જ નહીં પણ ઉપર્યુક્ત અવધિમાં અંતે ચુંબકીય ક્ષેત્રની રેખાઓ એવી શક્તિશાળી બની જાય છે કે તે પોતાની નીચેના વાયુને દબાવી સૂર્યસપાટી પર ઊભરી આવે છે. ચુંબકીય બળરેખાનો આ ઊભરો અત્યંત ગાઢ કલંકના સ્વરૂપમાં પ્રકટે છે. સૂર્યકલંક યથાનામ કાળાશ પડતાં હોય છે. વાસ્તવમાં તે, પહેલાં માનવામાં આવતાં હતાં તેવાં ઠંડાં હોતાં નથી; પણ સૂર્યની સપાટીના હિસાબે તેમનું તાપમાન ઓછું હોવાથી તે કાળાં દેખાય છે. પણ સૂર્યનાં બીજાં સ્થળોએ હોય તેના કરતાં આ કલંકોનું ચુંબકત્વ અનેકગણું વધારે હોય છે. અને એ કારણે સૂર્યમાંથી અવકાશમાં વહી જતા ઉષ્મા તેમજ પ્રકાશના વિકિરણને તે અવરોધક બને છે.

સૂર્યનું ચુંબકત્વ દોલાર્ચિ (Flare)ની ઉત્પત્તિ કરે છે. એ ઘટના ઘણી વાર જોવા મળે છે. તે સમયે ક્ષૈત્રીય ચુંબકત્વ, એકદમ અતિ તેજસ્વી વિકિરણીય તેજશિખા યા ભભૂકાના રૂપમાં પોતાને પ્રકટ કરે છે. દોલાર્ચિ જેટલી ઓચિંતી પ્રકટે છે તેટલી જ જલ્દી તે શમી પણ જાય છે. પણ એ માટેના ૨૦ થી ૩૦ મિનિટના ગાળામાં એ જે રૂપ પ્રકટાવે છે તે અદ્‌ભુત છે. દોલાર્ચિના પ્રાકટ્ય પછી ૨૪થી ૨૬ કલાક જેટલા સમયમાં, એનું વિકિરણ પૃથ્વી સુધી પહોંચે છે. અને ઇલેક્ટ્રોનિક સાધનોની કાર્યપ્રણાલીમાં ખલેલ પહોંચાડે છે.

સૂર્ય પર દેખાનારાં કલંકોનું આવર્તન ચક્ર ૧૧ વર્ષનું છે. વિશિષ્ટ સંશોધન એમ જણાવે છે કે આ ચક્ર ૨૨ વર્ષના ગાળાનો ભાગ છે. વળી, દરેક ચક્રવેળા એકસરખી સંખ્યામાં કલંક દેખાતાં પણ નથી. ૧૬મી અને ૧૭મી સદીમાં એવા સમય આવ્યા હતા જ્યારે બહુ જ અલ્પ યા નહીંવત્ સૂર્યકલંક દેખાયાં હતાં.

---

* સૂર્યમાંથી ઓચિંતો પ્રકટતો વિકિરણ ભભૂકો.


વધુ કલંક દેખાવાના સમયે સૂર્ય વધુ ગરમી આપે છે. વળી તે સાથે તેની તેજસ્વિતા પણ ૧/૧૦ ટકા જેટલી વધી જાય છે. ખગોળશાસ્ત્રીઓ એવો અભિપ્રાય ધરાવે છે કે કલંકોને ઉત્પન્ન કરનાર ચુંબકત્વને સૂર્યના ઊર્જા વિકિરણ સાથે સીધો સંબંધ છે. સૂર્યની સપાટી પર પથરાઈ વળતું ચુંબકત્વ સૂર્યની તેજસ્વિતા વધારે છે. અને તેથી એમ કહી શકાય કે કલંક અને ચુંબકત્વ સૂર્યની તેજસ્વિતા વધારવામાં કારણભૂત બને છે.

પણ તે સાથે પ્રશ્ન ઉદ્‌ભવે છે કે ચુંબકીય બળરેખાઓનો બળવત્તર થવાનો સમય ૧૧ વર્ષ બાદ કેમ? અન્ય પ્રશ્ન છે - સૂર્ય પર સરકતાં દેખાતા કલંક સૂર્યબિંબની યાત્રા પછી એમના ચુંબકીય ધ્રુવ શા કારણે બદલી નાખે છે? વળી તે સાથે સંકળાયેલો પ્રશ્ન છે- સૂર્યકલંકનું મહત્તમ-લઘુતમનું આવર્તન ચક્ર ૧૧ વર્ષે શા હિસાબે ચાલે છે? આ પ્રશ્નો સાથે સંલગ્ન થતો પ્રશ્ન છે- સૂર્યનો વિષુવવૃત્તીય ભાગ એના ધ્રુવીય ભાગના હિસાબે વધુ ઝડપથી ધરીભ્રમણ કરે છે. એનો સૂર્યનાં આંતરિક આવરણોના તાપમાન સાથે કયા પ્રકારનો સંબંધ લેખવો? આવા પ્રશ્નો હજી વણઉકલ્યા રહ્યા છે.

સૂર્યનું કેન્દ્રસ્થ તાપમાન કરોડો અંશનું છે, જ્યારે એની સપાટીનું ઉષ્ણતામાન પરાણે છ હજાર અંશ છે. એ દૃષ્ટિએ આપણે કલ્પીએ કે સૂર્યના ગોળાના બહારના વાતાવરણનું ઉષ્ણતામાન તેથી પણ ઓછું હશે. પણ આ તદ્દન સાચું નથી. સૂર્યના વાતાવરણનો વ્યાપ ઘણો મોટો છે. એ કિરીટાવરણમાં સૂર્યથી દૂર જતાં તાપમાન વધે છે. માન્યમાં તેમજ કદાચ સમજવામાં મુશ્કેલ, સૂર્યના કિરીટાવરણના લાખો અંશના ઉષ્ણતામાનની* વાત ઉક્ત સંદર્ભમાં આશ્ચર્યજનક છે. અલબત્ત, આ ઉષ્ણતામાન સીધેસીધી ઉષ્મામાપકની રીતનું નથી પણ તે આણવિક (Atomic) તાપમાન છે.

સંક્ષેપમાં એમ કહેવાય કે સૂર્યને જે પ્રકારનો સીધોસાદો તારો માનવામાં આવતો હતો તેવો તે જણાતો નથી. સૂર્ય અનેક વિશ્રૃંખલતા (યા અસ્ત-વ્યસ્તતા)વાળો તારો છે, જેનાં રહસ્યોનો પાર પામવા માનવી હજી વ્યસ્ત જ રહ્યો છે. પરિસ્થિતિ એવું સ્વરૂપ દાખવે છે કે એક પ્રશ્નના ઉકેલની ભાળ મળે ત્યાં એની સાથે બીજા પ્રશ્નો ગૂંથાઈને આપણી સમક્ષ ખડા થાય છે. પણ સૂર્યની બાબતમાં જ આવું બને છે એમ પણ નથી. સૂર્યમંડળના ગ્રહો અને ઉપગ્રહો પણ એક યા બીજા પ્રકારની અસ્તવ્યસ્તતા દાખવતા માલૂમ પડ્યા છે. જે વાત સૌરપરિવારની છે તે વાત મંદાકિની વિશ્વના તારાઓની પણ છે. જ્યોતિઓનાં આકાશી સ્થાન, ગતિ, જૂથરચના, પલાયનપણું, ઉત્પત્તિ અને લય વગેરેની દૃષ્ટિએ આપણા વિશ્વમાં સૂક્ષ્મ વિપ્લવ-ભાવ પ્રકટ થતો જણાયો છે. અને એને અનુલક્ષી અભ્યાસ તેમજ સંશોધન કરનારા ખગોળશાસ્ત્રીએ ઉક્ત નવી ખગોળપ્રણાલીને વિશ્રૃંખલતા (Chaos) નામ આપ્યું છે. □

* અણુઓની અથડાઅથડીના વેગના હિસાબનું.



સૂર્યસપાટી અને તેના પરના સ્તરો. એમાં (૧) ભડભડતા વાયુઓથી બુદબુદ સમા દબાણવાળું ફોટોસ્ફીઅર - તેજાવરણ. (૨) ક્રોમોસ્ફીઅર, મુખ્યત્વે તે હાઈડ્રોજનનું બનેલું છે. આ સ્તરમાંથી પ્રચંડ પણ અલ્પજીવી સૂર્યજવાળાઓ(૪) પ્રકટ થતી જોવા મળે છે. ક્રોમોસ્ફીઅર અને ફોટોસ્ફીઅરની વચ્ચે રીવર્સિંગ લેયર (પલટાઉ સ્તર) છે, જે સમુદ્રની સપાટીએ આપણા વાતાવરણીની જે ઘટ્ટતા હોય છે તેના યે ૨૦૦મા ભાગ જેટલું પાતળું હોય છે. ક્રોમોસ્ફીઅરથી ઉપર સૂર્યસપાટીથી લાખો કિ.મી. દૂર સુધી ફેલાતો સ્તર 'કોરોના'(૩) છે. (૫) સૂર્યકલંકના ઘૂમરાતા વાયુ. જ્વાળામુખી ફાટવા જેવો આ સ્ફોટ છે. આ ઘૂમરાતા વાયુઓની તેજસ્વિતાને કારણે એનાં કલંકો ક્યારેક તો નરી આંખે યે પરખાય એટલા પ્રચંડ કદનાં હોય છે. સૂર્યને યે પોતાનું વાતાવરણ છે. એમાં મુખ્યત્વે હાઈડ્રોજન, હીલિયમ અને સ્હેજ ઑક્સિજન તથા અલ્પાંશે કેટલીક ધાતુઓ તથા પૃથ્વી પર નહિ એવાં તત્ત્વો છે.

એસિડિટિ

માધવ ચૌધરી

અમ્લપિત્ત એટલે કે એસિડિટિને કારણે ઘણા પરેશાન થતા જોયા છે. આજકાલ તેની ફરિયાદ વ્યાપક પ્રમાણમાં સંભળાય છે. વિરુદ્ધ આહાર, બગડેલું ખાટું અન્ન તેમ જ બળતરા કરનારાં અને પિત્તને વધારનારાં ખાનપાનનું સેવન કરવાથી, વર્ષાઋતુનાં કેટલાંક સ્વકારણોથી સંચિત થયેલા દૂષિત પિત્તને લીધે અમ્લપિત્ત થાય છે. પાશ્ચાત્ય વૈદક (એલોપથિ) જેને જ્ઞાનતંતુની નબળાઈ ગણે છે તે પણ વાસ્તવમાં અમ્લપિત્તનું જ કારણ છે.

અમ્લપિત્ત એટલે ખાટું થયેલું કે કાચું પિત્ત. પચ્યમાન પિત્ત કડવું હોય છે અને પક્વ પિત્ત તીખું હોય છે. જ્યારે પિત્ત કાચું અર્થાત્ ખાટું હોય છે ત્યારે કાળજું - લીવર-તેને સંઘરતું નથી. તેથી એ લોહીમાં ફરે છે અને અમ્લપિત્ત કે એસિડિટિનો રોગ થાય છે.

સામાન્ય લાગતો આ અમ્લપિત્તનો રોગ ખૂબ ભયંકર છે. ઊર્ધ્વગત અમ્લપિત્ત અને અધોગત અમ્લપિત્ત એવા તેના બે પ્રકાર છે. અમ્લપિત્તમાં પ્રથમ તો રોગીએ પરવળનાં પાન અને લીમડાનાં પાનના કવાથમાં મીંઢળનું ચૂર્ણ તથા મધ મેળવી ઊલટી કરવી. તેમ જ બીજે દિવસે ત્રિફળાના ક્વાથમાં નસોતરનું ચૂર્ણ મેળવી વિરેચન કરવું. અમ્લપિત્તમાં શરીરનું શોધન પહેલાં કરવું અને પછી અમ્લપિત્તનાશક ઔષધ લેવાં. અમ્લપિત્તમાં હીમજ, સાકર અને કાળી દ્રાક્ષ ઇત્યાદિ લેવાં. ભારે ખોરાક, ઘી, દૂધ, ખાટા અને તીખા પદાર્થો બંધ કરવા તથા રોજ સવારે એક ચમચી અવિપત્તિકર ચૂર્ણનું સેવન કરવું.

કફજ અમ્લપિત્તમાં પરવળનાં પાન, ત્રિફળાં (હરડે, બહેડાં, આમળાં) અને લીમડાની અંતરછાલનો ક્વાથ બનાવી ઠંડો કરી, તેમાં મધ મેળવી પીવાથી ઊલટી, દાહ અને શૂળ સહિતનું કફજન્ય અમ્લપિત્ત શાંત થાય છે.

સર્વ સામાન્ય અમ્લપિત્તમાં (૧) ગળોના દસ ગ્રામ રસમાં ચોથો ભાગ મધ મેળવીને પીવું (૨) કોળાના રસમાં સાકર મેળવીને તે પીવો. (૩) આમળાંનો રસ દસ ગ્રામ, કાળી દ્રાક્ષ (પીસેલી) દસ ગ્રામ અને મધ પાંચ ગ્રામ એકત્ર કરી ચાટવું. (૪) દ્રાક્ષ અને વરિયાળી દસ-દસ ગ્રામ લઈ, રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે મસળી, ગાળી, તેમાં દસ ગ્રામ સાકર મેળવી, કેટલાક દિવસ પીવાથી અમ્લપિત્ત મટે છે. (આનાથી ખાટા ઓડકાર, ઉબકા, ખાટી ઊલટી, મોંમાંના ફોલ્લા અને હોજરીની બળતરા તથા પેટનું ભારેપણું વગેરે પણ મટે છે.) (૫) કુમળા મૂળા અથવા મૂળાનાં પાનના રસમાં સાકર મેળવીને પીવાથી પણ અમ્લપિત્ત મટે છે. (૬) શતાવરીના મૂળનું દસ ગ્રામ ચૂર્ણ દૂધમાં લેવું. (શતાવરીનો રસ અમ્લપિત્તમાં મોઢામાં પડતાં ચાંદાંમાં, આંતરડાની ગરમીમાં અને અલ્સરમાં ખૂબ ઉપયોગી છે. શતાવરી અમ્લપિત્તની સર્વશ્રેષ્ઠ ઔષધિ છે.) (૭) શતાવરીનો કલ્ક અને ઘી સરખે ભાગે લઈ ચાર ગણા દૂધમાં ઉકાળી, દૂધ બાળીને સિદ્ધ કરેલું ઘી પીવાથી અમ્લપિત્ત મટે છે. (આનાથી વાતપિત્ત સંબંધી વિકારો સહિત શરીરમાંના સઘળા વિકારો મટે છે અને શરીર પુષ્ટ બને છે.) (૮) ધોળી સાટોડીના બે લીલાં મૂળને ખાંડી ચૌદ દિવસ સુધી રોજ ખાવાથી અમ્લપિત્ત મટે છે. (૯) જવ, પીપર અને પરવળનાં પાનનો ક્વાથ બનાવી, ઠંડો કરી, તેમાં મધ મેળવી પીવાથી અમ્લપિત્ત, અરુચિ અને ઊલટી પણ મટે છે. (૧૦) જવનો ઉકાળો કરી, તેમાં આમળાનો રસ તથા મધ મેળવીને પીવો (૧૧) સૂંઠ અને કડવા પરવળનાં પાનનો ઉકાળો કરી, સવાર-સાંજ પીવો. (૧૨) સૂંઠ, આમળાં અને ખડીસાકરનું બારીક ચૂર્ણ કરી તેનું સેવન કરવું. (૧૩) કરિયાતું, નાગરમોથ, સૂંઠ અને ગળોનો ઉકાળો સવાર-સાંજ પીવો. (૧૪) ધાણા અને સૂંઠનું ચૂર્ણ પાણી સાથે રોજ લેતા રહેવું. (૧૫) ગંઠોડા અને સાકરનું ચૂર્ણ એક મહિનો ખાવું. (૧૬) કડવા લીમડાનાં પાન અને આમળાંનો ઉકાળો બનાવી રોજ પીવો. (૧૭) બાવળના કુમળાં પાનના ક્વાથમાં એકથી સવા ગ્રામ આલાનો ગુગળ નાખી, રાત્રે અગાસીમાં મૂકી રાખી, સાત દિવસ સવારે પીવો. (૧૮) અઢીસો મિલિલિટર પાણીમાં એક લીંબુનો રસ નિચોવી, તેમાં પાંચ ગ્રામ ખાંડ મેળવી, દરરોજ બપોરના ભોજનના અર્ધા કલાક અગાઉ એક મહિનો પીવાથી અમ્લપિત્ત મટે છે. (ભૂલેચૂકે પણ આ પીણું ભોજન બાદ પીવું નહિ, નહિતર હોજરીનો રસ વધારે ખાટો થઈ અમ્લપિત્તમાં વધારો કરશે.) (૧૯) કોકમ, એલચીદાણા અને સાકરની ચટણી બનાવીને ખાવાથી આમ્લપિત્ત મટે છે અને પિત્ત પણ શાંત થાય છે. (૨૦) ધોળી ડુંગળીને બારીક પીસી, દહીં અને સાકર સાથે મેળવીને ખાવાથી અમ્લપિત્ત તેમ જ ગળાની બળતરા મટે છે. (૨૧) ગરમાળાનો ગોળ અને આમલીનો ગરભ એકત્ર કરી ખાવાથી અમ્લપિત્ત તેમજ અન્ય પિત્તવિકાર મટે છે. (૨૨) અનનાસના કકડા ઉપર વાટેલાં મરી અને સાકર ભભરાવીને ખાવાથી અમ્લપિત્ત મટે છે.

અમ્લપિત્તના ઉપદ્રવોમાં (૧) ગળો, ચિત્રકમૂળ, લીમડાની અંતરછાલ અને પરવળનાં પાનનો ઉકાળો બનાવી, ઠંડો કરી, તેમાં મધ મેળવીને પીવાથી અમ્લપિત્તથી થતી ઊલટી મટે છે. (૨) દ્રાક્ષ, હરડેછાલ અને સાકર સમાન ભાગે લઈ ખાંડી તેની ગોળીઓ બનાવીને ખાવાથી આમ્લપિત્તથી થતો હૃદય અને ગળાનો દાહ, તરસ, મૂર્છા, ભ્રમ અને જઠરાગ્નિની મંદતા તથા આમવાત ઇત્યાદિ મટે છે.

જૂના જવ, ઘઉં, મગ, શાલિ (લાલ) ડાંગરના ચોખા, ઉકાળીને ઠારેલું પાણી, સાકર, મધ, સાથવો, કંકોડાં, કારેલાં, કેળનાં પુષ્પો, બથવાનું શાક, જૂનું કોળું, પરવળ, દાડમ વગેરે કફ અને પિત્તને શાંત કરનારાં ખાનપાન અમ્લપિત્તમાં પથ્ય છે.

ઊલટીનો વેગ રોકવો, તલ કે તલનાં ખાદ્યો, અડદ, કળથી, ઘેટીનું દૂધ, ધાન્યનો આથો, કાંજી, મીઠું અને ખારા, ખાટા તથા તીખાં પદાર્થો, પચવામાં ભારે ખોરાક, દહીં તેમજ દા વગેરે અમ્લપિત્તમાં અપથ્ય છે. □

પ્રીતિ સેનગુપ્તાની પ્રવાસગાથા

ભૂમધ્યને બે કાંઠે : ૨

પ્રવાસીને વળી પારકું શું ને પોતાનું શું? એને બધાં સ્થળો પ્રત્યે ખેંચાણ થાય છે, ને બધી સંસ્કૃતિઓ પ્રત્યે આદર થાય છે. ઉપરાંત, સ્થળોને જો થોડા પણ સાપેક્ષ સંદર્ભમાં ના જોઈએ તો એમને વિષે પૂરતી સમજણ પામી શકાતી નથી, ને બધાં સ્થળ સરખાં જ લાગે છે.



૧૯૮૯ના મધ્ય ભાગમાં હું વિચારવા માંડેલી કે ક્યાં જવું. એક મહિનો સળંગ એક જ દેશમાં ફરવું હતું. ગ્રીસ જવું કે ઇટાલી - એ દ્વિધા હતી. બંને જગ્યાએ ફરીથી જ જવાનું થવાનું હતું, પણ ગ્રીસ જાઉં તો વહાણ લઈને ટર્કી જઈ આવવાની ઇચ્છા હતી અને ઇટાલી જાઉં તો પહેલીવાર બાકી રહી ગયેલા સિસિલી ટાપુ પર જવાનો ઇરાદો હતો. છેવટે નક્કી કર્યું ઇટાલી જવાનું. હવે વર્ષ પછી, ઇરાક દ્વારા ઊભા થયેલા મામલાને કારણે મનમાં વારંવાર થયા કરે છે કે ટર્કી જઈ આવી હોત તો સારું થાત. દુનિયામાંના બનાવો વ્યક્તિગત જીવન પર આછો અસર નથી કરતા !

પણ ઇટાલીમાં એક માસ સરસ જ ગયો. મક્કમપણે નક્કી જ કરેલું કે એ જ દેશમાં ફરવું છે, ને નજીકના બીજા કોઈ દેશમાં ડોકિયું પણ કરવાનો લોભ રાખવો જ નથી. ઇટાલીની આસપાસ તો કેટલાયે દેશ છે : સિસિલીના દક્ષિણ છેડેથી દ્વીપદેશ મૉલ્ટા માંડ ૪૦ માઈલ, બ્રિન્ડિસીથી હોડી લઈને ગ્રીસ ૧૨-૧૫ કલાકમાં પહોંચાય, વેનિસથી એડ્રિયાટિક સાગરને સામે પાર યુગોસ્લાવિયા તો એથી યે પાસે, ને જમીન માર્ગે જતાં તો યુરોપના ઘણા દેશો હાથવગા. પણ મારો પાસપોર્ટ ભારતીય, એટલે પરવાના (visa) વગર ક્યાંયે જવાય જ નહીં; ને બીજેથી તરત કશા પરવાના મળે પણ નહીં. ન્યૂ યૉર્કથી ફક્ત ઇટાલીનો જ પરવાનો લીધેલો, તેથી નાગરિકતાની મર્યાદાનું પાલન ફરજિયાત કરવું જ પડે તેમ હતું.

૧૯૯૦ની શરૂઆતમાં અચાનક ટ્યુનિશિયા જવાનો નિર્ણય કર્યો. ઉત્તર આફ્રિકાના દેશોમાં ઇજિપ્ત અને મોરોક્કો તો બહુ ઇચ્છાપૂર્વક ગયેલી, પણ ટ્યુનિશિયા ને અલ્જિરિયા જવાનો વિચાર ભાગ્યે જ કર્યો હતો. સિસિલી ગઈ ત્યારે ત્રાપાનિ જહાજ-બંદર પરથી ટ્યુનિશિયાની દિશામાં જોઈને નિઃશ્વાસ નાખેલો, 'અરે, ત્યાં ક્યારે જવાશે?' ને આ પછી થોડા જ મહિનાઓમાં તો ખરેખર હું 'ત્યાં' જ જઈ પણ આવી! અણધાર્યા જ, ભૂમધ્ય સમુદ્રની બે તરફના દેશોમાં એક પછી એક પ્રવાસ થયા.

ઇટાલીના પશ્ચિમ અને આફ્રિકાના ઉત્તર કિનારાની વચ્ચે આ સમુદ્ર વહે છે. એક કિનારાના સંસ્કૃતિ અને જીવનને અડેલું મોજું જળ-સ્પર્શ દ્વારા બીજા દેશના કિનારા પરનાં સંસ્કૃતિ અને જીવનને અડી જાય છે. આમ તો ઇટાલી અને ટ્યુનિશિયાના કિનારાઓ વચ્ચે ઘણું અંતર છે, પણ ઉત્તરથી દક્ષિણના લંબાણે જતા ઇટાલી દેશના દક્ષિણતમ છેડા પરનો સિસિલી ટાપુ બંને દેશોની વચ્ચોવચ્ચ આવેલો છે. ભૂમધ્યમાંના આ મોટામાં મોટા ટાપુનો ઉપયોગ સૈકાઓથી અગત્યના યુદ્ધ-સ્થાન, તથા દેશાંતર-સ્થાન, તરીકે થતો આવ્યો છે. જેમ કે, દ્વિતીય વિશ્વયુદ્ધમાં હિટલરની વિરુદ્ધે લડતા મિત્ર દેશોએ (Allies) હિટલર સામેના પ્રથમ આક્રમણ માટે એની પસંદગી કરેલી, ને ૧૯૪૩માં એના પર હક્ક જાહેર કરેલો; ઉપરાંત, ૧૯૦૦ના સમય સુધીમાં સિસિલી દુનિયાનું સ્થળાંતર માટેનું મોટામાં મોટાં કેન્દ્રોમાંનું એક બની ગયું હતું.

આ બે દેશોનાં બે મુખ્ય શહેર - રોમ અને કાર્થાજ - વચ્ચે, એટલે કે બંને દેશોની રાજ્ય સત્તાઓ વચ્ચે મોટાં યુદ્ધ થયેલાં, કાર્થાજે રોમને પરાજિત કરેલું, તો રોમે કાર્થાજને ભસ્મીભૂત કરેલું. ત્રણે પ્યુનિક-યુદ્ધોમાં કાર્થાજ વધારે ને વધારે હારતું ગયેલું. ઇ. પૂ. ૨૪૧માં કાર્થાજે સિસિલીમાંનો પોતાનો અધિકાર જતો કરેલો, ઇ. પૂ. ૨૧૮ના બીજા પ્યુનિક યુદ્ધમાં હાન્નિબાલ નામના કાર્થાજિયન મહારથીએ સ્પેઈનમાં થઈને જમીન માર્ગે જઈને ઇટાલીનો સામનો કરવા પ્રયત્ન કરેલો, ને છેલ્લે ઇ. પૂ. ૧૪૯ની ત્રીજી લડાઈમાં રોમે કાર્થાજનો ધ્વંસ કરી આફ્રિકાના એ ઉત્તર ભાગમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું.

ઍન્ટનિ અને ક્લિઓપેટ્રાનાં મૃત્યુ થતાં થતામાં, ઇ. પૂ. ૩૦ના અરસામાં, રોમનું સામ્રાજ્ય ત્રણ ખંડના પ્રદેશોમાં પ્રસર્યું હતું. એશિયા માઈનર, ગ્રીસથી સ્પેઈન સુધીના ભૂમધ્યની આસપાસના દેશો, અને ઉત્તર આફ્રિકામાં ટ્યુનિશિયાનો ભાગ. રોમના વૈભવ અને ગૌરવનો આ ઉત્કૃષ્ટ યુગ હતો. એ પછી પણ અગત્યના કાળ-ખંડ આવ્યા, પણ રોમન સામ્રાજ્ય ઉત્તરોત્તર તૂટતું ગયું, ને અંદર ને અંદર સડતું ગયું.



પાલેર્મો શહેરના નાટ્યગૃહ ઉપરનું અલંકૃત શિલ્પ

ઇ. પૂ. પહેલી સદીમાં જુલિયસ સીઝરે રોમન રાજ્યને સર્વોચ્ચ મહત્તા આપી. પછી ઓગસ્ટસે રોમને ઈંટોના શહેરમાંથી સંગેમરમરના મહાનગરમાં રૂપાંતરિત કર્યું. રોમની વાતની શરૂઆત આટલેથી કરવી જરૂરી એટલા માટે છે કે જેથી એનું દર્શન સાર્થ બને. ઇટાલીના રાજકારણીય ઇતિહાસનો ઉપરછલ્લો ઉલ્લેખ આવશ્યક લાગ્યો. કારણ કે એની ઊંડી અને સીધી અસર દેશનાં ધર્મ, કળા, સ્થાપત્ય અને જીવનમાં પડતી રહી છે.

કાર્થાજને આ માટે સાંકળી લેવાનું કારણ એ કે એના આરંભથી ઇટાલી સાથે એનો ઘનિષ્ઠ, તેમજ કરુણ સંપર્ક રહ્યો છે. અલબત્ત, અત્યારે ટ્યુનિશિયામાં રોમન ખંડેરો અને બેએક ખાદ્ય વાનગીઓ સિવાય ઇટાલીની કોઈ અસર રહી નથી. ૭મી સદીમાં સ્થપાયેલી આરબ હકૂમતને કારણે એનો મુખ્ય ધર્મ ઇસ્લામ છે, અને ૧૯મી સદીમાં ત્યાં ચાલેલા ફ્રેન્ચ અમલને લીધે એના રાજકારણ તથા જીવન-રીતિ પર ફ્રાન્સનો પ્રભાવ છે.

પરિભ્રમણ કરતી વખતે યુગો પહેલાંના અનુબંધોની માથાકૂટ શું કામ કરવી, એ પ્રશ્ન કદાચ ઘણાંને થાય. પણ ઇટાલી દેશ વિશિષ્ટ રીતે એના ભૂતકાલીન ઐશ્વર્ય સાથે સંલગ્ન છે, અને એ જોવાં જ મોટા ભાગનાં પ્રવાસીઓ ત્યાં જાય છે.

ટ્યુનિશિયા જનારાં પ્રવાસીઓ ઓછાં હોય ને ત્યાં પ્રાચીનતાની નિશાનીઓ પણ ઓછી રહી છે; પણ મને ત્યાંની આરબ-યુરોપિયન સામાજિકતા, આફ્રિકન મેડિટરેનિયન (ભૂમધ્ય સમુદ્ર વિષયક) ભૌગોલિકતા



ઈટાલીની શિલ્પશૈલીનો નમૂનો

લઘુકથા

ખૂટવું

ભગીરથ બ્રહ્મભટ્ટ

ત્યારે હું નવસારી જવા નીકળેલો. સ્ટેશને જઈ ટિકિટ લીધી. જેવો પ્લેટફોર્મ તરફ જવા વળ્યો ત્યાં એક દસ રૂપિયાની નોટ જડી. હું થોભ્યો. નીચે નમી ચૂપચાપ એ નોટ મેં ગજવામાં મૂકી દીધી.

પ્લેટફોર્મ ઉપર ઊભેલો. ગાડી આવવાને થોડી વાર હતી. એટલામાં એક આશાસ્પદ યુવાન મારી સમક્ષ ચાતક નજરે ઊભો રહ્યો. મેં મારી આદત મુજબ એની ઉપેક્ષા કરી, એટલે એ બોલ્યો, 'સાહેબ, હું કાંઈ ભિખારી નથી, મારે નવસારી પહોંચવું છે, ગજવું કપાઈ ગયું. ટિકિટમાં એક રૂપિયો ખૂટે છે' એનો ઠૂંઠો હાથ બતાવી એ વિનંતી કરતો હતો. મેં મોં ફેરવી લીધું. તે નિરાશ થઈને ચાલ્યો ગયો.

યોગાનુયોગ એ મારા જ ડબામાં. વડોદરા, સુરત સુધીમાં તો પૂર્ણ પ્રતીતિ થઈ કે તે યુવાન પૂર્ણ સજ્જન લાગતો હતો. નહિ તો કોઈ વૃદ્ધાને સામાન મૂકવામાં, જગ્યા આપવામાં સ[illegible] થાય ખરો? આ લાંબી મુસાફરીમાં અજાણ્યાની દયા.. મેં મારો ક્ષો[illegible]ળવા એની તરફ જોવાનું નક્કી કર્યું, પણ આંખમાં આંખ ન મેળવી શક્યો; છતાંય તેણે તો મને કહ્યું- 'સાહેબ, તમે નવસારી મિલમાં છોને? હું તમને જોયે ઓળખું. પછી નહિ માનો સાહેબ! મને... એક ભિખારીએ રૂપિયો આપેલો. કોણ જાણે હું એને ક્યારે પાછો આપી શકીશ? હું કંઈ બોલું તે પહેલાં જ આંચકા સાથે નવસારી આવી ગયું. હું ઊતરવા સજ્જ થયો. ત્યારે પ્રવેશદ્વાર તરફ જતા મને રોક્યો તેણે. પછી મારા ગજવામાં બહાર ડોકાતી પેલી દસની નોટ તરફ નિર્દેશ કરી કહે - 'આ ઠેકાણે મૂકો. પડી ન જાય'

એ આગળ ચાલ્યો ગયો. □

અને પરંપરા-આધુનિકતાની સંસ્થિતિમાં રસ હતો. જતાં પહેલાં એને વિષે વાંચવા માંડ્યું ત્યારે કેટલીક બાબતોની નવાઈ લાગેલી, એ દેશમાંનો રસ વધેલો. ત્યાં ગઈ, ફરી એને જોયો પછી એ બાબતોથી આનંદ થયેલો. આફ્રિકામાં ૪૫થી વધારે દેશો છે. એમાં ટ્યુનિશિયા સૌથી સુખીમાંનો એક છે. મુખ્યત્વે મુસ્લિમ પ્રજા હોવા છતાં ત્યાં ખ્રિસ્તી અને યહૂદી ધર્મ પાળનારાં પણ છે, અને બધાં વચ્ચે સહિષ્ણુતા જળવાયેલી છે. ઉપરાંત, જાતિભેદ અને રંગભેદને કારણે ત્યાં કશો વિખવાદ નથી.

બંને દેશોના અનુભવોને સામયિક અનુક્રમ પ્રમાણે શબ્દાકાર કરીશ, તેથી આરંભ થશે ભૂમધ્યને એક કાંઠેથી, ને અંત આવશે એના બીજા કાંઠા પર. કેટલાંય સ્થાનો શહેરોને સરસ રીતે જોઈ-માણી, કોઈ પણ પ્રકારના માન-ખંડન કે મન-દંશન પામ્યા વગર વિજયી થઈને પાછી ફરી. એ બંને દેશોના દૂરવર્તી યોદ્ધાઓ કરતાં મારું ભાગ્ય શુભતર હતું! (ક્રમશઃ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

મધુસૂદન પારેખ

ડીફોની પ્રવાસકથા

ડેનિયલ ડીફોએ સંખ્યાબંધ વિવિધ વિષયો પર એટલું તો વિપુલ લખાણ લખ્યું છે કે એ વર્ણવતાં પાર ન આવે. પણ અંગ્રેજી સાહિત્યમાં ડીફોની લેખક તરીકેની યશસ્વી કામગીરી એની પ્રવાસ કથાઓમાં છે. એમાં ય 'રોબિન્સન ક્રુઝો' (Robinson Crusoe - ૧૭૧૯) તેની સુખ્યાત કૃતિ છે. બીજી એક કૃતિ મોલ ફ્લેન્ડર્સ (Moll Flanders - ૧૭૨૨) પણ ડીફોની સફળ કથાકાર તરીકેની નિર્દેશક છે.

ડીફોમાં સૂક્ષ્મ અવલોકનશક્તિ છે, વિગતોને એકત્ર કરીને યથાતથ ગોઠવવાની સૂઝ છે. એ કલાકાર ભલે નથી, પણ કલાકારની ખૂબીઓ તેનામાં છે. પોતે પત્રકાર પણ હતો. એટલે હેવાલ કેમ પ્રસ્તુત કરવો તેની તેનામાં સારી આવડત છે. 'રોબિન્સન ક્રુઝો' પહેલા પુરુષમાં લખાઈ છે અને નાયક જાણે પોતાનું વૃત્તાંત વિગતે વર્ણવતો હોય તેવી કરામત લેખકે કરી છે. એટલે એમાં સચ્ચાઈનો સ્પર્શ વરતાય છે. ડીફોમાં પોતાની વાત સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરવાનું કૌશલ છે. એની ભાષા પણ એના વિચારો જેવી જ સ્પષ્ટ - અસંદિગ્ધ છે.

વેપાર અર્થે પ્રવાસે જતા એક મુસાફરને દરિયામાં વહાણ ખરાબે ચડી જવાથી આફત આવી પડે છે. એ માંડમાંડ કોઈ ઉજ્જડ, નિર્જન ટાપુ પર આવી ચડે છે અને કુદરતી આફતો સામે ઝૂઝતો, ટક્કર લેતો પોતે જે ભૌતિક સંસ્કૃતિ પાછળ છોડી આવ્યો છે તેને એ વેરાન ટાપુ પર ફરી ઘાટ આપવા મથે છે. અહીં પ્રકૃતિ અને માનવ વચ્ચેના સંઘર્ષનું નિરૂપણ સમર્થ કલમે થયું છે.



ડેનિયલ ડીફો

આ કથામાં એક બાબત ખાસ ધ્યાન ખેંચે છે તે એ કે ક્રુઝો પર ઉજ્જડ ટાપુમાં એકાંતવાસ આવી પડ્યો એનો ય લાભ ઉઠાવીને ઈશ્વર વિશે કે મનુષ્ય અને વિશ્વના સંબંધ વિશે વિચારવાનું તેને સૂઝતું નથી. આત્મનિરીક્ષણ કે અધ્યાત્મચિંતન પણ તેને ખપતું નથી. એનો જીવંત રસ ભૌતિક સમૃદ્ધિમાં જ રહે છે. અલબત્ત, ઇંગ્લેન્ડના મધ્યમ વર્ગના જીવનની કેટલીક આસ્થાઓ તેણે જાળવી રાખી છે. સગવડિયો ધર્મ પાળવો, ભગવાનની દયા માટે તેને, ઉચિત ભાવભક્તિ સમર્પવી, સ્વાશ્રયીને ઈશ્વર સહાય કરે છે એવી માન્યતા ધરાવવી - આ બધી પ્રજાજીવનની ધાર્મિક ખાસિયતો ક્રુઝો ધરાવે છે. અને એની પ્રકૃતિ જોતાં તે તેને માટે યોગ્ય છે. એ વેપારમાં પૈસા કમાવા માટે તો પ્રવાસે નીકળ્યો હતો. એટલે પૈસો એ જ પરમેશ્વર એમ તે માનતો હોય તો તે સ્વાભાવિક છે. એ રીતે જોતાં ક્રુઝો કોઈ વીરનાયક (Hero) નથી; પણ સારાસારની સમજ ધરાવનાર, વ્યવહારુ વેપારી છે. આ પ્રકારનો 'હીરો' પ્રસ્તુત કરનારી, અંગ્રેજી સાહિત્યમાં કદાચ આ પહેલી નવલકથા છે અને વાર્તાકાર ડીફોએ તેને ક્યાંય ઉવેખ્યો નથી; એ ડીફોનો સન્માન્ય કથાનાયક છે.

ડીફો નવલકથાકાર તો નથી જ, છતાં આ કૃતિમાં તે કથાકાર, થતાં થઈ ગયો હોય તેમ લાગે છે. એનો હેતુ તો બધું સાહિત્ય પત્રકારત્વના ઢાંચામાં ઢાળવાનો છે અને પોતે પત્રકાર હતો એટલે પ્રેસ માટે હેવાલ લખતો હોય એવી કુશળતાથી એ કલ્પિત ઘટનાઓને રજૂ કરી શકે છે પણ માનવવર્તનની સૂક્ષ્મતાઓ પારખવાનું તેનું ગજું નથી. હૃદયના ભાવોના પૃથક્કરણની પણ તેનામાં શક્તિ નથી. ક્રુઝોને એકાંત ટાપુ પર કેટલા બધા વિવિધ પ્રકારના આનંદના, ભયના રોમાંચક, અનુભવો થયા; પણ એ અનુભવોને તે દસ્તાવેજ રૂપે જ રજૂ કરવાનું સમજે છે. એનામાં સર્જકતા નથી. એ વૃત્તાંત-નિવેદક જ છે. હા, અસત્ય અથવા કલ્પિત ઘટનાને પણ તે સત્ય લાગે તેવી રીતે રજૂ કરી શકે છે. એવી અને એટલી કલ્પનાશક્તિ તેનામાં છે.

મોલ ફ્લેન્ડર્સ

'રોબિન્સન ક્રુઝો' ખૂબ પ્રશંસા પામી એટલે એણે એ પ્રકારની બીજી નવલકથાઓ પ્રકટ કરવા માંડી. 'કેપ્ટન સિન્ગલટન' (Captian Singleton - ૧૭૨૦), 'મોલ ફ્લેન્ડર્સ' (Moll Flanders ૧૭૨૨) 'કર્નલ જેક' (Colonel Jack - ૧૭૨૨), 'રોક્સાના' (Roxana - ૧૭૨૪), અને 'કેપ્ટન જ્યોર્જ કાર્લટન' (Captian Jeorge Carlton - ૧૭૨૮) એ તેની મુખ્ય કૃતિઓ છે. તેમાં 'મોલ ફ્લેન્ડર્સ' વિશેષ નોંધપાત્ર છે. એમાં એક ગણિકાની કથા છે. પોતાના વ્યવસાયમાંથી છૂટીને લગ્ન કરવાના પ્રયાસમાં નિષ્ફળ નીવડ્યા પછી વખાની મારી એ ચોરીના ધંધા કરે છે, એમાં નામીચી બને છે. પણ અંતે તેનું હૃદયપરિવર્તન થાય છે.

નૃત્યવર્ગમાંથી ઘેર જતી એક નાનકડી છોકરીના ગળામાંથી તે માળા તફડાવે છે તે પ્રસંગનું અને ગણિકાનાં એ સમયે અનેક અનુમાનોનું સ્મરણીય વર્ણન ડીફો કરી શક્યો છે. દિવસ તો ઊગ્યો, પણ ક્યાં જવું એ નિશ્ચિત નહોતું, પણ રસ્તે જતાં એક સુંદર છોકરીના ગળામાં માળા જોઈ શયતાને મને પ્રેરણા કરી કે એને ઝડપી લે. બાળકીને મેં વાતે વળગાડી. એને પોતાને ઘેર મૂકી આવવાની લાલચ આપી. અને અંધારામાં એના ગળાની ટાઈ જરા ઢીલી કરી આપવાને બહાને માળા સેરવી લીધી. છોકીરને ખબરે પડી નહિ. એ છોકરી સાથે હું આગળ ચાલી. કદાચ એ રડે તો? એને મારી જ નાખી હોય તો કેવું? શયતાને મને એવો વિચાર સુઝાડ્યો પણ એ વિચારથી હું પોતે ગભરાઈ ઊઠી. છોકરીને એના ઘરના રસ્તા પર મૂકી દીધી.

માળાની પ્રાપ્તિ પછી વિચારો મને ઘેરી વળ્યા. ગરીબાઈ એની તો અસહ્ય હતી કે જીરવવી કે હૃદય કઠોર થયું. મને પૈસાની એવી તો જરૂર હતી કે સારાસારનો વિચાર કરવો જ શક્ય નહોતો. મેં માળા તફડાવી એનો મને ખાસ વસવસો ન થયો. આખરે મેં એ બાલિકાને કશી ઈજા તો પહોંચાડી નહોતી! એક રીતે મનને સમાધાન પણ થયું કે છો એનાં માબાપ પાઠ શીખે! - ચૌદ પંદર પૌંડની કીમતી માળા સાથે છોકરીને એકલી મોકલે તો ભલે બેદરકારીનું ફળ એ ચાખે! મને એ માળા જોતાં થયું કે એ કીમતી છે અને વળી જરા મોટી પણ છે એટલે એની મમ્મીની હશે અને મમ્મીએ પોતાનો વટ બતાવવા, પોતાની દીકરીનો મોભો વધારવા કદાચ તે એને પહેરાવી હશે - કદાચ કામવાળી બાઈને એની સાથે મોકલી પણ હશે; પણ એ વળી છોકરીને સાચવે? કોઈ સાથે ક્યાંય ફરતી હશે; અને બિચારી આ બાળા એકલી ઘેર જતી હશે ને મારા હાથે ચડી ગઈ.

તેમ છતાં મેં કંઈ એને હાનિ કરી નથી. ભયને લીધે જ હું એ વિચારમાંથી પાછી ફરી ગઈ. મારામાં પણ હૃદયની મુલાયમતા છે અને નાછૂટકે જે મેં કર્યું હતું હતું તે મારે કરવું પડ્યું છે! 'મોલ ફ્લેન્ડર'માં ડીફોએ વિગતો પૂરેપૂરી વાસ્તવિક હોય એ રીતે ગણિકાના મુખે સ્વકથા દ્વારા વર્ણવી છે અને ગણિકાના જીવનનો ચિતાર આપવામાં ઈંગ્લેન્ડના પ્રજાજીવનની સામાજિક અને આર્થિક સ્થિતિ વિશેની પોતાની અભ્યાસશીલતા દર્શાવી આપી છે. મોલ પોતાના દેહ સૌંદર્યનો નિરાંતે ઊંચામાં ઊંચી કિંમતે વિક્રય કરે છે - દેહને એ એક ચીજ સમજીને જ સમગ્ર જીવનવ્યવહાર આચરે છે. નૈતિકતાના કશાય ખ્યાલ વિના તે માત્ર પૈસાનું જ મૂલ્ય સમજે છે. મોલ પોતાનો આખો વૃત્તાંત વર્ણવે છે તે નર્યો વાસ્તવિક, વર્તમાનપત્રના સમાચાર જેટલો અથવા તો કોર્ટમાં પોતાનો એકરાર કરતી હોય તેવો વાસ્તવિક લાગે છે. ડીફોની આ જ તો ખૂબી છે. એનામાં ભલે ઊંચી કલ્પનાશીલતા નથી, કથાની આકૃતિ પરત્વે પણ તે સભાન નથી, તેમ છતાં ઘટનાઓને પ્રતીતિકર બનાવવાની તેની શક્તિ પ્રશંસાપાત્ર છે. એ શક્તિ 'રૉબિન્સન ક્રુઝો' તેમજ 'મોલ ફ્લેન્ડર્સ' બંને કથાઓમાં દેખાઈ આવે છે.

'રૉબિન્સન ક્રુઝો'ને ભલે વાસ્તવિક રીતે નવલકથા ન કહીએ, નવલકથાના જનક તરીકે ડીફો ભલે યોગ્ય ન લેખાય, પણ આગળ જતાં રિચાર્ડસનની 'પામેલા' જેવી અંગ્રેજી સાહિત્યના પ્રારંભની નવલકથા માટેનાં બીજ એમાં જોઈ શકાય. અત્યાર સુધી અંગ્રેજી સાહિત્યમાં રૂપક કથાઓ, પરીકથાઓ, લોકકથાઓ રચાતી હતી. એ સર્વથી જુદી રીતે 'રૉબિન્સન ક્રુઝો' એક નવા પ્રકારે નવલકથાની દિશામાં ડગલું માંડે છે અને એ પણ એક એવા નાયકની કથા કે જે નાયક જીવવાના ગૌરવ કે કોઈ આદર્શ પાછળ ઘેલો ન હોતાં આરામ અને સુખસલામતી શોધનારો છે, ભૌતિકવાદી છે. ડીફોએ ધ્યાનપાત્ર એવું એક બીજું પુસ્તક પણ લખ્યું છે - 'જર્નલ ઓવ ધ પ્લેગ ઈયર' (Journal of the Plague Year of 1665) એ ૧૭૨૨માં પ્રકટ થયું હતું. કોઈ જીનગર (ઘોડાનું જીન બનાવનાર Saddler)ની ડાયરી મળી ગઈ હોય એ રીતે તેણે ઇ. ૧૬૬૫ના લંડનના પ્લેગનું વર્ણન કર્યું છે. પણ વાચકને, જાણે લેખકે પોતે જ એ પ્લેગના વર્ષમાં લોકજીવનની આપત્તિનો અનુભવ કર્યો હોય એવી એમાંની વિગતો પ્રતીતિકર નીવડે છે. □

અનુસંધાન] સંભવામિ યુગેયુગે [પૃ ૪૧૭ પરથી

થયું છે. આજે ગુરુવાર છે ને અત્યારનો સમય આપનો સમાધિનો સમય છે.' 'કર્તવ્યપાલનની ધગશમાં નિત્યક્રમનું વિસ્મરણ આર્યસહજ છે. તથાપિ તેં સ્મરણ કરાવ્યું છે, તેથી હવે હું સમાધિમાં બેસીશ. ગંતવ્યસ્થાન ન આવે તેટલો કાલ મને વિક્ષેપ ન કરશો.' આટલું કહી ભટ્ટંભટ્ટ બેસી ગયા. દુ:ખદાયક પરિસ્થિતિમાંથી ઉગારી લેવા માટે એમણે કૃતજ્ઞ પ્રસન્નતાથી મારી સામે જોયું.

ભટ્ટંભટ્ટ આંખો મીંચીને પલાંઠી વાળીને બેઠા. થોડીવારમાં એમનું મસ્તક દોલાયમાન થવા માંડ્યું. નિદ્રાધીન થયાનો આ સંકેત હતો. ભટ્ટંભટ્ટની નિદ્રાશક્તિ વિશે લોકોને હજુ વિશેષ માહિતી નથી. ગમે તે સમયે, ગમે તે સ્થાને, તેઓ આંખો મીંચે એટલે નિદ્રાનું આગમન અવશ્ય થાય. અલબત્ત, એ સમયે ભટ્ટંભટ્ટનું પેટ ભરેલું હોય અને તે પણ લાડુથી ભરેલું હોય એટલું આવશ્યક ગણાય. અત્યારે અમે લાડુ ખાઈને જ નીકળ્યા હતા. એટલે નિદ્રાની સ્થિતિ તદ્દન સ્વાભાવિક હતી.

રસ્તામાં ઓચિંતો ખાડો આવ્યો એટલે પલાંઠી વાળીને બિરાજેલા ભટ્ટંભટ્ટ ઊથલી પડ્યા. ઊંધમૂંધ સ્થિતિમાં પડવા છતાં એમનો નિદ્રાભંગ મોડો થયો. જીપ એકદમ ઊભી રાખવામાં આવી. યજમાનોની મદદથી મેં એમને યથાસ્થાન ફરી સ્થાપ્યા. પડવાને કારણે એમને બંને કોણીએ થોડું છોલાયું હતું. એમને થયેલી ઈજાથી યજમાનોને દુ:ખ થયું. ભટ્ટંભટ્ટે કહ્યું, 'તમે વ્યથિત ન થાઓ. હજુ તો મહાભારત પ્રસંગો આવવાના છે. નર્મદા-સુરક્ષા માટે હું ગમે તેવા ઘાવ સહન કરવા હું તત્પર છું.' મેં કહ્યું, 'મહારાજ, પલાંઠી વાળીને બેસવાને બદલે પગ નીચે રાખીને બેસશો તો સમાધિમાં વિક્ષેપનો સંભવ ઘટશે.'

'પદ્માસન માટે પલાંઠી શબ્દનો પ્રયોગ ઉચિત નથી. તથાપિ તારી ભાવનાની ઉચ્ચતાને લક્ષમાં લઈ હું તને ક્ષમા કરું છું. સમાધિ માટે પદ્માસન આવશ્યક છે. તથાપિ દેશકાલને લક્ષમાં લઈ પરિવર્તન યોજવાનું પણ શાસ્ત્રસંગત છે.'

ભટ્ટંભટ્ટ પગ નીચે રાખી ફરી ઊંઘવા માંડ્યા. વચ્ચે વચ્ચે એમનું માથું મારા ખભા પર ઢળી જતું. વળી ખાડાટેકરા જેવું આવતાં વિપરીત દિશામાં ઢળતું. એમ કરતાં કરતાં અમે આદિવાસીઓના પ્રદેશમાં પહોંચ્યા. (ક્રમશ:)

મધ્ય અમેરિકાની 'માયા' સંસ્કૃતિ

કે. કા. શાસ્ત્રી

માયા સંસ્કૃતિ અને સભ્યતા :

પ્રો. ગ્લાલ્બેર્તો ત્રપાના કહે છે કે, એમાં કાંઈ શંકા નથી કે અમેરિકાના ભૂખંડમાં માયાસંસ્કૃતિ સર્વોત્કૃષ્ટ રીતે નોંધપાત્ર હતી. આ લોકોએ લેખન-પ્રક્રિયા, ભાષા, ગણિત, જ્યોતિષ, શિલ્પ-સ્થાપત્ય, વાહન-વ્યવહાર, માટીનાં વાસણ, સામાજિક વ્યવસ્થા, ધર્મ-સંપ્રદાય, વેશભૂષાની વ્યવસ્થા આદિમાં પોતાની વિશિષ્ટતા પ્રાપ્ત કરી હતી. અહીં એને સંક્ષેપમાં જોઈએ.


૧. લેખન-પ્રક્રિયા

એક વાત અત્યંત સ્પષ્ટ છે કે ન માત્ર 'માયા'ઓની પાસે, ઉત્તર અને દક્ષિણ સમગ્ર અમેરિકામાં ક્યાંય પણ ક્યારેય 'વર્ણલિપિ' નહોતી, 'ચિત્રલિપિ'માં જ એમનો વ્યવહાર ચાલતો હતો. ભારતવર્ષ વગેરે ભૂભાગોમાં 'વર્ણલિપિ'નો વિકાસ થવા લાગ્યો એ પૂર્વે 'ચિત્રલિપિ' જ હતી. કહેવાતી સિંધુ સંસ્કૃતિ-સભ્યતા'નાં હડપ્પા અને મોહેં-જો-દડો વગેરે સ્થાનોમાં 'ચિત્રલિપિ'નું જ ચલણ મળ્યું છે. માયા સંસ્કૃતિનો આરંભ ઈ. પૂ. ૨,૫૦૦ વર્ષની આસપાસ થયેલો અને ઇ.સ. ૨૦૦ સુધીમાં એ લોકો સંસ્કૃતિના વિષયમાં ઉચ્ચકોટિએ પહોંચ્યા હતા. 'માયા'ઓના શિષ્ટયુગમાં જોવા મળતી લેખન-પદ્ધતિ મૌલિક હોવા સાથે જટિલ પણ છે. એમનાં આલિખિત ઓળિયાં (Scrolls), દેર-દેન પેરેસિઆનો અને ત્રો-કાર્તેસિઆનો ત્રણ માત્ર તથા મંદિરોના ઉટૃંકિત સ્તંભો અને સ્મૃતિ-સ્તંભિકાઓ (પાળિયાઓ) મળ્યાં છે. તેમાં ૮૬૨ જેટલા ચિત્ર સંકેતો મળ્યા છે. આનાથી 'માયા'ઓની સ્મરણશક્તિ અને ધારણાશક્તિ કેવી પ્રબળ હશે તે જાણી શકાય છે. એટલા સંકેત પૂર્વ એશિયાના ચીન વગેરે ભૂભાગોની ચિત્રલિપિમાં પણ આજ સુધી મળ્યા નથી. યુરોપીય સંશોધકોએ આ સંકેતો ઉકેલવાનો પ્રબળ પ્રયત્ન કર્યો છે, પરંતુ બધા સંકેતોનું વાચન સિદ્ધ થઈ શક્યું નથી. એ લોકોનો ઈતિહાસ પણ એ સંકેતોમાં જ ભર્યો પડ્યો છે. આજે તો એ લોકો પણ આ સંકેતો સર્વાંશે વાંચી શકતા નથી. આશ્ચર્યની વાત તો એ છે કે એક વસ્તુ માટે એકથી વધુ સંકેતો હોવાનું પણ જાણવા મળ્યું છે.

એમના અંકો માણસના માથાની આકૃતિથી બનાવવામાં આવતા હતા. ૧, ૧૫, ૧૮ અને ૦ પાંચ પ્રકારે. ૫, ૮, ૯ અને ૧૩ છ પ્રકારે અને બીજા અંકોના વિષયમાં વીસથી પણ વધુ રીતે બનાવવામાં આવતા હતા.

૨. ભાષા

ઈ. પૂ. ૩,૦૦૦ અને ,૫૦૦ના ગાળામાં 'માયા'ઓની ભાષા એક જ હતી, જેવી કે ડૉ. મેક્સમ્યૂલરે 'આર્યકુલ' (ઇન્ડો-યુરોપિયન કુલના મૂળમાં 'આર્યભાષા' માત્ર હોવાનું કહ્યું છે.) સમયના વ્યાપમાં 'માયા'ઓના પ્રદેશમાં ૨૩ને પોનોસિન તથા વેશકુઝ વિસ્તારોમાં ૨ વધુ, એમ ૨૫ બોલીઓનો



માયા સામ્રાજ્યના વિસ્તારમાં કોપાન નામની એક નદીની નજીકમાં ગીચ જંગલોમાં એક સ્થાનેથી મળેલા અવશેષોના આધારે કરેલું તેના મૂળ સ્વરૂપનું કલ્પનાચિત્ર. બારેક એકર જેટલા વિશાળ પટમાં આ અવશેષો ફેલાએલા છે, અને તેના કેટલાંક ભાગનું તો પુનર્નિર્માણ પણ કરાયું છે. ચિત્રમાં ડાબી તરફ વિશાળ ચોગાનમાં કેટલાક સ્મૃતિસ્તંભો તથા જમણી બાજુ આ પ્રજાનાં લાક્ષણિક એવા ઊંચા પિરામિડ આકારનાં કેટલાંક પૂજાસ્થાનો જોવા મળે છે.



માયા સામ્રાજ્યમાં 'ચાઈચેન ઇત્ઝા' એ સંસ્કૃતિનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું. ત્યાંથી મળી આવેલી આ તાસક લગભગ દસેક ઈંચના વ્યાસની છે, જેમાં કોરાએલા દૃશ્યમાં મથાળે આકાશ તથા નીચે પાતાળના દૈત્યનું સાંકેતિક નિરૂપણ છે. વચ્ચે તેનાથી બચવા તરાપા ઉપર તથા તરીને નાસતા માયા સૈનિકો દર્શાવ્યા છે.

વિકાસ થયો હતો. મૅક્સિકો તથા મધ્ય-અમેરિકામાં બોલાતી બીજી ભાષાઓથી 'માયા'ઓની ભાષા સર્વથા ભિન્ન છે અને બીજી કોઈની સાથે કોઈપણ જાતનો સંબંધ રાખતી નથી. માયાભાષા મધુર સાંગીતિક ધ્વનિવાળી છે અને એકશ્રુત્યાત્મક (Monosyllabic) એક સ્વરાત્મક છે, જેમ કે (માથું), વીચ, (ચહેરો), ઇચ્ (આંખ, સંકર્તક્ષ), (નાક, સં.નસ્), ચી (મોઢું), ચા=ક્ (જીભ), કોહ્ (દાંત), કા=લ્ (ગરદન), ત્સોસ્ (વાળ), ત્સેમ્ (છાતી), ના=ક્ (પેટ), પૂત્ચ (પીઠ, સં.પૃષ્ઠ), કાહ(હાથ), પીશ્ (ઘૂંટણ), બોક્ (ચરણ), ચોત્સ્ (આંતરડું) વગેરે.

૩. ગણિત

'માયા'ઓની પ્રાચીનતમ સ્મૃતિસ્તંભિકા (Stela) ગ્વાટેમાલામાંના તિલકમાં ઇ. સ. ૨૯૨ની મળી છે, પરંતુ એનાથી યે પહેલાંની 'ઓલ્મેક' લોકોની મેસઝ્ર પોતેસની ઇ. સ. ૩૧ની મળી છે. માનવામાં આવ્યું છે કે અંકસંકેતોનો આરંભ 'ઓલ્મેકો'એ કર્યો હતો અને 'માયા'ઓએ તેનું અનુકરણ કરીને ૨૦ની સંખ્યા નક્કી કરી. ઉચ્ચ કોટિની પદ્ધતિનો વિકાસ કર્યો હતો. એમની આ પદ્ધતિ જટિલ બનાવવામાં આવેલી, જેને કારણે બીજા લોકોને એની સમજ પડતી નહોતી. અંકપદ્ધતિનો એમણે એટલો સુંદર વિકાસ કર્યો હતો કે, 'માયા'ઓની સાલવારી અગાઉના ઘણા ઘણા લાંબા સમયની ગણતરી આપતી હતી. એમની પાસે સરળ અંકપદ્ધતિ પણ હતી. 'શૂન્ય'ના અનેક સંકેતોને બાજુ પર રાખીએ, 'માયા'લોકો 'એક'નો સંકેત 'મીંડા'ના નિશાનથી અને 'પાંચ'નો સંકેત આડી લીટીથી બતાવતા હતા. એમની પદ્ધતિ ત્રિગુણાત્મક વિંશતિગુણાત્મક હતી. આ પદ્ધતિથી તેઓ કરોડો અને અબજોથી પણ ક્યાંય ઉપરની સંખ્યા સુધી ગણતરી કરતા હતા. આ પદ્ધતિ આજની દશાંશ પદ્ધતિને મળતી આવતી હતી. અંકલેખન પદ્ધતિ એક અંક ઉપર બીજો, બીજા ઉપર ત્રીજો એ પ્રકારે ઉપર ઉપર લખવામાં આવે એ રીતની હતી અને વાંચવામાં ઉપરથી નીચે આવવાનું હતું, જ્યારે આપણી અંકલેખન પદ્ધતિ જમણી બાજુથી ડાબી બાજુ તરફ જતી છે. એમની પદ્ધતિમાં નીચેની લીટી શૂન્યથી ૧૯ સુધીની સંખ્યા બતાવતી હતી, એનાથી ઉપરની લીટી ૨૦ના ગુણાંકો બતાવતી હતી; જ્યારે એની ઉપરની લીટી ૪૦૦ના ગુણાંકો (૨૦ x ૨૦) અને એની ઉપરની લીટી ૮,૦૦૦ના ગુણાંકોને (૨૦ x ૪૦૦), આ પ્રકારે આગળ અને આગળ સંખ્યા વધતી જતી હતી.

૪. જ્યોતિષ

'ત્ઝોલ્કિન' અને ધાર્મિક વર્ષથી શરૂ થનારું 'માયા'લોકોનું પંચાગ (Calender) અનેક તબક્કાઓ (Stages)માં વિકસતું રહ્યું હતું. આ પ્રથમ પંચાગ-પદ્ધતિના અનુસંધાનમાં પંચાગ-વર્તુલ (Calender-round) અમલમાં આવ્યું, જેણે સુપ્રસિદ્ધ 'દીર્ઘ ગણના' (long count)ના રૂપમાં પૂર્ણતા પ્રાપ્ત કરી. આ ગણતરીનું બે સ્વરૂપમાં લાઘવ થયું. ૧. સમયના અંતનું તિથિ-કરણ (dating of the end of period), જેનો કાલાનુક્રમવાદીઓ (Chronologists)એ સમાદર કર્યો. ૨. એનાથી પણ વધુ લાઘવવાળી 'કાલુત-વર્તુલ-ગણના' અથવા 'લઘુ ગણના' (short counts). 'માયા'લોકોએ દરેક વીસ વર્ષોના અંતભાગમાં સ્મૃતિ સ્તંભિકાઓની રચના કરવાનો રિવાજ રાખ્યો હતો, જેને લઈને એમાં કાલાનુક્રમને નિશ્ચિત રૂપમાં ઉટ્ટંકિત કરવામાં આવતો હતો. મજાની વાત તો એ હતી કે એ સમગ્ર પ્રક્રિયા શૂન્ય અને લીટીની સહાયથી જ કરવામાં આવતી હતી.

સમૃદ્ધ શિષ્ટ (ઇ.સ. ૬૨૫ થી ૮૦૦) પેટાયુગાના મધ્ય સમયમાં આવતાં આવતાં 'માયા'ઓએ દરેક દસ વર્ષોના સમયાવધિમાં સ્મૃતિસ્તંભિકાઓ બનાવવાનો આરંભ કર્યો અને આગળ જતાં પ્રત્યેક વર્ષના સમવાવધિમાં. આમાં સૌથી મોટી તિથિવાળી સ્મૃતિસ્તંભિકા, વાતૃમાલાના ક્વિરિગ્વામાં મલી છે, ને ૧૦.૬૭ મી. ઊંચી, ૧.૫ મી. પહોળી અને ૧.૨૭ મી. ઊંડી છે. એનું વજન ૬૫ ટનનું છે અને એના ઉપર આપવામાં આવેલું વર્ષ ઇ. સ. ૭૩૧ની સાથે મળે છે. ગ્વાટેમાલાના પિએદ્રાસને ગ્રાસમાં ૨૮ સ્મૃતિ સ્તંભિકા મળી છે, જે દર પાંચ વર્ષોને અંતે બનાવવામાં આવેલી છે. યુકાતનના સમગ્ર પૂર્વીય મેક્સિકોમાં સૅંકડોની સંખ્યામાં આવી સ્મૃતિ સ્તંભિકાઓ મળી આવી છે.

ઇ.સ. ૩૫૩ આસપાસ પંચાગ-વર્તુલનો વિકાસ થયો ત્યારથી 'માયા'ઓના ૩૬૫ દિવસોના વર્ષની શરૂઆત થયેલી. તેઓએ સૂર્યાસ્તને સમયે ક્ષિતિજ ઉપર સૂર્યના બદલતા સ્થાનનું બારીક નિરીક્ષણ કર્યું અને સાથોસાથ ઋતુઓના પરિવર્તનનું પણ. ૩૬૫ દિવસોનાં વર્ષોના વર્તુળોથી એ પણ ધ્યાનમાં આવ્યું કે, પંચાંગીય વર્ષ અને કુદરતી ઋતુઓની ધીમે ધીમે અસર-સામયિકતા થતી જતી હતી. આગલા વર્ષની તુલનામાં આગામી

વર્ષમાંની આવતી તિથિમાં વિભિન્નતા આવતી અનુભવવામાં આવી. સમયની આ વિભિન્નતાએ બતાવ્યું કે, (બાવન) વર્ષોના વર્તુળમાં ૧૩ દિવસોનું અંતર પડે છે. 'માયા'ઓએ આ બાવન વર્ષોના વર્તુળને જીવનચક્ર બનાવનારું માન્યું, જ્યારે આપણે શતાબ્દીને માનીએ છીએ.

પરિણામે તેઓએ જોયું કે, વર્ષનું માપ ૩૬૫ દિવસોથી પણ થોડું વધુ છે. આ અંતર એક-ચતુર્થાંશ દિવસ ને કાંઈક નજીકનું માલૂમ પડ્યું. આ પ્રકારે એઓએ પંચાગ સંપૂર્ણ કરી લીધું. પૃથ્વી ઉપરનાં બીજાં પંચાંગોની સાથે તુલના કરવાથી આ વિશિષ્ટતા સમજાય છે.

જુલિયન વર્ષ ૩૬૫-૨૫૦૦ દિવસ
ગ્રેગોરિયન વર્ષ ૩૬૫-૨૪૨૫ દિવસ
વૈજ્ઞાનિક વર્ષ ૩૬૫-૨૪૨૨ દિવસ
'માયા'ઓનું વર્ષ ૩૬૫-૨૪૨૦ દિવસ.

એ લોકો કેટલી સૂક્ષ્મતા સુધી પહોંચ્યા હતા તે આ પરથી સમજાય છે. વિજ્ઞાનીઓએ જે સૂક્ષ્મતા સાંપ્રત સમયમાં સ્થાપિત કરી તેવી નિકટતમ સૂક્ષ્મતા ઇ. સ. ૬૮૨ના વર્ષ સુધીમાં તેઓના વિદ્વાન જ્યોતિષ-ગણિતશાસ્ત્રીઓની પરિષદે પ્રાપ્ત કરી હતી. આ પરિષદ હોન્ડુરાસની વૈજ્ઞાનિક શોધોને કારણે વિદ્યુત થયેલા કોપનના ઉત્સવ કેન્દ્રમાં મળી હતી. આ પરિષદમાં 'માયા' જ્યોતિષીઓએ પોતપોતાના મતભેદોને ટાળી દઈ એકરૂપતા સ્થાપિત કરી લીધી હતી. સમગ્ર પ્રદેશમાં હવે સૌર વર્ષ (solar year) એકરૂપ બની ગયેલું.

૩૬૫ દિવસોના વર્ષનો સ્વીકાર કરવાથી એક નવો પ્રશ્ન ખડો થયો. આ નવા પ્રકારના વર્ષનો મેળ એમના ઉત્સવ-દિવસો સાથે થતો ન હતો, આ કારણે તેઓએ ૨૦-૨૦ દિવસોના ૧૩ માસ બનાવ્યા અને એમાં ૨૦-૨૦ દિવસોના માસ વધારી ૩૬૦ દિવસોનું ૧૮ માસોનું વર્ષ બનાવ્યું અને જે પાંચ દિવસ ઘટ્યા તેને સમાવી લેવા માત્ર પાંચ દિવસોનો ૧૯મો માસ ઉમેર્યો. આમ, કુલ ૧૯ માસોનું વર્ષ બનાવી લીધું. માસના દિવસોની ગણતરીમાં પ્રથમના દિવસને 'શૂન્ય' માન્યો અને બીજા દિવસને 'એક'થી ગણી ૨૦મા દિવસને ૧૯નો અંક આપ્યો. ૧૯ માસોની સંજ્ઞાઓ પણ અલગ અલગ અને વીસે દિવસોની સંજ્ઞાઓ પણ અલગ અલગ.

'દીર્ઘ ગણના', 'ત્રૈતીયિક ગણના' અને 'લઘુ ગણના' એવી પદ્ધતિઓ પણ અસ્તિત્વમાં આવી હતી. એમનું સમગ્ર જ્યોતિષ-ગણિત અનન્ય જ રહ્યું, જે 'માયા'ઓની આગવી વિશિષ્ટતા રહી. યુરોપીય વિદ્વાનોએ ઊંડાણથી આ વિષયનો અભ્યાસ કરીને આપણી સમક્ષ તેનો પરિચય સુલભ કરી આપ્યો છે.

૫. શિલ્પ-સ્થાપત્ય

'માયા'ઓનાં શિલ્પ-સ્થાપત્ય એમની પ્રબળ બુદ્ધિશક્તિનાં સબળ પ્રમાણ છે. એમના આટલા મોટા વિસ્તારમાં ભવ્ય ઈમારતો, કલાના સાચા નમૂના, ઉચ્ચ પ્રકારની કલાસૂઝ અને ઉત્તમોત્તમ કારીગરીનાં સુશોભિત શિલ્પકામનો અદ્ભુત ખ્યાલ આપી રહે છે. એઓ મોટા શિલ્પી અને સ્થપતિ હતા. એમની પાસે ધાતુનાં હથિયાર નહોતાં, ભારવાહક પશુઓ પણ નહોતાં કે પૈડું પણ નહોતું. આટલી મોટી ૭૫ મીટરોથી પણ વધુ (લગભગ ૨૫૦ ફુટ સુધીની) ઊંચાઈની ઇમારતો કેવી રીતે બનાવી, પથ્થરો ક્યાંથી લાવ્યા, કયા પ્રકારે લઈ આવ્યા, કયા પ્રકારે પથ્થરો ઘડ્યા, ઘડતરમાં કયાં હથિયારોનો ઉપયોગ કર્યો અને પથ્થર પર પથ્થર કઈ રીતે ચડાવ્યા, તેની આપણી સામે કોઈ સાબિતી નથી.

એ લોકોએ આપણી પાસેના જેવા જ કાગળ બનાવ્યા હતા અને એની ઉપર ઈમારતોનાં રેખાંકનો (plans) આલેખ્યાં હતાં એવું જાણવામાં આવ્યું છે. ઇમારતો પથ્થરોની બનતી હતી. એમણે આગવી પદ્ધતિથી ચૂનો બનાવવાનો ઉદ્યોગ કર્યો હતો. ચૂનાના કાચા ખડકો ઉપર ઘાસ અને ઝાડપાનોના ઢગલા કરી એને સળગાવતા હતા, જેને લઈ ખડકોની ઉપરની સપાટી સળગતી હતી. પછી એ સપાટી ઉપર પાણી નાખવામાં આવતું હતું. અને પથ્થરો ફૂટતાં ચૂનો મળી આવતો હતો. આ ચૂનાનું સફેદ માટી સાથે મિશ્રણ કરી, પથ્થરોની ઘડાઈ કર્યા પછી દીવાલો બનાવવામાં આવતી હતી. આ રીતે પોતાના અનેક પ્રકારના ઉપયોગ માટે નાનાંમોટાં સ્થાપત્ય બનાવવામાં આવતાં હતાં. સેંકડોની સંખ્યામાં આવાં નાનાંમોટાં મકાન રેતી અને ધૂળમાં દટાયેલાં તથા જંગલોમાં જંગલી વનસ્પતિથી દબાયેલાં મળી આવ્યાં છે. મકાનોમાં કરવામાં આવતી ખાસ પ્રકારની કમાનો ગ્વાતેમાલાના ઉગ્ઝેક્તિનમાં ઈ.સ. ૨૭૮ની આસપાસની સૌથી પ્રાચીન છે અને એ સમયથી ત્યાંથી 'મામા'ઓના અન્ય પ્રદેશોમાં આગળ વધી છે.

'માયા' સ્થાપત્યોની પેતેન, રિઓ બેક, ચેનેસ, પુઉક, ચાઈચેન ઈત્ઝા અને માયા-તોલ્તેક એવી છ શૈલીઓ જાણવામાં આવી છે. એનો સાચો ખ્યાલ તો ચિત્રો પરથી જ આવી શકે.



માયા સંસ્કૃતિના બે દેવસ્વરૂપો માનવ આકૃતિવાન તેમના સર્પ સમા સ્વરૂપના મુખમાંથી સ્વબચાવ કરતી બનાવી છે. સર્પનું માયા સંસ્કૃતિમાં કંઈક વિશેષ મહત્ત્વ જોવા મળે છે.

મેસો-અમેરિકી સ્થાપત્યોમાં સર્પ

'માયા'-ભૂભાગમાં, તેના પૂંછડાના ભાગમાંથી ખડખડ અવાજ આવે છે તેવા ચીતરેલા પુષ્ટકાય સર્પોનાં શિલ્પ ઇમારતોમાં બનાવવામાં આવતાં હતાં. ક્યાંક ક્યાંક તો માત્ર મુખભાગ બનાવવામાં આવતા, તો ક્યાંક ક્યાંક પૂરાં શરીર બનાવવામાં આવતાં હતાં. ક્યાંક તો ખુલ્લા મોઢાવાળા સર્પ પણ જોવા મળે છે, જેઓને જોતાં માનવ-મુખનો એ વિકાસ છે એવી પ્રતીતિ થાય છે. આ પ્રકારના સર્પોને પવિત્ર માનવામાં આવતા હતા. ફેણાવાળા સર્પ પણ બનાવવામાં આવતા હતા. એશિયાઈ સંસ્કૃતિમાં શેષનાગની પવિત્રતા અને દિવ્યતાનો આપણને સારો અનુભવ છે.

૬. વાહનવ્યવહાર

માયા-ભૂભાગમાં ધાર્મિકાદિ ઉત્સવોનાં કેંદ્રો બધા ધોરીમાર્ગથી જોડાયેલાં માલૂમ પડ્યાં છે. ઉત્ખનન અને સર્વેક્ષણથી માલૂમ પડ્યું છે કે રાજ્ય-ધોરીમાર્ગ કૅરિબિયન સમુદ્રતટ ઉપર આવેલા તુલુમથી નીકળીને એક ફાંટો એકલ જાય છે અને યાગઝુનામાં પૂરો થાય છે. બીજો ફાંટો કોળાકો ચાઈચેન ઈત્ઝા, ત્યાંથી ઈઝમલ અને એવી જ રીતે ઉત્સવતીર્થ આકે સુધી જતો હતો. ત્યાંથી એ ત્હો અને ઈચ્કન સિલ્હો (આજનું મેરિદા) સુધી હતો. ત્હોસે એક ફાંટો દક્ષિણમાં મયપાન સુધી, બીજો ઉત્તરમાં દ્ઝિબિલ્ચલ્તૂન સુધી અને ત્રીજો ઉઝમલ સુધી જતો હતો. ઉઝમલથી બીજા ત્રણ ફાંટા નીકળતા હતા, જેવા કે એક ચમ્પોતોન સુધી, બીજો કબહ સચિલ લન્ના, નોહ્કાબ ઝ્તમ્પક બકલર તિપૂ ઉઅગ્ઝક્તૂન તિકલથી પસાર થઈ ઉઓ લત્તૂનમાં પૂર્ણ થતો હતો, જ્યારે ત્રીજો તિપૂ અને ઉઅગ્ઝક્તૂનના ફાંટાને વટાવીને હોપેલ્ચેનથી આગળ વધી તયસલ જઈને અટકી જતો હતો. આ ઉપરાંત પણ બીજા અનેક માર્ગ હશે, પરંતુ જંગલી વનસ્પતિઓથી ઢંકાઈ ગયા અને નષ્ટ થઈ ગયા. કાળાંતરે જમીનમાં પણ પરિવર્તન થયું હશે. સંશોધનથી જાણવામાં આવ્યું છે કે ૪૨ જેટલા માર્ગ કોબામાં છે. સથી લાંબો સીધો માર્ગ યગ્ઝુના અને ઈગ્ઝિલ સુધીનો કાંઈક ૨૦ કિ.મી.ની લંબાઈનો છે. સંશોધનથી એ પણ જાણવામાં આવ્યું છે કે ૧૦૦ કિ.મી.ની લંબાઈના, ૪.૫૦ મી. પહોળાઈના અને જમીનની સપાટીથી ૬૦ સે.મી.થી ૨.૫ મી. સુધીની ઊંચાઈના હતા. કોબા-યગ્ઝુના ધોરીમાર્ગ મોટેભાગે સીધો, જેમાં પાચં જેટલા નાના વળાંક આવતા હતા. મૂળ માર્ગોની રચના ઈ.સ. ૬૩૩ અને ૭૩૧ના વચગાળામાં થઈ હતી એવું જાણવામાં આવ્યું છે. ધાર્મિક કેંદ્રો અને મોટી ઇમારતોને જોડનાર ટૂંકામાર્ગ તો અનેક હતા. 'માર્ગ'ને મોટે માયા-ભાષાનો શબ્દ 'સકબે' છે અને એ 'સક'-સફેદ તથા 'બે'-માર્ગ એટલે કે 'સફેદ માર્ગ'. આ સંજ્ઞા એ માટે અસ્તિત્વમાં આવેલી કે એ લોકો માર્ગોની સપાટીને સફેદ માટીથી ઢાંકતા હતા. એક સ્થાનથી બીજા સ્થાનનો સંદેશાવ્યવહાર દોડના-ખેપિયાઓ દ્વારા થતો હતો, જેની સાંકળ જ બની ગઈ હતી. આપણે ત્યાં પણ આ પદ્ધતિ સદીઓ થયાં ચાલુ રહી હતી અને હજી પણ નષ્ટ તો નથી જ થઈ. આજની આંગડિયા-પદ્ધતિ લગભગ એ જ પ્રકારની કહી શકાય.

આટલા માર્ગ હોવા છતાં પણ 'માયા'ઓની પાસે 'પૈડાં' નહોતાં, ભૂમિતિનું ઉચ્ચ પ્રકારનું જ્ઞાન હોવા છતાં પણ. સંભવ તો એવો છે કે ભાર ઉપાડનારાં મોટાં પ્રાણી એમની પાસે નહોતાં, એ કારણે ગાડાંઓનો પ્રચાર નહોતો. ખરી વાત તો એ છે કે પૈડાં બનાવવા માટેનાં સારાં સાધન હતાં નહિ, એમની પાસે તો માત્ર પથ્થરોનાં બનાવેલાં હથિયાર જ હતાં, જે પૈડાં બનાવવામાં કામ લાગે તેવાં નહોતાં. રમકડાં બનાવતાં નાનાં પૈડાં તેઓ બનાવતાં હતાં, એટલે પૈડાં બનાવવાના વિષયમાં એમનામાં તદ્દન અજ્ઞાન હતું એમ તો ન જ કહી શકાય.

નૌકા-વિદ્યા

'માયા'ઓના પ્રદેશનો વિસ્તાર મોટો હતો, આશરે ૩૨૫,૦૦૦ ચો.કિ.મી.નો, ઉત્તર અને પશ્ચિમમાં સમુદ્ર હતા - મેક્સિકોનો અખાત અને કૅરિબિયન સમુદ્ર. આ કારણે પાણીમાંનો વ્યવહાર પણ હતો. દેશમાં કિંમતી પદાર્થોનું પણ સારું ઉત્પાદન હતું અને પોતાને ત્યાં ન થનારા પદાર્થોની આયાત પણ અનિવાર્ય હતી. આ કારણે એ લોકો નાની મોટી નૌકાઓ - હોડીઓનો ઉપયોગ કરતા હતા. એ લોકોની હોડી લાકડાના મોટા એક જ થડમાંથી કોરીને બનાવવામાં આવતી હતી. એમનાં ચિત્રોમાં આવી હોડીઓ જોવા પણ મળે છે.

૭. માટીનાં વાસણ વગેરે

પોતાના ઉપયોગની દૃષ્ટિએ અને વેપારીની દૃષ્ટિએ પણ નાનાંમોટાં વાસણ અને રમકડાંઓની જરૂરિયાત પૃથ્વી પર સર્વત્ર રહી છે જ. 'માયા'

(અનુસંધાન પૃ. ૪૦૧ પર)



માટીનું આ પાત્ર ગ્વાતમાલામાંના એક માયાકેન્દ્રમાંથી મળ્યું છે, જેમાં (પાત્રની પાછલી બાજુ ઊભેલા) કોઈ મહાનુભાવને ભેટ ધરતા બે પાત્રોનું આલેખન છે. આછા પીળા, લાલ અને કાળા રંગમાં ચીતરાએલી આ માનવ-આકૃતિઓ પરથી તેમના આગવા પોષાક તથા આભૂષણોનો ખ્યાલ મળે છે.

ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગેયુગે

રતિલાલ બોરીસાગર

આદિવાસીઓના પ્રદેશમાં : ગમન

નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનના પ્રથમ ચરણ રૂપે આદિવાસીઓ સમક્ષ ભટ્ટંભટ્ટનું પ્રવચન યોજવાનું વિચારવામાં આવ્યું. આ માટેનો દિવસ નિર્ધારિત કરવામાં ભટ્ટંભટ્ટે ઘણો સમય લીધો. શુભ દિવસ, પ્રયાણ માટેનું શુભ ચોઘડિયું, નિર્દિષ્ટ સ્થળ પર પહોંચવાનું શુભ ચોઘડિયું, ઉતારે પહોંચવાનો સમય, ઉત્તમ આહાર માટેનું ઉત્તમ ચોઘડિયું, સભાસ્થાને પહોંચવાનો સમય, પ્રવચનનો પહેલો મંગલ શબ્દ ઉચ્ચારવા માટેનું મંગલ ચોઘડિયું ઇત્યાદિ ઇત્યાદિ સર્વ વિગતો, શુભઘડી, શુભપળ, શુભવિપળ, ચંદ્રદશા, શનિદશા ઇત્યાદિ સર્વ વિગતોનો અભ્યાસ કરી ભટ્ટંભટ્ટે કાર્યક્રમનું આયોજન કર્યું.

અમારે નીકળવાનું હતું એના એકાદ કલાક અગાઉ પર્યાવરણવાદીઓ આવી પહોંચ્યા. એમણે આવીને ભટ્ટંભટ્ટને પ્રણામ કર્યા. પ્રસન્ન થઈને ભટ્ટંભટ્ટે આશીર્વાદ આપ્યા.

પ્રયાણ માટે ભટ્ટંભટ્ટ સંપૂર્ણપણે સુસજ્જ હતા. ધોતિયાના કછોટા પર જેણે ઘાસના થર લગાડ્યા હતા, પાંદડાંના કવચથી જેનું શરીર આચ્છાદિત હતું, ગળામાં રુદ્રાક્ષની માળાને કારણે જે શંકર સમાન, અને ફૂલની માળાઓને કારણે જે વિષ્ણુ સમાન શોભી રહ્યા હતા, હાથમાં પરશુને કારણે જે ભગવાન જામદગ્ન્ય જેવા ભાસતા હતા, શિરાવેષ્ટનમાં તુલસીની ડાળખીઓને કારણે જે વનવાસી લાગતા હતા તેવા ભટ્ટંભટ્ટને પર્યાવરણવાદીઓમાંના એકે કહ્યું, 'ભગવાન ભટ્ટંભટ્ટ!' સંબોધન સાંભળી હું તથા ભટ્ટંભટ્ટ ઉભય ચોંક્યા. પણ પછી ભટ્ટંભટ્ટ અતીવ પ્રસન્ન થયા. એમણે કહ્યું, 'ઘોર કલિયુગમાં પણ આપ સૌની મતિ અક્ષુણ્ણ રહી છે તે આપે કરેલ સંબોધન પરથી પ્રતીત થાય છે. મને આપ સૌએ યથાર્થ રીતે ઓળખ્યો છે. આપના સૌજન્યથી હું ઘણો જ પ્રસન્ન થયો છું. કહો, આપને શું નિવેદન કરવાનું છે?' 'નર્મદાયોજનાના પક્ષમાં રહેલા લોકોની દલીલો આપ સમજી લો તો એનો પ્રત્યુત્તર આપવામાં આપને અનુકૂળતા રહે.' યજમાને કહ્યું.

'ત્રિકાલસર્વજ્ઞ એવા મારે કશું જાણવાની આવશ્યકતા નથી. નર્મદાયોજનાના પક્ષમાં એક પણ દલીલ સંભવે નહિ, હોય તો એ ભ્રાન્તિ છે. નર્મદા પુરાણપ્રાચીન નદી છે. એના પર બંધ બાંધવાનો અપરાધ થઈ શકે જ નહિ. માટે નર્મદાયોજનાના પક્ષમાં બોલવું એ પાપ છે. એ લોકોનાં વચનોનું પુનરુચ્ચારણ ને શ્રવણ પણ પાપ છે. માટે તમે એ દલીલોનું તમારા મુખે પુનરુચ્ચારણ કરશો નહિ. આપણે સત્વરે આદિવાસીઓના નગરમાં પ્રયાણ કરીએ.'

'ભગવાન! આદિવાસીઓ નગરમાં રહેતા નથી, જંગલમાં રહે છે.' યજમાને નમ્રતાથી કહ્યું. 'કલિયુગના પ્રભાવે કરી, તમે સૌ હજુ માયાથી લિપ્ત છો માટે મારાં પુણ્યવચનોમાં સુધારો સૂચવવાની કુચેષ્ટા કરો છો. હું યથાર્થ જ વદ્યો હતો. વેદમાં 'નગર' શબ્દ નિવાસસ્થાનના અર્થમાં પ્રયોજાયો છે.' ભટ્ટંભટ્ટે કદી વેદાભ્યાસ કર્યો હોય એવી મને માહિતી નહોતી આમ છતાં, વેદનો આધાર આપવાની એમની શક્તિથી હું પ્રભાવિત થયો. મુખ્ય યજમાન બોલ્યા, 'અમે અલ્પમતિ આપને યથાર્થ પિછાની શકતા નથી એટલે આવો અપરાધ કરીએ છીએ. આપ ઉદાર અને કરુણાસાગર છો. અમને ક્ષમા કરો.' ભટ્ટંભટ્ટે તત્કાલ ક્ષમા આપી.

ઘટિકાયંત્રની સહાયથી શુભ સમયે તૈલવાહનમાં વિરાજી અમે આદિવાસીઓના પ્રદેશમાં જવા નીકળ્યા.

આદિવાસીઓના પ્રદેશમાં જવા માટે યજમાનોએ 'જીપ' નામક વાહન પસંદ કર્યું હતું. ડુંગરાળ પ્રદેશમાં જવા-આવવા આ વાહન જ અનુકૂળ પડે એવું એમનું કહેવું હતું. વાહનનું નામ 'જીપ' છે એ જાણી ભટ્ટંભટ્ટ પ્રસન્ન થયા. 'આપણે જીપ દ્વારા જીભ ચલાવવા જઈએ છીએ. જીપ અને જીભનો સંયોગ ઉત્તમ ફળ આપનારો નીવડશે.' આંગ્લ ભાષાનો શબ્દ ઉચ્ચારી ભટ્ટંભટ્ટ અજાણપણે અપરાધ આચરી રહ્યા હતા, તે જોઈ મેં કહ્યું, 'જીપ શબ્દ આંગ્લ ભાષાનો છે.' 'તો એ સર્વથા વર્જ્ય છે. તેં મને મહાપાતકમાંથી ઉગારી લીધો માટે તું ધન્ય છે.'

અમે જીપમાં પ્રવેશ્યા. ભટ્ટંભટ્ટે પ્રવેશતાં પહેલાં, નીચે ઊભાં ઊભાં જ પોતાનો અભિલાષ પ્રકટ કરતાં કહ્યું, 'ઇન્દ્ર મહારાજના રથમાં ઊભો ઊભો જ હું પૃથ્વીલોકમાં આવ્યો હતો તેમ આ તૈલવાહનમાં હું ઊભો ઊભો જ આદિવાસીઓના પ્રદેશમાં જઈશ.' ભટ્ટંભટ્ટના અણધાર્યા સંકલ્પથી મૂંઝાયેલા યજમાને કહ્યું, 'જીપમાં ઊભા રહેવામાં ઘણું કષ્ટ પડશે.' 'નર્મદામોક્ષકર્તવ્ય-પરિપાલનઅભિયાનપ્રવર્તનઅર્થે હું ગમે તેવાં દુર્ગમ કષ્ટો સહન કરવા તૈયાર છું. આર્યધર્મનું રક્ષણ કરવા વિષ્ણુ ભૂંડ થયા હતા, કૃષ્ણ સારથિ થયા હતા, શ્રીરામે વનવાસ ઉપરાંત ભાર્યાવિયોગ વેઠ્યો હતો તો હું આટલું કષ્ટ વેઠું તેમાં શી વિશેષતા છે?' કહી ભટ્ટંભટ્ટ જીપમાં ચડ્યા. ભટ્ટંભટ્ટ બેઠી દડીના હતા તથાપિ એમણે સાવ વાંકા વળીને જવું પડ્યું. થોડે દૂર ગયા ત્યાં તો ભટ્ટંભટ્ટ અત્યંત વ્યથિત થઈ ગયા. એમણે પૂછ્યું, 'અંબારામ, ગંતવ્યસ્થાન આવી ગયું?' 'મહારાજ, આ ઇન્દ્રનો રથ નથી. હજુ તો આ રીતે ચાર-પાંચ કલાક વીતાવવાના છે.' આ સાંભળી ભટ્ટંભટ્ટે મૂર્છા માંડ રોકી હોય એમ લાગ્યું. એમણે આંખના ઇશારાથી મને એમની સમીપ આવવા જણાવ્યું. હું મારું મુખ તદ્દન એમની સમીપ લઈ ગયો. ભટ્ટંભટ્ટે કહ્યું, 'અંબારામ ! કષ્ટ અસહ્ય જણાય છે. તું કશો ઉપાય વિચારી મારા બેસવાનો પ્રબંધ કર.' હું ભટ્ટંભટ્ટની કષ્ટમુક્તિનો ઉપાય વિચારવા લાગ્યો. મેં યજમાનને પૂછ્યું, 'આજે ગુરુવાર છે ને ?' યજમાને કહ્યું, 'હા, કેમ?' મેં કહ્યું, 'દર ગુરુવારે આ સમયે ભટ્ટંભટ્ટ મહારાજ કેટલોક કાળ સમાધિમાં વિરાજે છે.' પછી ભટ્ટંભટ્ટને ઉદ્દેશી હું બોલ્યો, 'મહારાજ! નર્મદાની સુરક્ષાની ચિંતામાં આપને વારનું વિસ્મરણ

(અનુસંધાન પૃ ૪૧૨ ઉપર)

કંકાવટી

મહિલા આંદોલનની એક પુરોધા

સ્ત્રી-જાગૃતિના આ સમયમાં ગઈ સદીની મહિલા આંદોલનની એક ઉત્સાહી કાર્યકર્ત્રી જેન એડમ્સની આ માસ સપ્ટેમ્બરમાં જન્મ-જયંતી આવતી હોઈ તેનો પરિચય મેળવીએ. સીડરવિલે (ઈલીનોઈસ)ના એક પાટીવાળાને ત્યાં ઈ. ૧૮૬૦ની છઠ્ઠી સપ્ટેમ્બરે તેનો જન્મ થએલો. માંદગીને કારણે હવાફેર સારુ એને યૂરોપની સફર કરવી પડી ત્યારે શ્રમિક લોકોમાં એણે જે ગરીબી, મુશ્કેલીઓ અને અજ્ઞાન જોયાં એથી એ ચકિત અને વ્યથિત થઈ ગઈ, અને ત્યારથી જ એણે, આવા લોકોને માટે જીવન ન્યોછાવર કરવાનો નિર્ણય કરી લીધો. સાથોસાથ એણે એ લોકોમાં સંસ્કાર અને શિક્ષણની પણ એટલી જ જરૂરિયાત સમજી લીધી હતી.

ઈ. ૧૮૮૯માં એણે શિકાગો શહેરની મજૂર વસાહતો વચ્ચે પુરાણું મકાન ખરીદી તેને 'હલ હાઉસ' નામ આપ્યું અને ત્યાં મુસિબત અને મૂંઝવણમાં મુકાયેલા કોઈપણ માણસને શાતા અને સહાય મળી શકે તેવી પ્રવૃત્તિ આરંભી. સ્ત્રીઓને માટે તો એ સૌપ્રથમ મિલનસ્થાન જેવું હતું. આજનાં સમાજકલ્યાણ કેન્દ્રનો એ જાણે સૌથી પહેલો નમૂનો હતો. ઈ. ૧૯૧૩માં એણે સતત સખત મહેનત કરીને એ વિસ્તારની સ્ત્રીઓને મતાધિકાર અપાવ્યો. બાળકો પાસેથી લેવાતા શ્રમની બાબત માટે લડીને એમાં પણ એણે રાહત અપાવી. સીધી કે આડકતરી રાહતોની લાલચ તથા સીધી ધમકીઓ દ્વારા સ્થાપિત હિતવાળા લોકોએ એની પ્રવૃત્તિઓમાં બાધા નાખવાના પ્રયત્નો પણ કર્યા જ, પરંતુ એ બધા સામે એણે મક્કમતાથી ટક્કર લીધી. ટ્રેડ યૂનિયમોમાં પણ એ ઘણો સક્રિય ભાગ લેતી. માનવમાત્ર પ્રત્યે એને પ્રેમ હતો. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે શાંતિ સ્થાપવા એણે જે વલણ અને વિચારો દર્શાવ્યાં તેનાથી દેશાભિમાની લોકોએ તો એને જર્મનપક્ષી જાસૂસ ગણવા સુધીની સંકુચિતતા બતાવી હતી, પણ એણે પોતાની મક્કમતા છોડી નહોતી. યુદ્ધમુક્ત સંસારનું એનું સ્વપ્ન હતું. ૧૯૧૫માં હેગમાં આયોજિત આંતરરાષ્ટ્રિય મહિલા સંઘના સ્થાયી સંગઠનનું અધ્યક્ષપદ એણે આજીવન સંભાળ્યું હતું. ૧૯૩૧નું શાંતિ માટેનું નોબેલ પારિતોષિક પણ અર્ધ ભાગે એને અપાયું હતું. સામાજિક ઉન્નતિ અને શાંતિનો પુરસ્કાર કરતાં અને પોતાના જીવનકાર્યના અનુભવોના પ્રેરક પ્રસંગો વર્ણવતાં એણે સાતેક પુસ્તકો પણ લખ્યાં છે. ઈ. ૧૯૩૫માં ઓચિંતુ પડખમાં દર્દ ઊપડતાં એ માટેની શસ્ત્રક્રિયા કરાવ્યા પછી થોડા દિવસે એનું અવસાન થયું.

જો

સળગતી સગડી કે પ્રાઈમસ પાસે જ ઊભા થઈ ઉપર લટકતી કે મૂકેલી કોઈ ચીજ વસ્તુ લેતા-મૂકતા હો-

પ્રાયમસ સળગતો અટકી જાય ત્યારે તેની છેક નજીક સુધી માથું ઘાલી પિન મારી તેને ફરી પેટાવતા હો-

સગડી ઉપરથી તાજી જ ઉતારેલી તવી કે લોઢીને કે રસોઈની તપેલીને હાલવા-ચાલવાના માર્ગમાં મૂકતા હો-

સગડી પર કઢાઈમાં તળવા માટેનું તેલ કકડતું હોય ત્યારે જ અડાખેપડખે પાણીની લેમૂક કરતા હો-

ઢીલી પડી ગયેલી સાણસીને સમરાવ્યા વિના જ વાપર્યા કરતા હો-

રસોઈ કરતી વખતે નાનાં બાળકોને પણ પાસે બેસાડી કે સુવરાવીને તેને રમાડતા જતા હો-

ઉપયોગમાં ન હોય ત્યારે ગેસના બાટલા ઉપરના નોબને ખુલ્લો રહેવા દઈ માત્ર સગડી પરનો નોબ ફેરવીને જ ગેસ બંધ કરતા રહેતા હો-

તો તમારે કોઈ પણ એક વખતે ગંભીર અકસ્માત થવાની તૈયારી પણ રાખવી જ પડશે. કારણ, આ બધી ટેવો ક્યારેક ને ક્યારેક તો અકસ્માત નોતરે જ છે.

*

ઊંચી એડીનાં ચપ્પલ કે બૂટ પહેરવાની ફૅશન વધતી જાય છે ત્યારે ચેતવા જેવું છે કે એથી પગની પિંડીઓના સ્નાયુઓ વધુ પડતા ખેંચાય છે અને અક્કડ થઈ જવાથી દુખાવો કરે છે.

ફુદીનાની ચટણી

આજકાલ લીલા મસાલામાં ફુદીનો સારી પેઠે મળી રહે છે. પેટની અનેક તકલીફોમાં એ ગુણકારી છે. એની એકાદ બે પત્તીનું ઉમેરણ અનેરો સ્વાદ આપે છે. તેમજ ચટણી પણ એવી જ સ્વાદિષ્ટ બનતી હોઈ ભોજનમાં સવિશેષ રુચિ પ્રેરે છે. આમ તો ફુદીનાની ચટણી યે ઘણી રીતે બને છે, આપણે એક જોઈએ :

પાશેર એટલે કે સવાસો-દોઢસો ગ્રામ જેટલાં ફુદીનાનાં પાન લઈ, તેને સારી પેઠે ધોઈને કપડામાં કોરાં કરી નાખી થોડીવાર હવામાં રહેવાં દેવાં. પછી એને પીસીને તેમાં થોડો સરકો છાંટવો. બેએક ડુંગળી ને ત્રણેક લીલાં મરચાંને પણ સારી પેઠે પીસી તેમાં રુચિ પ્રમાણે મીઠું અને ભાવે તો થોડી ખાંડ પણ ઉમેરીને બધું એકઠું કરી તેમાં થોડું તેલ રેડીને બધું બરાબર ભેળવીને બાટલીમાં ભરીને બેએક દિવસ તડકો આપી ઉપયોગમાં લો. પાચક અને સ્વાદિષ્ટ આ ચટણી જલ્દી બગડતી નથી. આ જ રીતે કોથમરીની ચટણી પણ બની શકે.

*

બટાટા બાફતાં વધેલાં પાણીમાં ચાંદીની ચીજો ઉકાળવાથી તેની ચમક વધી જાય છે. ખાટા દહીંમાં પણ થોડા કલાક રાખેલી ચાંદીની જણસો ધોઈ નાખતાં નવા જેવી ચમકદાર બની જશે.

*

ખૂલતા રંગોનું રાચરચીલું ઘરમાં ઉજાસ અને રંગભભક આપે છે, જ્યારે ખૂબ ઘેરાં રંગો સંકડાશ અને ભારેપણાનો ભાસ ઊભો કરે છે.

*

ખંડમાં અજવાળું આવતું હોય તેની સામેની દિશામાં જ મોટો અરીસો રાખવાથી ખંડનું ગૌરવ ને ઉજાસ વધવા સાથે ખંડ મોટો હોવાનો ભ્રમ પણ થઈ શકે છે.

*

યૌવનાવસ્થામાં મોં પર થતા ખીલને કદી ફોડશો નહિ. એમ કરવાથી ગાલ પર ખાડા પડશે અને ત્વચા ખરબચડી પણ બને. લોબાન, સુખડ અને આમળાંના ભૂકાનું મિશ્રણ મોં પર થોડો સમય લગાવી લીમડાના પાણીથી સ્નાન કરવાથી મોં પરના ખીલમાં ફાયદો થશે.

અતીતમાં અવગાહન

જવાન

રસ્તા પાડે જે નવા તે જવાન,
ચીલેચીલે તો બધાથી ચલાય,
ખેંચી કાઢે આયખું તો બધાય,
જીવી જાણે જિંદગી તે જવાન.
સનાતન
(અંક ૨૮૫માંથી)

તમે પોતે

જીવન-સંગ્રામમાં ટકવા તથા સફળ થવા માટે આગ્રહી-ટેકીલા સ્વભાવની જેટલી જરૂર છે તેટલી બીજા કશાની નથી. ઘણા લોકો સારાસારનો વિવેક કર્યા વિના ખોટી બાબતમાં જડ આગ્રહ રાખી બેસે છે તે જો કે ઇચ્છવા યોગ્ય નથી; પણ આજના જમાનામાં તો સારી બાબતમાં પણ આગ્રહ કે માનસિક નિશ્ચલ નિયમ રાખતા માણસો બહુ જવલ્લે જ જોવામાં આવે છે. તમારા પોતામાં આ સદ્‌ગુણનો અંગાર કેટલો છે તે નીચેના પ્રશ્નોના તમે કેટલા સાચા જવાબો આપો છો તે પરથી જણાશે.

૧. કોઈ પણ નાનું કે મોટું કાર્ય તમારે કરવાનું હોય તો શક્ય હોય ત્યાં સુધી બીજાની મદદ ન લેતાં તમે જાતે જ તે કરવાની ધગશ રાખો છો ?

૨. ભવિષ્યમાં તમારે શું થવું છે અથવા કયા હોદ્દા પર પહોંચવું છે તે અત્યારથી જ નક્કી કરી, આભ ફાટે તો પણ તમારા તે ધ્યેયને ન છોડવાની તમારી તૈયારી છે ?

૩. કોઈ એક કાર્ય હાથમાં લીધા પછી તે પૂરું કરીને જ બીજું કાર્ય લેવું, એવો નિયમ તમે રાખો છો ?

૪. આવતીકાલનો કાર્યક્રમ આગલા દિવસે નક્કી કરી રાખી બીજે દિવસે તે કાર્યક્રમમાં જરા પણ ફેરફાર ન કરતાં તેને બરાબર પાર પાડો છો?

૫. તમારા કોઈ કાર્યની બીજાઓ ટીકા તથા નિંદા કરે તો તેથી દબાઈ ન જતાં કે નિરુત્સાહી ન બનતાં નિશ્ચલતા અને વિવેકથી તમારા કાર્યનું સમર્થન કરો છો ?

૬. નોકરી તથા શાળા-કોલેજમાં વખતસર પહોંચવું, સભા-સંમેલનોમાં નિયત સમયે હાજર થવું તથા આવેલા પત્રોના જવાબો તરત આપવા- એવી નાની બાબતોમાં તમે ખાસ આગ્રહ રાખો છો?

૭. રમતગમતની અથવા બીજી કોઈ હરીફાઈમાં તમને જીતવાની આશા ઘણી ઓછી રહે એવો તમારા કરતાં ચડિયાતો હરીફ તમારી સામે આવે એવું આપમેળે તમે પસંદ કરો ખરા ?

૮. તમે કોઈ નવો અભ્યાસ અગર શોખ શરૂ કર્યા પછી તે કાર્ય જરા અઘરું લાગતાં તરત છોડી દઈ બીજું સહેલું કાર્ય સ્વીકારવા દોડી જાઓ છો ?

૯. કોઈ અટપટું અગર ભારે કામ તમારે માથે આવી પડે તો તેને શક્ય તેટલું દૂરના સમય પર મુલતવી રાખો છો ?

૧૦. તમે કોઈ નિયમ અગર વ્રત લીધાં પછી લાલચ, મોહ અગર મિત્રોના આગ્રહને વશ થઈ તે નિયમ કે વ્રત તમે તોડયાં છે ખરાં ?

ઉપરના પ્રશ્નોના સાચા જવાબો (૧ થી ૭) માટે 'હા' અને (૮ થી ૧૦) માટે 'ના' છે. આ દસ પ્રશ્નો પૈકી જો તમે ૮ અગર તેથી વધારે જવાબો સાચા આપ્યા હોય તો તમારામાં આ સદ્‌ગુણ ઘણા સારા પ્રમાણમાં છે; જો તમારા ૫ થી ૭ જવાબો સાચા હોય તો તે ગુણ ઠીકઠીક પ્રમાણમાં તમારામાં રહેલો છે, પણ તેને વિકસાવવાની જરૂર છે; પણ જો પાંચથી ઓછા જવાબો તમારા સાચા પડે તો પછી તમારું ભવિષ્ય ઊજળું નથી; અને એ રાહ પર તમારે એ સદ્‌ગુણ ખીલવવા કૃતનિશ્ચય થવું જોઈએ. (અંક ૨૮૬માંથી)

આજે આપણો દેશ પૈસાનો બની બેઠો છે. આત્માની ઉવેખના આપણે આજે અજ્ઞાનથી અજાણ્યે, તેમજ સ્વાર્થથી જાણી જોઈને કરીએ છીએ. પૈસો જ આપણા મૂલ્યાંકનની કસોટી બન્યો છે, અને એ જ આજની મહત્તાની માતા છે. જીવનમાં દરેક વસ્તુ 'વેચાતી' મળી શકે છે, એવી અવળચંડી માન્યતાને વરીને આજનો બુદ્ધિવાન શ્રીમંત અને મધ્યમ વર્ગ અભિમાન અને અજ્ઞાનથી છાકટો થઈ ગયો છે. એમાં હૃદયનાં સન્નિષ્ઠા અને ભીનાશ નથી, એમાં આત્માની સુગંધ અને સ્વાર્પણની શ્રદ્ધાજન્ય વિનમ્રતા નથી. આજે આપણે જાણે આપણા પોતાના જ આત્માની કબર ઉપર આપણા જીવનની ઈમારત ચણી રહ્યા છીએ. પણ ઈમાન અને ઈનબારના પાયા વિનાની આ ઈમારત ભૂતાવળ બનીને આપણને જ ભરખી જશે.

કિશનસિંહ ચાવડા
(અંક ૨૮૨માંથી)

આ માસ (સપ્ટેમ્બર) ઈતિહાસમાં

તા. ૧ જાપાનમાં જગતનો સૌથી ભીષણ ગણાયેલો ધરતીકંપ થયો, જેમાં સંખ્યાતીત જાનમાલની ખુવારી સાથે ટોકિયો ને યોકોહામા બે મોટાં શહેરો ભસ્મીભૂત થયાં, ૧૯૨૩

તા. ૨ પોર્ટુગીઝ ગર્વનર આલ્બુકર્કે હિંદમાં સૌપ્રથમ કારખાનું સ્થાપ્યું, ૧૫૦૩

તા. ૧૦ હૈદરઅલીએ કર્નલ બેલીની સરદારી હેઠળની અંગ્રેજ ટુકડીને કેદ કરી, ૧૭૮૦.

તા. ૧૨ શિકાગોની સર્વધર્મપરિષદમાં વિવેકાનંદજીનું પહેલું યાદગાર ભાષણ, ૧૮૯૩.

તા. ૧૩ રાજકીય કેદીઓ તરફ રાખવામાં આવતા ક્રૂર વર્તાવના વિરોધમાં આમરણાંત ઉપવાસ પર ઊતરેલા ક્રાંતિકારી જતીન્દ્રનાથ દાસનું ઉપવાસને લીધે મૃત્યુ, ૧૯૩૧.

તા. ૧૫ રશિયામાં ઝારશાહીનો નાશ થઈ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ, ૧૯૧૭.

તા. ૧૭ માનવ મગજની શ્રેષ્ઠકૃતિ ગણાતા અમેરિકાના રાજબંધારણની જાહેરાત, ૧૭૮૭.

તા. ૧૮ દિલ્હીના ઘેરા પછી અંગ્રેજ સેનાપતિ હડસને હુમાયૂની કબરમાં સંતાએલા મુગલ સમ્રાટ બહાદુરશાહને કેદ કર્યો ને એના બે પુત્ર તથા એક પૌત્રનો વધ કર્યો, ૧૮૫૭.

તા. ૧૯ શિવાજીના નૌકાદળે અંગ્રેજોને નૌકાયુદ્ધમાં સખત હાર આપી, ૧૬૭૯.

તા. ૨૧ સ્કૉટલૅન્ડના શૌર્યકવિ તથા નવલકથાકાર વૉલ્ટર સ્કૉટનું અવસાન, ૧૬૩૨.

તા. ૨૯ ઈંગ્લંડના વડા પ્રધાન ચેમ્બરલેઈન, ઈટાલીના મુસોલિની, જર્મનીના હિટલર ફ્રાન્સના દલાદિયે વચ્ચે મ્યુનિક કરારો થયા જે અનુસાર હિટલરની ભૂખ સંતોષવા ઝેકોસ્લોવાકિયામાંનો કેટલોક પ્રદેશ આપી દેવાયો, ૧૯૩૮. (અંક ૨૮૫માંથી)

અડકો દડકો

ઢીચકુનું પરાક્રમ

ઢીચકુ મનિ પ્લાંટમાં બેઠો હતો. ને વિચારતો હતો... વાહ! કેટલું સરસ જગત લાગે છે! ચારે તરફ કેવું બધું જાતજાતનું છે! બધા હરે છે ફરે છે... કેટલું વિશાળ છે આ જગત!

એટલામાં મનિ પ્લાંટના ઝૂંડ પાસે બાલ્કનીની પાળી પર એક બુલબુલ આવીને બેઠું. એ ડોક ઊંચીનીચી કરી ગાવા લાગ્યું. એની માથા પરની કાળી ચોટી અને પેટ નીચે સફેદ-લાલ પીંછાં જોઈ ઢીચકુને ખૂબ નવાઈ લાગી! કેટલું મોહક લાગે છે.. મારેય આવાં પીંછાં હોત તો!

એટલામાં બુલબુલ ગાતું બંધ થયું. ઢીચકુથી ન રહેવાયું એટલે એણેય ગીત ગાયું. એ સાંભળી બુલબુલ ચમક્યું! કહે, 'એ...ય કોણ છે અહીં મારા માળા પાસે? હેં બહાર આવ.'

ઢીચકુ બોલ્યું, 'હું હું ઢીચકુ!'

'ઢીચકુ?... ઢીચકુ વળી કોણ? ક્યાંથી આવ્યો?' 'હું ઢી...ચકુ!'

બુલબુલને ગુસ્સો ચઢ્યો, બોલ્યું 'અબે ઢીચકુ કી બચ્ચી? તું કોણ છે?' ઢીચકુને થયું આની ગમ્મત કરીએ. બુલબુલ કશુંય પૂછે તો એક જ જવાબ દેવો 'હું ઢીચકુ' બીજું બોલવું જ નહિ ને!

બુલબુલ કહે, તું કંઈ સમજે છે કે નહિ?

'હું ઢીચકુ!'

બુલબુલ વધારે ગુસ્સે થયું. કહે, 'બહાર આવ તને દેખાડી દઉં!'

'હું...ઢીચકુ'

બુલબુલ જોરથી ઊડ્યું. એક ચક્કર માર્યું. પછી મનિ પ્લાંટની છેક પાસે જઈ બેઠું ને બોલ્યું, 'એ...જે ઢીચકુ હોય... ફીચકુ હોય... કે કીચકુ હોય... ચાલ, મારા માળા પાસેથી બહાર આવ... નહિ તો...'

'હું ઢીચકુ!'

હવે બુલબુલ ખીજાયું. 'અબે ઢીચકુ કી બચ્ચી બહાર નીકળ નહિ તો હમણાં જોવા જેવી થશે!'

ઢીચકુ મલકાતાં બોલ્યું, 'હું... ઢી...ચકુ!'

બુલબુલ કહે, 'તું ઢી...ચકુ!'

'હા, હું ઢી...ચકુ!'

બુલબુલ ગુસ્સામાં ઊડ્યું, ને મનિ પ્લાંટની ઝાડીમાં ઘૂસ્યું. ઢીચકુને ધડામ ચાંચ મારી. ઢીચકુએય સામે ચાંચ મારી... તે એનું લાલા પીંછું એની ચાંચમાં આવી ગયું! બુલબુલ ખીજાયું. ફરી ઘૂસ્યું. બન્ને લડ્યાં. બુલબુલ ચાંચથી ઢીચકુને પાંખ પકડી બહાર ખેંચી કાઢ્યું. આ ધમાલમાં બુલબુલનો માળો હલ્યો. તેનું એક બચ્ચું બહાર ધસી પડ્યું. નીચે કુંડા પાસે પાંદડાં પર પડ્યું. પેલાં બન્નેનું ધ્યાન ન રહ્યું. એ તો લડતાં લડતાં સામેના ગુલમહોરના ઝાડ પર પહોંચી ગયાં.

બુલબુલ ખૂબ ચીઢાયેલું, ધૂંધવાયેલું. બોલ્યું, 'ઊભું રહે ઢીચકુડ! તારી ખબર લઈ નાખું છું.'

ઢીચકુ બીજા ઝાડ પર ઊડી ગયો. થોડી સંતાકૂકડી ચાલી. ઢીચકુ બુલબુલની નજર ચૂકવી ક્યાંક લપાઈ બેઠો. બુલબુલ દૂર ઊડી ગયું. એ ન દેખાયું એટલે પાછો મનિ પ્લાંટવાળી બાલ્કનીમાં આવી બેઠો.

બે કાગડા પાળ પર કા...કા...કા...કા કરતા અને નીચે પડેલા બુલબુલના બચ્ચાને લેવા મથતા હતા.

ઢીચકુને ખ્યાલ આવી ગયો. એ ચક્ ચક્ ચક્ કરતો ઊડ્યો. કાગડા ગભરાયા. ઢીચકુએ હિંમત કરી એક કાગડાને ચાંચ મારી, મનિ પ્લાંટમાં સંતાઈ ગયો. જેવા કાગડા ઊડે કે પોતેય ઊડીને તેમને ગભરાવે. ચક્ ચક્ ચક્ કરી મૂકે. આવી ઝપાઝપી ચાલે. એમાં કાગડાની ચાંચ ઢીચકુને વાગી. પણ તેણે બુલબુલના બચ્ચાને બચાવી લીધું.

એટલામાં બાલ્કનીમાં પાછું બુલબુલ આવી બેઠું. એ જોઈ એક કાગડો ગભરાતો ગભરાતો છેલ્લી વાર બુલબુલના બચ્ચાને ઝડપી લેવા ઊડ્યો. ફટ્ ઢીચકુએ તેના પર તરાપ મારી. કાગડો ગભરાયો, કા... કા... કરતો ઊડી ગયો.

પેલા બુલબુલે આ જોયું. ઢીચકુની હિંમત જોઈ. તેણે નીચે જોયું 'અરે! આ તો મારું બચ્ચું!'

ઢીચકુ કહે, 'આ કાળિયા રાક્ષસ ક્યારનાય તેને લેવા ઊડતા'તા. મેં એમને ડરાવ્યા...ને તારા બચ્ચાને બચાવ્યું!'

બુલબુલ ગળગળું થઈ ગયું. 'ભાઈ ઢીચકુ, તારો આભાર!'

'અરે... આભાર શાનો? તું મારો દોસ્ત છે ને! આજથી આપણે દોસ્ત!'

બુલબુલ કહે, 'તેં મારા બચ્ચાને બચાવ્યું, તે દોસ્ત ખરો! પણ તને કંઈ...'

ઢીચકુ કહે, 'ના કંઈ નહીં... દોસ્તીમાં વળી લેવડદેવડ શી, હેં ?' પછી કહે તારું નામ શું?'

બુલબુલ કહે, 'મારું નામ પિન્ચુ બુલબુલ!' (અનુસંધાન પૃ. ૪૨૭ ઉપર)

સાહિત્યસંપર્ક

પ્રોફેસર ગોકાકને જ્ઞાનપીઠ પુરસ્કાર

ઈ.સ. ૧૯૯૧ના વર્ષનો જ્ઞાનપીઠ એવોર્ડ શ્રી વી. કે. ગોકાકને એનાયત થયો છે. એમને નિકટથી મળવાનું અને સાંભળવાનું બનેલું એનું સ્મરણ થયું. કોઈના પણ મુદ્દાને નિરાંતે સાંભળે, સાંભળના સાંભળતા વ્યક્તિને એક નજરે જોયા કરે, ક્યાંય આડુંઅવળું એમનું ધ્યાન જાય નહીં, સાંભળ્યા પછી તર્કબદ્ધ રીતે પોતાનું દૃષ્ટિબિંદુ રજૂ કરે. સંમતિ હોય કે અસંમતિ, પણ પોતાનાં કારણોથી વિષયને નવું પરિમાણ તેમના તરફથી મળે.

શ્રી વિનાયકકૃષ્ણ ગોકાક ભારતમાં અને ભારતબહાર પ્રોફેસર ગોકાક તરીકે ખ્યાત છે. વતન કર્ણાટક, લેખનની ભાષા કન્નડ, પણ ભારતના અનેક પ્રાંતમાં અને ભારતબહાર ખૂબ રહ્યા. પરિણામે માત્ર કન્નડ ભાષાના ન રહ્યા પણ ભારતીય અંગ્રેજીમાં સર્જન કરીને સમગ્ર દેશમાં અને દેશબહાર એમના સંવેદનશીલ ચિત્તનો પરિચય કરાવવા સમર્થ બન્યા.

ઈ.સ. ૧૯૦૯માં કર્ણાટકના ધારવાર જિલ્લાના સવાનુર ગામે જન્મેલા વી. કે. ગોકાકે ૨૨ વર્ષની વયે મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ. એ.ની પદવી મેળવી. પૂનાની ફર્ગ્યુસન કોલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાયેલા. ઈ.સ. ૧૯૩૬ સુધી ત્યાં રહ્યા અને પછી વિદેશ અભ્યાસ માટે ગયા. ઈ.સ.



૧૯૩૮માં ઓક્સફર્ડમાંથી એમ. એ. થઈને ભારત પાછા ફર્યા. ૧૯૪૪ સુધી સાંગલીની વિલિંગ્ડન કોલેજમાં, ત્યારબાદ હૈદ્રાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીમાં એક વર્ષ સેવા આપીને ગુજરાતમાં વીસનગરની કોલેજમાં રહેલા. એ પછી કોલ્હાપુર, ધારવાર એમ વિવિધ સ્થળે અંગ્રેજીના અધ્યાપક તરીકે રહેલા. પછી હૈદ્રાબાદની 'સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લીશ એન્ડ ફોરિન સ્ટડીઝ'માં ડાયરેક્ટર તરીકે જોડાયેલા. એ પછી બેંગ્લોરની યુનિવર્સિટીમાં ઉપકુલપતિ તરીકે નિયુક્તિ પામેલા. ઉપકુલપતિ પદેથી ૧૯૬૯માં નિવૃત્ત થઈને સીમલાની 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ સ્ટડી'માં ડાયરેક્ટર તરીકે જોડાયલા. એ પછી પાંચ વર્ષ સુધી 'શ્રી સત્યસાંઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાયર લર્નિંગ'માં ઉપકુલપતિ તરીકે નિયુક્તિ પામેલા. છેલ્લે ૧૯૮૩થી ૧૯૮૮ સુધી સાહિત્ય અકાદમી ન્યૂ દિલ્હીમાં પ્રમુખપદે હતા. ભારત સરકારની સાંસ્કૃતિક બાબતોની અનેક કમિટીઓમાં સેવાઓ પણ આપે છે.

ઇ.સ. ૧૯૬૭માં કર્ણાટક યુનિવર્સિટીએ, સને ૧૯૬૯માં કેલિફોર્નિયાની પેસિફિક યુનિવર્સિટીએ પ્રોફે. ગોકાકને ડી. લિટ્‌ની પદવી એનાયત કરેલી. ૧૯૬૫માં દક્ષિણ ભારતીય હિન્દી સાહિત્ય અકાદમીએ 'સાહિત્યાચાર્ય'ની પદવી આપેલી. પદ્મશ્રી નો ઇલ્કાબ અને સાહિત્ય અકાદમી દિલ્હીનો એવોર્ડ પણ એમને એનાયત થયેલો.

આવી ઉચ્ચ પદવીઓથી વિભૂષિત પ્રોફે. ગોકાકને અનેક વખત વિદેશયાત્રાએ પણ જવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું. ૧૯૫૭માં PEN - પેન વર્લ્ડ કોંગ્રેસમાં, ૧૯૬૦માં બેલ્જિયમમાં આંતરરાષ્ટ્રિય કવિસંમેલનમાં ઉપપ્રમુખ તરીકે વરણી પામેલા. ઉચ્ચ શિક્ષણમાં સુધારણા માટેના ભારતીય પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે ચાર મહિના માટે અમેરિકા પણ રહેલા. આ બધાં નિમિત્તો દ્વારા તેમણે ભારતીય બુદ્ધિજીવી તરીકેની એક પ્રભાવક અસર વિદેશીઓ ઉપર પાડેલી.

ઇન્ડો-ઈંગ્લિશ ભાષાક્ષેત્રે એમનું પ્રદાન ઘણું મહત્ત્વનું છે. 'એન ઇન્ટિગ્રલ વ્યૂ ઓફ પોએટ્રિ' (૧૯૭૫), 'કોલરીજસ ઈસ્થેટિક્સ', 'ધ પોએટિક એપ્રોચ ટુ લેંગ્વેજ એન્ડ કન્સેપ્ટ ઓફ ઇન્ડિયન લિટરેચર' (૧૯૭૯) જેવા ગ્રંથોમાંથી ભારતીય કાવ્યશાસ્ત્રને કેન્દ્રમાં રાખીને થયેલી એમની સિદ્ધાંતચર્ચાનો પરિચય થાય છે.

એમના કાવ્યશાસ્ત્ર વિષયક ગ્રંથો ઉપરાંત સર્જનાત્મક અંગ્રેજી કાવ્યગ્રંથો 'ધ સોંગ ઓફ લાઈફ', 'ઇન લાઈફસ ટેમ્પલ', 'કાશ્મીર એન્ડ ધ બ્લાઈન્ડ મેન' મહત્ત્વના છે. 'નરહરિ ધ પ્રોફેટ ઓફ ન્યૂ ઇન્ડિયા' નવલકથા પણ ખૂબ જ વખણાઈ છે.

સાહિત્ય-વિવેચન-સર્જન ઉપરાંત સંસ્કૃતિ, ધર્મ અને તત્ત્વજ્ઞાન તથા શિક્ષણ વિષયક પણ ઘણા અંગ્રેજી ગ્રંથો ગોકાક પાસેથી મળે છે. એમાંથી 'ઇન્ડિયા એન્ડ વર્લ્ડ કલ્ચર', 'સમ આસ્પેક્ટ્સ ઓફ હિન્દુ કલ્ચર', 'ઇન્ડિયન હાયર એજ્યુકેશન', 'શ્રી અરવિંદ સીઅર એન્ડ પોએટ', 'શ્રી અરવિંદ ધ ટ્રાન્સડેન્ટલ મટિરીઆલિસ્ટ', 'શ્રી સત્યસાંઈ બાબા: ધ મેન એન્ડ ધ અવતાર', 'ઇન ડિફેન્સ ઓફ જિસસ ક્રાઈસ્ટ એન્ડ અધર અવતાર્સ' જેવા ગ્રંથો ભારત અને ભારત બહાર ખૂબ જ પ્રખ્યાત છે. રસળતી ભાવપૂર્ણ ઊર્મિલ ભાષાથી ગોકાકે ભારતીય અંગ્રેજીને સમૃદ્ધ કરી છે. લયાન્વિત અંગ્રેજી ગદ્ય, તર્કપૂર્ણ રીતે વિષયની માવજત અને મુદ્દાસર રજૂઆત વાંચતા જ એમ લાગે કે જાણે ગોકાક વાતચીત દ્વારા પોતાના વિચારો સમજાવી રહ્યા છે. આ બધાં કારણે ભારતીય અંગ્રેજી લેખકોમાં તેમનું સ્થાન પ્રથમ પંક્તિના ચીંતક-મીમાંસક અને સર્જક તરીકેનું છે.

પ્રોફે. ગોકાક કન્નડ ભાષા-સાહિત્યના પણ પ્રથમ હરોળના સર્જક-વિવેચક ગણાય છે. ધારવારમાં તેઓ ઊર્મિકવિ ડૉ. આર. બેન્દ્રેના સંપર્કમાં આવેલા. આ કવિની સાહિત્ય-વિભાવનાનો ઘેરો પ્રભાવ ગોકાક પર પડ્યો, પણ એ પ્રભાવને પોતીકી પ્રતિભાના બળે એમણે કન્નડભાષી કવિઓ સમક્ષ મૂક્યો એમાં એમની મોટી વિશિષ્ટતા છે. કન્નડમાં એમની ચારેક નવલકથાઓ તેમજ પ્રવાસવર્ણનો ખૂબ જ પ્રતિષ્ઠાને પામ્યાં છે. સમુદ્ર, પૃથ્વી, આકાશ અને વનસ્પતિ તેમના સાહિત્યમાં રૂપકાત્મક અભિવ્યક્તિ પામે છે. 'સમુદ્રને પેલે પારથી' એ નામનું પ્રવાસ-પુસ્તક એમની કવિદૃષ્ટિ અને વિચારશીલ બૌદ્ધિક તરીકેની વ્યક્તિમત્તાનો પરિચય કરાવે છે.

'દ્યાવા પૃથ્વી' (આકાશ અને પૃથ્વી) કાવ્યસંગ્રહને તો સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર મળેલો. એ ઉપરાંત એમના અન્ય કાવ્યગ્રંથો પણ આપણા ન્હાનાલાલની માફક ડોલનશૈલીને કારણે કન્નડ ભાષાસાહિત્યમાં વિશિષ્ટ સ્થાન પામેલા છે. ૩૫૦૦૦ પંક્તિનું 'ભારત સિંધુરશ્મિ' કાવ્ય એમની અત્યંત મહત્ત્વાકાંક્ષી કૃતિ છે. પશ્ચિમી ટેક્નોલૉજિ, ભારતીય માનવ સંદર્ભ અને રાજકારણને કેન્દ્રમાં રાખીને ભારતની પ્રજાની સંવેદનાને ઉદ્‌ઘાટિત કરવાનું તેમને વિશેષ ગમે છે. આ માટે રૂપકોને અભિવ્યક્તિના સ્વરૂપ તરીકે તેઓ ખપમાં લેતા જણાય છે.

તેમનું સાહિત્ય પછી તે સર્જનાત્મક હોય, વિવેચનાત્મક હોય કે ચિંતનાત્મક હોય પરંતુ કેન્દ્રમાં ભારતીય સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યો હોય છે. આ કારણે તેઓ ખરા અર્થમાં ભારતીય સાહિત્યના સર્જક છે. - **બળવંત જાની**

સાહિત્યિક સંજ્ઞાઓ

કૅરૅક્ટર : પાત્ર

દિગીશ મહેતા

'પાત્ર' સંજ્ઞા સંસ્કૃત વિવેચન પ્રણાલીમાં પ્રથમ ક્યારે, કયા સંદર્ભમાં વપરાઈ, તે સંજ્ઞાથી શું સૂચવાય છે, વગેરે અલગ પ્રશ્ન છે. પણ પાશ્ચાત્ય વિવેચન પ્રણાલીમાં ઍરિસ્ટોટલ પાત્ર માટે જે સંજ્ઞા વાપરે છે. તે 'ઇથોસ'ની વધુ નજીક છે. જેમાંથી 'એથિકલ' અને તેના જેવા અન્ય અર્થ નીપજે છે. એટલે કે પાત્ર સંજ્ઞામાં જેને આપણે ચારિત્ર્ય કહીએ, સારુંનરસું એ અર્થમાં નહીં પણ ઉદ્દેશો, હેતુઓ નક્કી કરી તેમને પાર પાડવા માટેની જરૂરી ઇચ્છાશક્તિ - એવા અર્થસંકુલનો ઉલ્લેખ થાય છે.

તો સાહિત્ય છે અને સાહિત્યમાં પાત્રો છે એવી સીધીસાદી સમજથી ઘણી બધી આગળ આ વાત વિસ્તરે છે. પ્રશ્નોનો પ્રશ્ન એ છે કે રોજબરોજના જીવનમાં મળતી વ્યક્તિઓ - પરેશ કે પરાગ કે મણિલાલ - એમને જે રીતે આપણે જાણીએ-ઓળખીએ છીએ, અને સાહિત્યનાં પાત્રો - કુસુમ કે કુમુદ કે શકુન્તલા કે મુન્શીની મંજરી - એમને જે રીતે આપણે જાણીએ-ઓળખીએ છીએ એ બે પ્રક્રિયામાં કાંઈ સામ્ય છે ખરું ? અત્યારની પાશ્ચાત્ય સિદ્ધાંતચર્ચામાં આ પ્રશ્ન દેખાય છે તેટલો બેહુદો નથી ગણાતો, બલ્કે આ પ્રશ્ન જ્ઞાનશાસ્ત્ર કે એપિસ્ટિમોલૉજિનો પ્રશ્ન છે, અને તે રીતે બહુ મહત્ત્વનો છે.

આમ, ઇ. એમ. ફૉસ્ટરે આજથી કેટલાંય વર્ષો અગાઉ ફ્લૅટ પાત્રો અને રાઉન્ડ પાત્રો, એટલે કે સપાટ, એક પરિમાણીય પાત્રો અને ઘેરાં, ઘાટ્ટાં દ્વિ અને ત્રિપરિમાણીય પાત્રો વચ્ચે જે ભેદ પાડી બતાવ્યો ત્યાંથી વાત અત્યારે ખાસી એવી આગળ ચગી છે.

માણસ પાત્રો તો આદિકાળથી સર્જાતો આવ્યો છે. વેદો અને ઉપનિષદોમાં પણ પાત્રો છે જેમ પાશ્ચાત્ય પ્રાચીન પાઠોમાં. પણ પાત્ર સર્જવાના ઢાંચામાં, તેની રીતિમાં યુગે યુગે સમયે સમયે ફેરફાર થતા આવે છે. પુરાકલ્પનનાં પાત્રો, પૌરાણિક પાત્રો, મધ્યકાલીન યુગના રોમાન્સ ઢબનાં લખાણોનાં પાત્રો, આપણી નજીકના સમયના નાટ્ય-નવલનાં પાત્રો અને જોય્સ કે પ્રૂસ્ત કે બકેટનાં પાત્રો - એમની રચનારીતિમાં ફેર કર્યા છે. શાથી છે? શું એમ માનીએ કે માનવની સર્ગશક્તિ સુધરતી જ ગઈ અને પરિણામે જોય્સ કે બેકેટ કે આજના નવતર અને નવામાં નવા નીવડેલા લેખકનાં પાત્રો એ પાત્રસર્જનની કલાની ચરમ સીમા સૂચવે છે?

ભાગ્યે જ આવી રીતે માનવ સંસ્કૃતિ કે સાહિત્યના ઇતિહાસને સીધી રેખામાં જોવાની આખી રીત શંકા ઉપજાવે તેવી છે. વાસ્તવમાં આજનો નવીનતમ લેખક પણ જાણે-અજાણે આપણા પુરાતન પાત્રવિશેષોના વિશિષ્ટ અસ્તિત્વને પુનઃ પામવા જ પ્રયત્ન કરી રહ્યો છે, માટે તો જોય્સે પોતાનાં પાત્રોને હોમરની ભૂમિમાં રોપ્યાં-આરોપ્યાં.

પાત્રને અને વૈયક્તિકતાના ભાનને જરૂર સંબંધ છે, અને સમાજે સમાજે આ વૈયક્તિકતાનું ભાન ભિન્ન ભિન્ન નિયમોથી ઘડાયું હોય એમ બની શકે. દાખલા તરીકે પશ્ચિમનો અત્યારનો સમાજ વ્યક્તિવાદી લોકશાહી, ધર્મ નિરપેક્ષ દૃષ્ટિ તરફ ઢળે છે. આ સામે પરંપરાગત રીતે આપણો, ભારતીય તેમજ સમગ્રતયા એશિયાઈ, સમાજ બહુજનવાદી, ઊંચનીચ શ્રેણીપરસ્ત, ધર્મસાપેક્ષ વલણો તરફ ઢળતો આવ્યો છે. આથી આપણો લેખક જ્યારે એક પાત્ર સર્જશે ત્યારે જાણે-અજાણે એ આ રીતનાં દૃષ્ટિ અને પરિપ્રેક્ષ્યમાં રહી કામ કરશે. કેમ કે સર્જનશક્તિ આખરે આવી રૂઢિઓથી નિર્મિત છે, જેને રોલાં બાર્થ 'કોડ્સ' એટલે કે નિયમાવલિઓ કહે છે. આ વાતની પ્રતીતિ કરવી હોય તો અંગ્રેજીમાં લખતા ભારતીય કે આફ્રિકન લેખકો વાંચીએ. તેમનાં પાત્રો પાત્રો નથી બનતાં, જે અર્થમાં સમકાલીન તળ અંગ્રેજ લેખકનાં પાત્રો પાત્રો બની રહે છે.

સાહિત્યિક પાત્રસૃષ્ટિમાં સમાજશાસ્ત્રીઓને પણ રસ પડે છે. આ સૃષ્ટિમાંના પાત્રો ઘણી વાર સમાજમાં પ્રવર્તતા આગ્રહો-પૂર્વગ્રહોના વાહકો બની રહે છે. દાખલા તરીકે અંગ્રેજી રાજ દરમિયાન કિપ્લિંગ જેવા અંગ્રેજ લેખકે તેમની 'કિમ' જેવી નવલકથામાં ભારતની એવી આબેહૂબ છબી ઝીલી જે કદાચ તળ ભારતીય લેખક ન ઝીલી શકે. પણ આખરે આજે 'કિમ' વાંચતા એમ સહજ જ વિચાર આવે કે આ ભારત અંગ્રેજ આંખે જોયેલું ભારત છે. કિપ્લિંગનાં પાત્રો તત્કાલીન ભારતીયોની છબીઓ નથી એટલી તે આખરે તો તત્કાલીન અંગ્રેજે જોયેલી ભારતીયોની છબી છે. તેમાં ભરીભરીને સંસ્થાનવાદી પૂર્વગ્રહો, એક પરાસ્ત પ્રજાની શરમો- શેહો ઝિલાઈ છે. આજે જો કિપ્લિંગ વાંચીએ તો કિપ્લિંગનો જે પાઠ છે, જે ટેક્સ્ટ છે, તેની નીચે તેની અંદર જે નિહિત પાઠ છે, જે પ્રતિ-પાઠ કે પેટા-પાઠ, જે સબટેક્સ્ટ છે, તેને વાંચવા ઉકેલવા માટે પાત્રવિશેષો આ રીતે વિનિર્માણ, ડી-કન્સ્ટ્રક્શન માટે પૂરતી તક આપી રહે છે.

આ રીતે જોઈએ તો સંસ્થાન સમયની આપણી ઘણી ગુજરાતી સાહિત્યિક કૃતિઓ અને તે કૃતિઓમાં નિરૂપાયેલાં પાત્રોને ફરીથી ખોલી, ઉખેળી, ખંખોળી, અંદરનાં સંગોપાયેલાં વલણ અને વિચારનાં જાળાંને ફરીથી જોઈ શકીએ- પછી તે મુન્શીની પાત્રસૃષ્ટિ હોય કે ર. વ. દે. કે ખુદ ગોવર્ધનરામની. એક મિત્રે સરસ પ્રશ્ન ઉઠાવ્યો કે ગુજરાતી સાહિત્યમાં નિરૂપાયેલાં મુસ્લીમ પાત્રો કેટલાં? આવા પ્રશ્નો અન્ય ભાષાસાહિત્યો વિશે પણ પૂછી શકાય. દલિત સાહિત્યમાંનાં પાત્રો આવા જ પૂર્વગ્રહોની સાક્ષી પૂરે છે. આવાં પાત્રો સ્ટિરિઓટાઇપ્સ, પુરાનિર્મિત ઘટકો હોવાની શક્યતા છે.

શબ્દાર્થ ચર્ચા

અછત-તંગી જૂથની ચર્ચા કરીએ

૧. અછત સ્ત્રી. [અ+છત] તંગી, તાણ (૯)

૨. ઊણ વિ. [સં .ऊ न] ઊણું (૨) સ્ત્રી. જુઓ ઊણપ
૦પ (મ) સ્ત્રી. ઓછાપણું, ખોટ (૨) અપૂર્ણતા (૧૨૨)

૩. ઓછ૦પ સ્ત્રી (ઓછું) ઓછાપણું, ખોટ (૧૩૮)

૪. કમી વિ. [फा. कम] કમ, ઓછું (૨) ઊણું, અધુરું
(૩) સ્ત્રી. [फा.] ઓછ૦પ, ઊણપ (૧૫૬)

૫. ખેંચ (ખે.) સ્ત્રી. [प्रा. खंच = ખેચવું] ખેંચાણ, તાણ
(૨) આગ્રહ (૩) તંગી, તાણ (૨૩૮)

૬. તંગી સ્ત્રી. [फा] તંગપણું, તાણ, ન્યૂનતા, અછત (૪૧૦)

૭. તાણ સ્ત્રી. [તાણવું ઉપરથી] તણાવું કે તાણવું તે, ખેંચાણ
(૨) શરીરની-રગોની ખેંચ (૩) તંગી; અછત (૪) આગ્રહ, ખેંચ (૪૧૨)

૮. ન્યૂન વિ. [સં] ઓછું; ઊણું (૨) સ્ત્રી. (૫) ન્યૂનતા (૫૦૨)

હવે નીચેના વાક્યમાં ઉપરના શબ્દોની અદલાબદલી કરીને ફરીથી વાંચો

૧. અમારા ઘરમાં અનાજની અછત નથી.

ઉપરના વાક્યમાં 'અછત'ને સ્થાને 'ઊણપ', 'ઓછપ', 'કમી', 'ખેંચ', 'તંગી', 'તાણ', 'ન્યૂનતા' એ બધા શબ્દો વાપરી શકાય છે. ઉપરાંત 'ખોટ' શબ્દ પણ એ જ અર્થમાં વાપરી શકાય છે. દા.ત. અમારા ઘરમાં અનાજની ખોટ નથી.

ઉપરના વાક્યમાં આ બધા શબ્દોની અદલાબદલી કરવા છતાં લાગે છે કે વાક્યના અર્થમાં ફેર પડતો નથી. છતાં ઝીણવટથી વિચારતાં સમજાશે કે બીજાં કેટલાંક વાક્યો એવાં હોઈ શકે કે જેમાં આ વાક્યમાં કરી તેટલી મુક્ત રીતે આ શબ્દોની અદલાબદલી ન કરી શકાય. દા.ત. ૨. 'ઉનાળામાં પાણીની અછત હોય છે' જેવા વાક્યમાં 'તંગી' કે 'ખેંચ' વાપરી શકાય પણ 'અછત'ને સ્થાને 'ખોટ' ભાગ્યે જ વાપરી શકાય.

નીચેનાં વાક્યોમાં ઉપરના શબ્દો વપરાયેલા વાંચશો એટલે આ વાત વધુ સ્પષ્ટ થશે.

૩. પ્રધાનશ્રી અછતગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જશે.
૪. 'એ' વિટામીનની ઊણપને કારણે આંખો બગડે.
૫. શેઠસાહેબ, આપના ઘરમાં સરસ્વતીચંદ્ર સિવાય કશાયની ઓછપ લાગે તો મને જણાવશો, આપી જઈશ.
૬. ઇન્સાનિયતની તંગીનો આજે અહેસાસ થયો.
૭. શેઠજીને પૈસાની ખેંચ છે, નાણાંભીડ ખરી ને!
૮. મહેફિલમાં બસ આપની કમી છે.
૯. પૈસાની તાણ ના ભોગવશો, આપણને કહેજો.
૧૦. એના પ્રેમમાં કશી ન્યૂનતા નહોતી.

ઉપરનાં વાક્યોમાં 'અછત', 'ઊણપ', 'તંગી', 'કમી', વગેરે શબ્દોની અદલાબદલી કરી જુઓ જોઈએ! એ અદલાબદલી કંઈ બરાબર લાગતી નથી. એવું કેમ બને છે તે સમજવાનો પ્રયત્ન કરીએ.

'અછતગ્રસ્ત' એ સમાસ એટલો પ્રચારમાં છે કે 'ઊણપગ્રસ્ત' એવો પ્રયોગ કરવાનું યોગ્ય લાગતું નથી. વાક્યમાં ભલે અર્થ તો એ જ છે કે જ્યાં અનાજની, ચીજવસ્તુની, પાણીની વગેરેની તંગી, તાણ, ખેંચ છે તેવા વિસ્તારોની મુલાકાતે પ્રધાનશ્રી જવાના છે છતાં પુષ્કળ વપરાશને કારણે 'અછતગ્રસ્ત' પ્રયોગ વાપરવાની પરંપરા ભાષામાં છે.

એ જ રીતે માનવ-શરીરમાં કશાકનું ઓછાપણું હોય તેને માટે તંગી અછત તાણ શબ્દો વાપરવાની પરંપરા નથી ત્યાં 'ઊણપ' શબ્દ જ વધુ વપરાશમાં છે અને ક્યારેક 'કમી' જેવો શબ્દ વપરાય છે.

વાકય નં.૫માં 'ઓછપ'નો અર્થ 'ઓછાપણું' છે પણ કુટુંબમાં, સમાજમાં વ્યક્તિની ગેરહાજરી માટે 'ઓછપ' શબ્દ વપરાય છે. વાક્યમાં બીજા ફારસી-અરબી શબ્દો વપરાયા હોય તો વાક્ય નં.૮માં છે તેવો 'કમી' શબ્દ વધુ બંધ બેસે.

વાક્યમાં બીજા અરબી-ફારસી શબ્દો વપરાયા હોય તો ફારસી શબ્દ 'તંગી' કે 'કમી' વાપરી શકાય એ વાક્ય નં.૬માં પણ જણાશે. પરંતુ 'તંગી' સામાન્ય રીતે ચીજવસ્તુની કે કોઈ માનવહૃદયના ભાવની હોઈ શકે, જ્યારે 'કમી' સામાન્ય રીતે વ્યક્તિની હોય.

પૈસાની સાથે 'ખેંચ' અથવા 'તાણ' શબ્દ વાપરવાનું વધુ પસંદ થાય છે તે વાક્ય નં. ૭ અને ૯માં જણાશે. એટલે સુધી કે 'હાથ ખેંચમાં છે' એવા પ્રયોગનો અર્થ 'પૈસાનું ઓછાપણું છે,' એવો જ થાય છે.

વાક્ય નં. ૧૦માં 'ન્યૂનતા'ને બદલે 'તાણ', 'ખેંચ', 'તંગી' 'અછત' જેવા શબ્દો નહીં વાપરી શકાય. બહુ તો 'ઊણપ', 'ઓછપ' અથવા 'કમી' જેવા શબ્દો વાપરી શકાશે. એટલે કે માનવભાવની વાત કરવાની હોય અથવા લાગણીની વાત કરવાની હોય ત્યાં 'ઓછાપણા'નો અર્થ વ્યક્ત કરવાની કામગીરી 'ન્યૂનતા' 'ઊણપ', 'કમી' જેવા શબ્દો બજાવે છે એમ કહી શકાય. વળી, પ્રેમની વાત છે એટલે 'ઊણપ' કે 'ઓછપ' પણ બંધ બેસે નહીં અને 'કમી' ફારસી શબ્દ હોવાથી 'એના પ્યારમાં કોઈ કમી નહોતી' એવા 'પ્યાર' શબ્દ સાથે તે બંધ બેસે પણ 'પ્રેમ' સાથે 'ન્યૂનતા' વાપરવો વધુ ઉચિત લાગે.

આ ચર્ચા પરથી સમજાશે કે એકસરખો અર્થ વ્યક્ત કરતા શબ્દો પણ વપરાતાં વપરાતાં અમુક ચોક્કસ પ્રકારના વાક્યપ્રયોગોમાં જ બંધબેસતા લાગે તેવી પરંપરા સર્જાય છે.

હવે તમારે 'ઊણપ', 'કમી', 'ખેંચ', 'તાણ' અને 'તંગી' એટલા શબ્દો કોઈ લખાણમાં વપરાયા હોય તેવાં વાક્યો વાર્તા, નવલકથા, ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, કવિતા વ.નાં પુસ્તકોમાંથી શોધી કાઢવાનાં છે અને સૌથી વધુ બંધબેસતો પ્રયોગ આ શબ્દોનો જેમાં થયો હોય તેમ લાગે તેવાં, પાંચ વાક્યો લખી મોકલવાનાં છે. ચાલો શોધવા માંડો એવાં વાક્યો.

યોગેન્દ્ર વ્યાસ

ટિકિટ-સંગ્રહ

દક્ષિણ અમેરિકાના બોલિવિયા અને પરાગ્વે નામનાં બે રાજ્યોએ નકશાની ડિઝાઈનવાળી ટપાલ-ટિકિટો પ્રકટ કરતા સીમાપ્રશ્ને એવો તો મોટો વિગ્રહ થયો જે આઠ વર્ષ સુધી ચાલ્યો. આ બંને રાજ્યોની જ્યાં સીમા મળે છે ત્યાં ગ્રાનચાકો નામનો નાનો પ્રદેશ છે. આ પ્રદેશ ઉજ્જડ રણનો છે. આ બંને રાજ્યો ગ્રાનચાકો ઉપર પોતાનો હક્ક માનતા હતા. ઈ.સ. ૧૯૩૦માં બોલિવિયાએ નકશાની ડિઝાઈનની પાંચ સેન્ટાવોસ મૂલ્યની જે ટિકિટ પ્રકટ કરી તેમાં ગ્રાનચાકોનો પ્રદેશ પોતાના રાજ્યમાં દર્શાવેલ. નકશાની ડિઝાઈન પર ચાકા બોલિવિયન્સ' એટલે કે ચાકો બોલિવિયાનું છે એ શબ્દો અંકિત કરવામાં આવેલા. થોડા સમય બાદ પરાગ્વેના રાજનીતિજ્ઞોની જાણમાં આ હકીકત આવતા તેઓએ પણ નકશાની ડિઝાઈનવાળી 'ચાકો પરાગ્વે' શબ્દો અંકિત સેન્ટીમોસ મૂલ્યની ટિકિટ કાઢી. બોલિવિયાના સત્તાવાળાઓને આ ટિકિટની જાણ થતા ફરી વખત 'ચાકો બોલિવિયન્સ' પ્રકારની બીજી ટિકિટ પ્રકટ કરી. ઈ.સ. ૧૯૩૫માં બોલિવિયાએ નકશાની તથા નકશા ઉપર ઊડતા વિમાનની ડિઝાઈનની પાંચ સેન્ટાવોસ મૂલ્યની બે પ્રકારની ટિકિટો બહાર પાડી. આ રીતે સાત-આઠ વર્ષ બંને દેશો વચ્ચે ટિકિટ-યુદ્ધ ચાલ્યું. પરાગ્વેએ ગ્રાનચાકો પર પોતાનો હક્ક બનાવવા ઈ.સ. ૧૯૩૫માં HA



બોલિવિયા
ઈ.સ. ૧૯૩૫



પરાગ્વે
ઈ.સ. ૧૯૩૫



બોલિવિયા
ઈ.સ. ૧૯૩૫

બોલિવિયા અને પરાગ્વેની વિવાદાસ્પદ ટિકિટો

SIDO ES SERA એટલે કે HAS BEEN, IS અને WILL BE શબ્દો અંકિત ૧.૫૦ પેસો મૂલ્યની ટિકિટ કાઢી હતી.

આખરે ઈ.સ. ૧૯૩૮માં બ્યુનસ આયરસમાં મિત્ર રાજ્યોના પ્રયાસથી આ બંને દેશો વચ્ચે શાંતિ સ્થાપવા અને 'ગ્રાનચાકો'ના ઉકેલ માટે PEACE CONFERENCE (શાંતિ સમિતિ) બોલાવી. બંને દેશોના નેતાઓ અને શાંતિ સમિતિના સલાહકારોએ કાયમી ઉકેલ શોધી જાહેર કરતા ગ્રાનચાકો સીમાનો મોટો પ્રદેશ પરાગ્વેને મળ્યો. પરાગ્વેએ તેના આ ઐતિહાસિક વિજય અને ગૌરવની સ્મૃતિમાં આ વર્ષમાં જ પાંચ સેન્ટીમોસ અને એક પેસો મૂલ્યની મોટા કદની બે ટિકિટો પ્રકટ કરી જેમાંની એક ટિકિટ ઉપર ગ્રાનચાકો સીમાવાળો નકશો અને બીજી ઉપર બોલિવિયા અને પરાગ્વેના રાષ્ટ્રધ્વજ અંકિત હતા. આ રીતે આઠ વર્ષના ટિકિટ-યુદ્ધનો ઈતિહાસ આ બે રાજ્યોએ રચી ટપાલ-ટિકિટના ઈતિહાસમાં એક યાદગાર પ્રસંગ સર્જ્યો છે.

મનસુખલાલ એન. સાના

પ્રાપ્ત પ્રકાશનો

માનવી ખંડિયેરો ફિલિપાઈન ટાપુઓમાં સ્પેઈન સામેના યુદ્ધમાં લડવા ગએલા એક અમેરિકન સૈનિકને સ્વદેશ પાછા ફર્યા બાદ ઘણાં વર્ષે કુષ્ટરોગ લાગુ પડ્યો. આ રોગને કારણે ઊભી થએલી ભયાનક પરિસ્થિતિ સામે ધીરજ અને પુરુષાર્થ સાથે એને જે યુદ્ધ કરવું પડ્યું, અને તેમાં એણે જે વિજય મેળવ્યો તેની આ એક અદ્ભુત વીરગાથા છે. આ ઉપરાંત, તેમાં ફિલાપાઈન ટાપુઓના રહીશોની રહેણીકરણી, અમેરિકા અને આ ટાપુઓની વચ્ચેના રાજકીય સંબંધ, બેત્રણ પ્રણય-પ્રસંગ, બહાદુરી અને ઉત્તમ નિષ્ઠાનાં ઉદાહરણો તથા ઉષ્ણ પ્રદેશની સમૃદ્ધ વનશ્રીનાં સુંદર વર્ણનો વગેરેથી આ કથા એક કુષ્ટરોગીની હોવા છતાં અસ્વસ્થ કે વિહ્વલ કરવાને બદલે પ્રસન્નકર વીરગાથા બની રહે છે. મૂળ લેખક પેરી બરજેસની કથાનો કાકાસાહેબ કાલેલકર અને કિ.ઘ.મ.એ કરેલો આ અનુવાદ અગાઉ બે આવૃત્તિ પામી ચૂક્યા બાદ હવે શ્રી મહેન્દ્ર મેઘાણીએ તેની આ સંક્ષિપ્ત આવૃત્તિ પ્રકટ કરી છે. (ક્રાઉન ૧/૧૬ પૃ. ૧૨૮, કાચું પૂંઠું, કિંમત રૂ ૧૦/-, પ્રકાશક: લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. ૨૩ સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧)


પરિચય પુસ્તિકા ૭૭૮, ૭૭૯, ૭૮૦ આપણો પોલાદ ઉદ્યોગ (લેખક : જે. જે. ઈરાની), રેડિયો નાટક (લે. વિનોદ જોશી) અને નિરંતર શિક્ષણ શું છે? (લે. જયેન્દ્ર ત્રિવેદી). નામ પ્રમાણે જે તે વિષય અંગેની વિસ્તૃત સમજ અને માહિતી આપતી પુસ્તિકાઓ. (પ્રત્યેકની કિં. ૪ રૂ પ્રકાશક: પરિચય ટ્રસ્ટ, મહાત્મા ગાંધી મેમોરિઅલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, મુંબઈ-૪૦૦૦૦૨)

હાથી ગયા કાશી બાલસહજ કલ્પનાઓ, વાણી અને કેટલાંક તો તખતા પર બાળકો સરળતાથી રજૂ કરી શકે તેવા શબ્દલયવાળાં, શ્રી રમેશ ત્રિવેદીનાં બાળગીતોનો સંગ્રહ. (પ્રકાશક : કુસુમ પ્રકાશન, ૬૧-A, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૭, ક્રાઉન, ત્રિરંગી કાચું પૂઠું, પૃ. ૩૬ કિં. ૧૦ રૂ.)

જાદુઈ ચોરસ એ નાનાંમોટાં સૌને ગમી જાય તેવી ગાણિતિક રમત છે, જેમાં આપેલા ચોરસની પ્રત્યેક હાર, પ્રત્યેક સ્તંભ તથા બંને મુખ્ય વિકર્ણોમાં આવતી સંખ્યાઓનો સરવાળો એકસરખો જ થાય. પણ આ ઉપરાંત, વિશિષ્ટ ગુણધર્મોને કારણે તેના અન્ય ઉપયોગો પણ છે. આ ચોરસોની એવી વિશિષ્ટતાઓ, એની રચના, એના વિવિધ પ્રકાર વગેરેનું વિગતે ગાણિતિક રહસ્ય સમજાવતું રસપ્રદ પુસ્તક. લેખક : આઈ.એમ.શેઠ. (ડિમાઈ, પૃ. ૫૮, કાચું પૂઠું, કિં. પોસ્ટેજ સાથે રૂ.૪. પ્રાપ્તિસ્થાન : આઈ.એમ.શેઠ, ગણિતવિભાગ, વિજ્ઞાનવિદ્યા ભવન, ગુજરાત યુનિ., નવરંગપુરા, અમદાવાદ-૯)

પિંગલદર્શન બી.એ. અને એમ.એ.ના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો અને નવોદિત કવિઓ માટે 'પિંગલ'ની અનિવાર્ય એટલી માહિતી અને જ્ઞાન આપતું અભ્યાસનીય પ્રકાશન. લેખક ચિમનલાલ શિ. ત્રિવેદીએ તેમાં સોદાહરણ ૬૦ જેટલા છંદોની સમજ આપી છે જેના થકી વિષયને સમજવાની સરળતા વધે છે. (ક્રાઉન, કાચું પૂઠું, પૃ. ૯૬ પ્રકાશક: શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧ નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦૦૨૦, કિં. ૩૦ રૂ.)

કચ્છી લોકસાહિત્ય એક અધ્યયન : કચ્છની લોકસંસ્કૃતિથી આરંભી કચ્છી કહેવતો, ભડલી વાક્યો, સુભાષિતો, આગમવાણી, પિરોલી, રૂઢિપ્રયોગો અને સલોકા વગેરેની સાથે કચ્છના લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપોની સમજ આપતું અભ્યાસનીય પ્રકાશન. લેખકો : ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા. (વિતરક : જ્ઞાનલોક પ્રકાશન, ૩૪ સેક્ટર ૧૯, ગાંધીનગર-૩૮૨૦૧૯, ડિમાઈ, પાકું પૂઠું, પૃ. ૧૬૩ કિં. ૬૦ રૂ.)



માનું ઊઘડી રજનીની આંખડી રે;
ખીલી વિશ્વના પુષ્પની પાંખડી રે;
એવો-એવો ઊગે પેલો ચન્દ રે,
શરદનાં
આ - આવ્યાં અજવાળિયાં રે.
- ન્હાનાલાલ

જયમલ્લ પરમાર : લોકસાહિત્ય ક્ષેત્રની વિરલ પ્રતિમા

તારીખ ૨૧.૬.૧૯૯૧ને બુધવારે એકયાશી વર્ષની વયે, બપોરના બે કલાકે રાજકોટ ખાતે થયેલા શ્રી જયમલ્લ પરમારના નિધનથીલોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના ખરા જાણતલ,ગુજરાતે ગુમાવ્યાછે.

રાજકોટમાં મારા જે કેટાલક આદરણીય મુરબ્બીઓ છે, એમાં જયમલ્લભાઈનું પણ સ્થાન હતું. ઈ.સ. ૧૯૭૬થી મારો એમની સાથે પરિચય શરૂ થયેલો. બે-ત્રણ મહિના થાય, એટલે નિરાંતે બેસવા જાઉં. એમના ભાતભતના અનુભવની ગાંઠડી તેઓ છોડે. સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિ અને સાહિત્ય વિષયક ઘણી-ઘણી વિગતો એમની પાસેથી જાણવા મળેલી. 'ઊર્મિ નવરચના'ના જૂના અંકોની સામગ્રી તેમજ કંઠસ્થ લોકસાહિત્ય, સંતસાહિત્ય, ચારણીસાહિત્ય વગેરે વિશે તેમની પાસેથી મને જે જાણવા મળેલું તે મારા જીવનની ચિરસ્મરણીય ઘટના છે.

મૂળે, જયમલ્લભાઈ પ્રકૃતિથી ડાયરાના, વાતચીતના અને અભ્યાસ-સ્વાધ્યાયના માણસ. લોકો તેમને 'ઊર્મિ નવરચના'ના સંપાદક તરીકે જ જાણે છે. પરંતુ એ ઉપરાંત જયમલ્લભાઈનું સાહિત્યક્ષેત્રે બીજું ઘણું કિંમતી પ્રદાન છે. લોકસાહિત્યનાં સંરક્ષણ, સંપાદન, સ્વાધ્યાય અને પ્રસ્તુતીકરણ માટે એમણે કરેલા અથાગ પ્રયત્નોથી બહુ ઓછા લોકો પરિચિત છે.

તારીખ ૬.૧૧.૧૯૧૦ના દિવસે વાંકાનેર (જિલ્લો : રાજકોટ) મુકામે જયમલ્લભાઈનો જન્મ થયેલો. પિતાનું નામ પ્રાગજીભાઈ મકાજીભાઈ પરમાર. માતાનું નામ કુંવરબા પરબતજી. પિતા પ્રાગજીભાઈ ત્રણ ગામના તાલુકદાર હતા. જયમલ્લભાઈ માંડ છ માસના થયા ત્યારે પિતાનું નિધન થયું હતું. ઘરની સંપત્તિ



ખૂટતી ગઈ. આ પરિસ્થિતિમાં જયમલ્લભાઈનો ઉછેર મોસાળમાં (બહુધા મોરબીમાં) થયેલો. સાત મામા, નાનાનાની વચ્ચે તેઓ ભારે લાડકોડથી ઉછરેલા. નાની પાસેથી હાલરડાં, લોકગીતો અને બાળલોકવાર્તાઓ એમણે સાંભળેલાં. દાદાની સાથે તેઓ ડાયરાઓમાં પણ ગયેલા, અને મામાને કંઠેથી એમને લોકવાર્તાઓ સાંભળવા મળેલી. બાલ્યાવસ્થાથી જ જયમલ્લભાઈના ચિત્તમાં આ બધું સંચિત થતું રહેલું. અગિયારેક વર્ષની વય સુધીનો એમના જીવનનો આ તબક્કો, એ રીતે, લોકસાહિત્યોપાસનાનો તબક્કો છે, જે આગળ જતા એમને લોકસાહિત્યમાં સંરક્ષણ, સંપાદન અને સ્વાધ્યાય ભણી દોરી ગયો.

દાદુરની દુનિયા

મીડ-વાઈફ ટોડ
(Mid-Wife Toad)



મીડ વાઈફ ટોડનું વૈજ્ઞાનિક નામ Alytes Obstericans છે. ટોડની આ જાતિ ફ્રાન્સ, ઇટાલી અને સ્વીટઝરલેન્ડમાં જોવામાં આવે છે.

આ ટોડને તેની પીઠની તેમ જ છાતીની બાજુએ અંકુરો આવેલા હોય છે. તેનો કર્ણપટલ મોટો હોય છે. તેને સ્વરકોથળી હોતી નથી.

આ ટોડમાં પ્રજનનની વિશિષ્ટ ખાસિયત જોવામાં આવે છે. નર ટોડ માદાની સાથે આલિંગન કરી જનનઃ માર્ગને દબાવે છે. તેથી માદા ઉત્તેજિત થઈ લાંબી દોરી સ્વરૂપે ઈંડાં બહાર ફેંકે છે. આ ઈંડાં નર ટોડના પૃષ્ઠભાગ તથા જાંઘ સાથે વીટળાઈ જાય છે. પોતાના શરીર સાથે ઈંડાં લઈને નર ભીની જમીનમાં ઊંડે લપાઈને રહે છે. અવારનવાર પાણીમાં પડી ઈંડાંને ભીના રાખે છે. જ્યારે ઈંડાંમાંથી ડિમ્ભ બહાર આવવાનો સમય પાકે છે ત્યારે નર ટોડ પાણીમાં પડે છે. હવે ઈંડાંમાંથી નવજાત નાના ડિમ્ભ બહાર આવી રૂપાંતરણની અવસ્થાઓમાંથી પસાર થઈ વિકાસ સાધે છે. આમ, ઈંડાં સાથે ડિમ્ભને પ્રસવ કરાવનાર આ દેડકાને આપણે દાયણ દેડકો કહીશું ?

પ્રો. મહેન્દ્ર પરીખ

અગિયાર વર્ષની વય પછી, એકાદ દાયકો સુધીના ગાળા દરમ્યાન રખડી-રઝળીને એમણે તળપદા ગ્રામજીવનનો, એનાં સંઘર્ષ અને સમસ્યાઓનો, જાતઅનુભવ પ્રાપ્ત કરેલો. નીચલા થરના સામાન્ય માનવીઓની વ્યથાનો આ નિમિત્તે એમણે નજીકથી પરિચય પ્રાપ્ત કરેલો. એ જનસમુદાયના ઉલ્લાસને વ્યક્ત કરતી સામગ્રી, એના રિવાજો, ધાર્મિક માન્યતાઓ - આ બધું ખરા રૂપે, આ ગાળા દરમ્યાન એમણે જાતે જોયું અને અનુભવ્યું. શાળામાંથી નહીં, પરંતુ ગ્રામસમાજ - લોકસમાજની વચ્ચે રહીને રઝળીને તેમનાં નિરીક્ષણો અને અનુભવો પ્રાપ્ત કરીને, એમણે જે કંઈ મેળવેલું તે એમનાં લોકસાહિત્ય-વિષયક સંરક્ષણ, સંપાદન અને સ્વાધ્યાયમાં ઉપયોગી થયેલ જણાય છે.

પછીના બીજા બેએક દાયકા સુધી, એટલે કે વીસેક વર્ષની વયથી તેઓ સત્યાગ્રહની લડતમાં અને પછી રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહેલા. ઈ.સ. ૧૯૩૦થી વાંકાનેરમાં એમણે સત્યાગ્રહની લડત આરંભેલી. તે પછી અમરેલીમાં વિદેશી કાપડનીતિના વિરોધમાં તેઓ ઉપવાસ પર ઊતરેલા. સરકારી ધરપકડમાંથી બચવા માટે ભૂગર્ભમાં ચાલ્યા જવું, ભૂખ્યા-તરસ્યા રહેવું અને જેલવાસ વેઠવો - આ બધી ઘટનાઓનો જયમલ્લભાઈના વ્યક્તિત્વ-ઘડતરમાં બહુ મોટો ફાળો છે. આવા દોડધામભર્યા અને અસ્થિર કાળ દરમ્યાન પણ એમનું વાચન-ચિંતન સતત ચાલુ રહ્યું હતું. તે ઉપરાંત, રાજકીય, સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ અનેક મહાનુભાવોનો સંસર્ગ પણ ચાલુ રહ્યો હતો. પરિણામે લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય અંગેની તેમ જ સામાજિક ઉત્થાન માટેની પ્રવૃત્તિઓ માટે એમને નવી દિશા સાંપડી, એમ કહી શકાય.

તેઓ રતુભાઈ અદાણી સાથે રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાયા, અને ભારતના વિવિધ પ્રાંતોમાં પરિભ્રમણ કર્યું. રાણપુરથી પ્રકટ થતાં 'ફૂલછાબ'માં તેઓ જોડાયા, અને ઝવેરચંદ મેઘાણીના સંપર્કમાં આવ્યા. પત્રકારત્વ-ક્ષેત્રે મેઘાણી સાથે રહીને સૌરાષ્ટ્રના દેશી રજવાડાના અને લોકોના પ્રશ્નોને નિર્ભીક બનીને તેઓ વાચા આપતા. તેમના નીડર વ્યક્તિત્વનો અને પ્રજાના ખરા પ્રશ્નોને વાચા આપવાની વૃત્તિનો પરિચય એમના 'ફૂલછાબ'ના એ સમયનાં લખાણોમાંથી મળે છે. પત્રકારત્વ ક્ષેત્રની એમની આ કામગીરીનું પણ ઘણું મૂલ્ય છે. પછી તો મેઘાણીની પ્રેરણાથી એમણે નિરંજન વર્મા સાથે લોકસાહિત્યના સંપાદન-પ્રકાશનની પ્રવૃત્તિ શરૂ કરી. ઈશ્વરલાલ મો. દવે સાથે 'ઊર્મિ નવરચના'ના સંપાદનકાર્યમાં પણ તેઓ સહયોગ આપવા લાગ્યા. ઈ.સ. ૧૯૫૦ પછી તો એમણે વિશેષરૂપે લોકસાહિત્યને જનસમુદાય સમક્ષ પ્રસ્તુત કરવાની કામગીરી ઉપાડી લીધેલી. 'સૌરાષ્ટ્ર રાસોત્સવ', 'સૌરાષ્ટ્ર લોકસાહિત્યસભા', 'લોકસાહિત્ય પરિવાર'ના કાર્યક્રમો દ્વારા તેઓ રાષ્ટ્રિય સ્તરે લોકસાહિત્યનાં બળત્તર પાસાંઓનો પ્રભાવકારી પરિચય કરાવી શકેલા. આજના ટોચના ઘણા લોકસાહિત્યના આરાધકો-ઉપાસકોને જાહેરમાં લાવવાનું શ્રેય એમને છે. સ્વર્ગીય દુલા કાગ, મેરુભા અને કાનજી ભુટા બારોટ વગેરેની ખોજ જયમલ્લભાઈએ કરેલી. આ કારણે તેઓ રાજકોટમાં આકાશવાણીનું કેન્દ્ર મેળવવામાં સફળ થયેલા. આમ, સૌરાષ્ટ્રના કંઠસ્થ લોકસાહિત્યના પ્રસાર-પ્રચારમાં તેમજ સંપાદન-પ્રકાશનમાં જયમલ્લભાઈનું પ્રદાન મહત્ત્વનું છે.

ઈ.સ. ૧૯૬૫થી એમણે નશાબંધીની પ્રવૃત્તિ હાથ પર લીધી. ૧૯૬૭થી એમણે 'ઊર્મિ નવરચના'નું સંપાદન કાર્ય પણ સંભાળી લીધું. એમણે આ સામયિકને લોકસાહિત્ય-લોકસંસ્કૃતિનું વાહન બનાવ્યું. એના દૃષ્ટિપૂત અને અભ્યાસનિષ્ટ વિશેષાંકો દ્વારા અને એમાંના એમના અભ્યાસલેખો દ્વારા લોકસાહિત્ય વિષયક એમનું અનુભવજગત ગુજરાતી પ્રજા સમક્ષ અવિરતપણે આજ સુધી પ્રકટ થતું રહ્યું છે. ઈ.સ. ૧૯૮૯થી એમણે લોકસંતો અને એમનાં સ્થાનકો દ્વારા થયેલ બહુવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પરિચય કરાવવાનું કાર્ય આરંભ્યું હતું. તેમાં એમને રાજુલ દવેનો સહયોગ સાંપડ્યો હતો. એના ફળસ્વરૂપે 'ફૂલછાબ'માં તેની સામાહિત પૂર્તિમાં 'સેવાધામનાં અમરધામ' શીર્ષક નીચે ત્રણેક વર્ષ સુધી તદ્‌વિષયક લેખમાળા નિયમિતરૂપે પ્રકાશિત થતી રહી હતી. તે દળદાર આકારગ્રંથરૂપે ઉપલબ્ધ થયેલ છે.

જયમલ્લભાઈએ કંઠસ્થ લોકસાહિત્યના સંપાદન-પ્રકાશન-વિવેચનની મૂલ્યવાન કામગીરી ઉપરાંત વિવિધ પ્રકારનું અન્ય શિષ્ટસાહિત્ય પણ સર્જ્યું છે. એમણે નિરંજન વર્માના સહયોગમાં 'ખંડિત કલેવરો' નામની રાજકીય વિષય-સામગ્રીવાળી, નવલકથા લખી છે. ઉપરાંત એમની 'અણખૂટ ધારા', 'કદમ કદમ બઢાયે જા' અને 'ધરતીનો સાદ' નામની નવલકથાઓ પણ પ્રકાશિત થયેલી છે. ખગોળશાસ્ત્ર વિષયક જે પુસ્તકો એમણે લખ્યાં છે તે તેમાંની પ્રમાણભૂત માહિતીની રસપ્રદ અભિવ્યક્તિને કારણે યાદ રહેશે.

જયમલ્લભાઈના લોકસાહિત્ય અને સંસ્કૃતિ વિષયક લેખો પાંચ ગ્રંથોમાં પ્રકાશિત થયા છે : (૧) 'આપણી લોકસંસ્કૃતિ' (ઈ.સ. ૧૯૫૭), (૨) 'આપણાં લોકનૃત્યો' (ઈ.સ. ૧૯૫૭), (૩) 'લોકસાહિત્ય અને સંસ્કૃતિ' (ઈ.સ. ૧૯૭૭), (૪) 'લોકસાહિત્ય વિમર્શ' (ઈ.સ. ૧૯૮૫) તથા 'લોકસાહિત્ય તત્ત્વદર્શન અને મૂલ્યાંકન' (સંપા. બળવંત જાની). આ બધા ગ્રંથોમાં કેન્દ્રસ્થાને છે લોકસંસ્કૃતિનો અભ્યાસ. લોકસંસ્કૃતિને સમજ્યા સિવાય લોકસાહિત્યના મર્મને પામી ન શકાય, એવી એમની પ્રતીતિનું તેમાં દર્શન થાય છે.

લોકસાહિત્ય વિષયક એમની વિભાવનાનું બીજું ધ્યાનપાત્ર લક્ષણ છે સ્વાનુભવ-આધારિત વિવેચન. લોકો અને ગ્રામજીવનનો એમનો સીધો, નિકટનો, લાંબો અનુભવ એમને લોકસાહિત્યને સમજવામાં અને સમજાવવામાં સહાયભૂત થાય છે. કંઠસ્થ લોકસાહિત્યનું સંપાદન-વિવેચન ઘરમાં ટેબલખુરશી પર બેસી યથાર્થ રૂપમાં થઈ શકે નહીં. એને સમજવા માટે લોકને બરાબર સમજવા જોઈએ. તે માટે તેમની વચ્ચે જઈ બેસવું પડે, પરિભ્રમણ કરવું પડે. જયમલ્લભાઈએ તેમ કર્યું છે.

જયમલ્લભાઈનો સમૃદ્ધ લોકાનુભવ અને તદ્‌વિષયક ચિંતન-મનન એમના લેખોમાં ઔચિત્યપૂર્વક સ્થાન પામ્યાં છે. તેથી એમનાં લખાણો, કેવળ અનુભવનોંધ કે ડાયરી ન બની રહેતાં, લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિનાં વિવિધ પાસાંને તેનાં વાસ્તવિક રૂપમાં આલેખતા વિચારપ્રેરક સ્વાધ્યાયલેખો બની શક્યા છે. વિષયને અનુરૂપ અને અનુકૂળ એટલું જ તેઓ સંચિત સ્વાનુભવ-જગતમાંથી પોતાના લેખોમાં સંયોજે છે. એમની આવી સમુચિત સુઝ-સમજ અને નિરૂપણરીતિ એમના લોકસાહિત્ય-સંસ્કૃતિ વિષયક લેખોમાં ઓછે-વત્તે અંશે દૃષ્ટિગોચર થાય છે.

'ગગનને ગોખે'માં આકાશી સૃષ્ટિનો સુંદર રીતે પરિચય કરાવ્યો છે. ગ્રહો-તારાઓનાં સ્થાન અને એની પૌરાણિક કથાઓ તથા સૌરાષ્ટ્રમાં એ અંગેની પ્રચલિત દંતકથાઓને પણ તેઓ સાંકળી લેતા હોઈને એનું ઘણું જ મૂલ્ય છે. એ જ રીતે 'આકાશપોથી'માંથી પણ આકાશસૃષ્ટિનો પ્રમાણ-ભૂત પરિચય રસપ્રદ રીતે મળી રહે છે.

પક્ષીસૃષ્ટિનો પરિચય કરાવતી સાત પુસ્તકોની શ્રેણીમાંથી એમનો પક્ષીપ્રેમ અને લોકજીવન સાથેના આ પક્ષીઓના અનુબંધનો પરિચય પ્રાપ્ત થાય છે. તેમણે પ્રયોજેલાં શીર્ષકો જ ધ્યાનર્હ છે. 'આંગણાના શણગાર', 'આપણે આંગણે ઊડનાર', 'વગડાનાં વસનાર', 'રૂપરૂપના અંબાર' આમાં તેઓ પક્ષી વિષયક લોકગીતોની પંક્તિઓને પણ ગૂંથી લે છે. 'કંઠે સોહામણાં' તથા 'પ્રેમી પંખીડાં' એ પુસ્તિકાઓમાં મધુર રીતે ગાતાં અને પ્રેમાળ ભાવ માટે જાણીતાં પક્ષીઓનો પરિચય કરાવેલ છે.

જયમલ્લભાઈએ 'ભૂદાન' નામનું ત્રિઅંકી અને 'ઉકરડાંનાં ફૂલ' નામનું એકાંકી નાટક પણ પ્રકાશિત કરેલ છે. રાષ્ટ્રિય બનાવોના પ્રાદેશિક પ્રત્યાઘાતોને વાચા આપીને એમાંથી સંઘર્ષનું વાતાવરણ તેઓ રચી શક્યા છે.

એમની કટાક્ષમૂલક કવિતા પણ તપાસવા જેવી છે. 'સાંબેલાં' તથા 'અમથી ડોસીની અમથી વાણી'માં એ કટાક્ષકાવ્ય રચનાઓ ગ્રંથસ્થ થયેલી છે. એમણે કેટલાંક જીવનચરિત્રો પણ લખ્યાં છે. 'આચાર્ય પ્રફુલ્લચંદ્ર' એ જીવનચરિત્ર ખૂબ જ વખણાયેલું. 'શાહનવાજની સંગાથે' પણ જીવન-ચરિત્ર વિષયક ગ્રંથ છે. આ જીવનચરિત્રોમાંથી એક સ્તરેથી ચિરત્રવિષયક વ્યક્તિત્વનો પરિચય મળે છે તો બીજે સ્તરેથી એના રચયિતા જયમલ્લભાઈના વ્યક્તિત્વનો પણ પરિચય મળી રહે છે. કિશોરો માટે પ્રેરણારૂપ બની રહે એવા મૂલ્યનિષ્ઠ, દેશપ્રેમી અને સદાચારી ગુણોથી સભર વ્યક્તિઓનાં આ જીવનચરિત્રો પણ જયમલ્લભાઈનું ગુજરાતી સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન છે.

લોકકથાઓ વિષયક તેમનાં ઘણાં બધાં સંપાદનો છે. 'લોકવાર્તાની રસલ્હાણ', 'જીવે ઘોડા જીવે ઘોડા' આ બે સંપાદનોમાં અન્ય દ્વારા સંપાદિત થયેલી લોકવાર્તાઓને પોતે સંપાદિત કરીને પ્રકાશિત કરેલી છે.

જયમલ્લભાઈએ પોતે મેળવેલી લોકકથાઓ જુદી જુદી રીતે પ્રકાશિત કરી છે. બાળકો-કિશોરો માટેની લોકકથાઓના પંદરેક સંગ્રહો એમની પાસેથી મળે છે. એમાં 'ચૌબોલા રાણી', 'સોન પદમણી', 'ફૂલવંતી', 'નીલમણિ', 'ચાતુરીની વાતો', 'પાકો પંડિત', 'કુંવર પીયુજી', 'રેશમીયા દેશમાં' અને 'અજગરના મોમાં' જેવા સંગ્રહો ધ્યાનાર્હ છે.

ગુજરાત પ્રાંત તથા અન્ય પ્રાંતની લોક-કથાઓના એમના સંગ્રહો પણ મહત્ત્વના છે. 'દેશ-દેશની લોકકથાઓ ભાગ-૧,૨', 'પંજાબની વાતો', 'રાજસ્થાનની વાતો', 'બુંદેલખંડની વાતો', 'કાંઠીઆવાડી વાતો' અને 'ધરતીની અમીરાત' જેવા સંગ્રહોમાંથી જે તે પ્રદેશની ખરી, શ્રદ્ધેય લોક-કથાઓ પ્રાપ્ત થતી હોઈને તુલનાત્મક દૃષ્ટિ-બિંદુથી અભ્યાસ માટે અભ્યાસીઓને ખપમાં લાગે એ કક્ષાની આ બધી વાર્તાઓનું એ રીતે ઘણું મૂલ્ય છે.

આ બધા ગ્રંથોમાંના લેખોમાંથી જયમલ્લ-ભાઈની લોકસાહિત્ય તેમજ લોકસંસ્કૃતિ વિષયક દૃષ્ટિ કેટલી વ્યાપક રૂપની છે, અને તે કેવા વિશાળ ફલક પર વિહરે છે, તેનો સમ્યક્ પરિચય પ્રાપ્ત થાય છે. લોકવાર્તા, લોકગીતો, લોકનૃત્યો વિષયે તેમણે સૈદ્ધાન્તિક લેખો લખ્યા છે, એનાં સ્વરૂપલક્ષણોની ચર્ચા કરી છે તો સાથે સાથે એ સ્વરૂપની સામગ્રીરૂપ ખરી કૃતિઓ મેળવીને પ્રજા સમક્ષ મુદ્રિત સ્વરૂપે મૂકીને એનું વિશ્લેષણ પણ કર્યું છે. લોકસાહિત્ય તેમજ સંસ્કૃતિવિષયક તેમના સૈદ્ધાન્તિક લેખો અન્ય ભારતીય ભાષાઓમાં કે વિદેશી ભાષાઓમાં અનુવાદ કરીને મૂકી શકાય એ કક્ષાના છે. લોકજાતિઓ વિષયે તેમજ લોકકલાકારો, મર્મીઓ વિષયે પણ તેમણે લેખો લખ્યા છે.

લોકસાહિત્યનું સંપાદન, સંરક્ષણ, સંશોધન-વિવેચન કેવી શિસ્ત માગી લે છે તથા એના અભ્યાસીનું ક્ષેત્ર કેવું અને કેટલું વ્યાપક હોવું જોઈએ, એનું ઉદાહરણ જયમલ્લભાઈના લોક-સાહિત્ય ક્ષેત્રના વિપુલ પ્રદાનમાંથી મળી રહે છે.

એકયાશી વર્ષનું આયુષ્ય ભોગવી ગયેલા, અડગ અને અઠંગ અભ્યાસી જયમલ્લભાઈ આજના અભ્યાસીઓ-સંશોધકો માટે એક આદર્શ ઉદાહરણ રહેશે.

- બળવંત જાની

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૪૨૦ ઉપરથી

ટ્રીચકુ હસી પડ્યો. બોલ્યો, 'વાહ! પિન્ચુ બુલબુલ! સરસ નામ છે તારું. પિન્ચુ-ટ્રીચકુની જોડી ખરી જામશે.. ખરું ને?'

પછી ટ્રીચકુ ગાવા લાગ્યો :

પિનચુ સાથે દોસ્તી મારે
ભમવું-રમવું સાથે,
પાંખે પાંખ મિલાવી ઊડવું
આ જગ લેવું સાથે!

પિન્ચુ બુલબુલ અને ટ્રીચકુ ચકો! મિત્રો બન્યા. જ્યાં જાય ત્યાં સાથે, ખાય સાથે, પીએ સાથે...ને દુખિયારાંને મદદ કરતા સાથે.. લહેર કરતા સાથે. ટ્રીચકુ ઘર ભૂલી ગયો... પિન્ચુની દોસ્તીમાં. એમ દિવસો પસાર થતા હતા. (ક્રમશઃ)

યોસેફ મેકવાન

નાટ્યલેખન પુરસ્કાર યોજના-૨

બટુભાઈ ઉમરવાડિયા નાટ્યશિક્ષણ સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી "મૌલિક નાટ્યલેખન અને તેનું વાચન યોજના-૨"ની હવે લંબાવેલી તારીખ ૩૧/૧૦/૯૧ સુધીમાં મૌલિક અપ્રકટ ફુલ લેંથ નાટકો મોકલવા વિનંતી કરવામાં આવી છે. આ માટે પ્રાપ્ત થયેલાં નાટકોમાંથી ચૂંટેલાં નાટકોના લેખકો એનું વાચન નાટ્યપ્રેમીઓ અને થિએટર જૂથો સમક્ષ કરે, એનો પુરસ્કાર રૂા. ૩૦૦/- આપવામાં આવશે.

આ નાટકો એ પછી પણ નાટ્ય જૂથો અને નાટ્યપ્રેમીઓ સુધી પહોંચે એ માટે ગેરેજ સ્ટુડિયો થિએટરની "થિએટર ફાઉન્ડેશન સ્ક્રીપ્ટ બેન્ક" દ્વારા એનું પ્રકાશન અથવા સરક્યુલેશન કરવામાં આવશે.

સ્ક્રીપ્ટ મોકલવાનું સરનામું

જનક રાવલ
સેક્ટર ૮/બી, એ-૭
નિર્ણયનગર, અમદાવાદ-૩૮૨૪૮૧

ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે;
નહીં કુળથી, કિન્તુ મૂલ્ય મુલવાય ગુણો વડે.

લંડન નજીક લોકમાન્ય ટિળક અને દાદાભાઈ નવરોજી ભાડાના મકાનમાં રહેતા હતા. દાદાભાઈ રોજ વહેલા ઊઠી ઘરસફાઈ, વાસણપાણી, બૂટપૉલિશ વગેરે પતાવીને તૈયાર થઈ અન્ય કામમાં ગૂંથાઈ જાય. એક દિવસ ટિળક વહેલા ઊઠીને જુએ છે તો દાદાભાઈ સાફસૂફી કરતા હતા. આ જોઈ ટિળકે તેમને હાથે કામ ન કરવા અને ઝાડુવાળાની રાહ જોવા કહ્યું. દાદભાઈએ જવાબ આપ્યો કે 'આપણે કોઈ ઝાડુવાળો કે નોકર રાખ્યો જ નથી.' ટિળકે પૂછ્યું, 'તો બધું કામ રોજ કોણ કરે છે?' પોતાના બંન્ને હાથ ઊંચા કરી દાદભાઈએ જણાવ્યું, 'આ બે હાથ.' સાદગી અને સ્વાશ્રયનો મહિમા જ માણસને મોટો બનાવે છે.

¤

ખાંડને પાણીમાં ઓગાળી તેમાં ખાવાનો ચૂનો ભેળવી જે મિશ્રણ તૈયાર થાય તેને ચિનાઈ માટીના તૂટેલા વાસણ પર લગાડવાથી તે સખત રીતે સંધાઈ જશે.

¤

ગણિતગમ્મત :

સમીકરણ જુઓ : ૫+૫+૫=૫૫૦. આ સમીકરણમાં જરૂરી વત્તાની સંજ્ઞાને સંખ્યામાં ફેરવી સમીકરણ સાચું બનાવો.

¤

દીવાલ ચણતા બે કડિયા વચ્ચે વાર્તાલાપ થયો. એકે કહ્યું, 'આ ઈંટોને જોડવાનું કામ કોણ કરે છે ?'

બીજાએ જવાબ આપ્યો, 'એટલીય ખબર નથી ? સિમેન્ટ વળી.'

પહેલાએ કહ્યું, 'જૂઠું ન બોલ. સિમેન્ટ તો બે ઈંટોને જુદી પાડે છે.'

¤

ફ્રિજમાં કોઈ પણ ચીજ ગરમ હોય ત્યારે મૂકવી નહિ. એમ કરવાથી ફ્રિજનો બોજો વધે છે, અને તેની તાકાત ઘટે છે.

ફ્રિજ એક વાર બંધ કર્યા પછી પાંચ મિનિટ સુધી તેને ખોલવું નહિ. એમ કરવાથી એનું ટકાઉપણું વધે છે.

સમાનાર્થી કહેવતો :

શામળ ભટ્ટનો એક સવૈયો છે.
'રાંઢ જાત તે રતન શું ઓળખે,
આખર ચૈતન ચાકરનો;
ગરીબ તણે ઘેર પેટ ભરે,
તે ઠાઠ શું જાણે ઠાકરનો ?
મેરુ તણો મહિમા નવ દીઠો,
કરે વખાણ તે કાંકરનો;
ખાખરની ખિસકોલી અંગદ,
સ્વાદ શું જાણે સાકરનો ?'

અમસમજુ કે ગાંડી વ્યક્તિ સાથે માથાં ઝીંકવાં વિષેની આવા જ અર્થવાળી બીજીયે કેટલીક કહેવતો પ્રચલિત છે :

ભેંશ આગળ ભાગવત; હીરાની પરીક્ષા ઝવેરી જાણે; મૂડો શું જાણે મજીઠનો ભાવ ? વગેરે

¤

ચીનની એક વ્યાપારી પેઢીએ વિશિષ્ટ પ્રકારની હેલ્મેટ બનાવી છે. એમાં એક નાનકડો પંખો મૂક્યો છે અને એને ચલાવવા 'સોલર સેલ્સ'નો ઉપયોગ કરાય છે. આ હેલ્મેટ અખાતી યુદ્ધ દરમિયાન પશ્ચિમના સૈનિકોમાં અતિ પ્રિય બની હતી.

¤

પપૈયાના ગરનો લેપ ચહેરાની ત્વચાનો વાન સુધારીને તેને નવી જ તાજગી બક્ષે છે.

¤

નવા બૂટને પહેરતાં પહેલાં એને થોડીવાર તડકે મૂકી રાખવાથી તેનું ચામડું કુમાશદાર બને છે, અને ડંખ પડતો નથી.

¤

ઈજિપ્તના એક નગરના ખંડિયેરમાંથી કાંસાનું બનેલું એક વૉશ બેસીન મળી આવ્યું છે. પિરામિડ બાંધનારાઓ એનો ઉપયોગ કરતા હતા. તે ૪૫૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે.

¤

ગણિતગમ્મતનો ઉકેલ : ૫૪૫+૫=૫૫૦

¤

મડાગાસ્કરની આદિવાસી સ્ત્રીઓમાં કેશપ્રસાધનની વિશિષ્ટ રીતિ પ્રચલિત છે. તે સ્ત્રીઓ વાળમાં માટી કે પશુની ચરબી લગાડે છે અને કલાકો કેશપ્રસાધનમાં ગાળે છે. આ પ્રકારે ઓળેલા કેશ જે તે સ્થિતિમાં મહિનાઓ સુધી રહે છે.

હૃદયને પવિત્ર, ઉન્નત અને દૈવી બનાવવાનો એકમાત્ર ઉપાય તે તેજસ્વી ભાવના છે.

કાકા કાલેલકર

¤

બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ફક્ત ૧૦ ટકા ઘરો જ સુરક્ષિત રહ્યાં હતાં. ૧૦ ટકા ઘરો તો સાવ નાશ પામ્યાં હતાં; જ્યારે બાકીનાં ઘરોને વત્તાઓછા પ્રમાણમાં નુકશાન થયું હતું.

¤



કલાકણિકા

હજાર વર્ષ પહેલાં ગ્વાતેમાલાનાં જંગલોમાં વિકસેલી માયા સંસ્કૃતિનો વ્યાપક પ્રસાર હતો. ટિકલ તેની એક મહાન નગરી હતી. ત્યાંની એક પહાડી કબરમાંથી આ મ્હોરું મળી આવેલું છે. ઇ. ૫૨૭ના અરસાના મનાતા અને માથાના પૂરા કદના આ મ્હોરામાં યશબ ઉપર પિરાઈટ અને છીપનું જડતર કરેલું છે. ભારે પોપચાંવાળી આંખો અને આગળ પડતું મોં એ તે કાળની ત્યાંની કલાકૃતિઓની આગવી લાક્ષણિકતા છે. ૧૯૬૩માં એ મળ્યું ત્યારે તો તે ૧૮૪ જેટલા ટુકડાના રૂપમાં હતું, પણ પુરાતત્ત્વવિદોએ તેને જોડીને તેનું અસલ સ્વરૂપ આપ્યું છે.